

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૫૪મું · અંક ૫ મો · મે ૧૯૭૭ · તંત્રી · બચુભાઇ રાવત



સાબરતટની ભેંસો (ફોટો · વ્રજ મિસ્ત્રી)

સળંગ અંક ૬૪૧



જન્મ: ૧૬-૩-૧૮૭૭ **નાનાલાલ દલપતરામ કવિ** અવસાન: ૯-૧-૧૯૪૬

(તૈલચિત્ર: શ્રી રવિશંકર રાવળ)

કુમાર

મે ૧૯૭૭ • અંક ૬૪૧

તંત્રી: બચુભાઈ રાવત ☙ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

તુલસીપર્ણ / ભગવતીકુમાર શર્મા

• મંદાક્રાંતા-સૉનેટ •

'તાંબાલોટા ભરી તુલસીને પાણી પાયું ખરું કે?
જોજે પાછું ભૂલી નવ જતા વ્યર્થ જંજાળ આડે!
રે'શે મારાં તુલલી તરસ્યાં, પાંદડાં ઓસવાશે.
એકે યે ના પરણ ચૂંટજો જીવતું છોડવેથી;
કૂંડામાં જે ખરી-ગરી પડચાં હોય તે માત્ર લેજો;
રાજી રે'શે પ્રભુ, ઝહળશે દીપ સૌભાગ્યનો યે.'
નિત્યે માના મુખથી સ્રવતા શબ્દ ભીના ભરેલા;
વૃન્દા–વિષ્ણુ–પરિણય લિયે કાર્તિકે ધન્યતાથી.

ધ્રૂજે દીવો, અરવ કણુસે ખંડ, લંબાય ઓળા;
મૂગું મૂગું ધસી રહ્યું કશું ભક્ષી લેવા પિતાને
સૂતેલા જે ક્ષીણ થઈ; બધે ડૂસકાં કૈં થીજેલાં.
અર્ધા ખુલ્લા જનકમુખમાં કંપતે હાથ માતા
મૂકે લીલું પરણ તુલસીનું ભીડી હોઠ સૂકા
આયુષ્યે જે ઉર સીંચી ઉછેરેલ તે છોડ કેરું!

ડાયૂવર્ઝન / દેવજી રા. મોઢા

• શિખરિણી-સૉનેટ •

મને ધોરી રસ્તાથી ય વધુ ગમે ડાયૂવરઝન!

મને કો દિ' રસ્તા ઉપર સરવું સીધું ન ગમે
—સરી રૂહે સીધું તો જડ રમકડું ચાવી-ભરિયું,
ન જેને કૈં જોવું, અનુભવવું ના, કે ન સુણવું;
અને મારે તો આ બધું કરવું, કાં કે ન જડ હું!

મને રસ્તા કેરી સીધી સતતતા કો દિ' ન ગમે,
—જહીં ના કૈં છૂપું, અચરજ તણું તત્ત્વ નહિ જ્યાં,
નર્યો રસ્તો સામે, ઉભય ગમ થાંભા વીજળીના
રહે જેને તારે ગૂંચવઈ અરે, મારી નજરો!

ગમે હા, રસ્તાથી ઊતરી હરી રસ્તે ચડી જવું
મને, ને રસ્તાથી સરકી પડવું કોઈ વનમાં
—જહીં ભાળું પ્હાડો વન તરુ ખગો ઘાસ મૃગને
સુણું જ્યાં ઓચિન્તાં અણદીઠ સિંહોનાં ગરજન.

—મને ધોરી સ્રતાથી ય વધુ ગમે ડાયૂવરઝન!

છેવટ કશું નહિ / મનોહર ત્રિવેદી

• ગાન •

પગને છેડે પડછાયો ને પડછાયા પાછળ છેવટ કશું નહિ;
છાતી વચ્ચે ધ્રાસ્કો રે ધ્રાસ્કો કેવળ, છેવટ કશું નહિ.

ડાળી પરથી ગંધ ખરે ને અંતે ખરતું ફૂલ, છેવટ કશું નહિ,
પરથમ બટક્યો ટહુકો સાથે બટક્યું રે ચંડુલ, છેવટ કશું નહિ,
હવે ઝાડવું થીર હવામાં ડુસકાતું સાંભળ, છેવટ કશું નહિ.

હોય કંઠમાં ડૂમો, લોચન ઝરી ગયાં બે આંસુ, છેવટ કશું નહિ,
ત્વચા સમાણા સ્પર્શો ઝરમર વરસ્યા રે ચોમાસું, છેવટ કશું નહિ,
સાવ અવાચક હથેળીએથી વાંચું શી અટકળ? છેવટ કશું નહિ.

માલપરાનાં ખોરડાં: છેવાડે નાનું ઘર, છેવટ કશું નહિ,
ભીંત ઓશરી ફળિયું શેરી ઝૂરે છે પાદર, છેવટ કશું નહિ,
આ અટૂલી ખડકીમાં નીરવ લટકે જો સાંકળ, છેવટ કશું નહિ.

છાતી વચ્ચે ધ્રાસ્કો રે ધ્રાસ્કો કેવળ, છેવટ કશું નહિ,
પગને છેડે પડછાયો ને પડછાયા પાછળ? છેવટ કશું નહિ.

શું વળશે? / ચાતક

• ગઝલ •

ગઇ કાલનો ગમ કર્યાથી શું વળશે?
અને મોત પ્હેલાં મર્યાથી શું વળશે?

થવા કાળ તો થાતું રૂહે છે જ હરદમ,
સમયને પછી કરગર્યાથી શું વળશે?

છે અસ્તિત્વના ઓળા વેળા-કવેળા,
તો પરછાઇઓથી ડર્યાથી શું વળશે?

અહંનો એ હૈયા ઉપર આગળો છે,
એ દ્વારે ટકોરા કર્યાથી શું વળશે?

ઓ ડગલે ને પગલે મજલ માપનારા!
આ ડગ હામ-હીણાં ભર્યાથી શું વળશે?

ન તરસી ઊઠે જામ જોતાં જ, સાકી!
એ હોઠોને પ્યાલો ધર્યાથી શું વળશે?

તમે તો ફકત મન મનાવો છો ચાતક!
સ્વયં જાતને છેતર્યાથી શું વળશે?

કવિલોક

માર્ચ-એપ્રિલ ૧૯૭૭નો અંક પ્રકટ થઈ ગયો છે. હવે પછીનો મે-જૂન અંક નાનાલાલ-શતાબ્દી વિશેષાંક તરીકે બહાર પડશે. તે અંકની છૂટક કિં. રૂ. ૫ + રૂ. ૧ ટ. ખર્ચ. વાર્ષિક લવાજમ રૂ. ૧૨ અને આજીવન સભ્યપદના રૂ. ૧૦૦. C/o કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧

સબસે બડી ચૂપ

બહાદુરશાહ પંડિત

એક વાર ગ્રીક તત્ત્વચિંતક સોક્રેટીસ પાસે આવી એક યુવાને કહ્યું: 'વડીલ, હું આપની પાસે તાલીમ લેવા આવ્યો છું. મારે બોલતાં શીખવું છે. મારે ગ્રીસના સર્વોત્તમ વક્તા બનવું છે. મને એવી વક્તૃત્વકળા શીખવો કે જેથી ઇતિહાસમાં મારું નામ અમર થઈ જાય.' એમ ને એમ એ યુવાને ક્યાંય સુધી બોલ્યા કર્યું. આખરે એ બોલતો અટક્યો એટલે સોક્રેટીસે કહ્યું: 'સારું ભાઈ, હું તને વક્તૃત્વકળા તો શીખવીશ, પણ તારે મને બેવડી ફી આપવી પડશે, અને છ મહિના નહિ પણ બે વર્ષ સુધી તાલીમ લેવી પડશે.'

'કેમ, એવું શાથી? બોલવામાં હું કંઈ સાવ કાચો છું?' યુવાને આશ્ચર્યથી પૂછ્યું.

'બોલવામાં તું કાચો નથી એટલે જ તારે મને બેવડી ફી આપવી પડશે, કારણકે મારે તને બોલતાં શીખવતાં પહેલાં ચૂપ રહેતાં પણ શીખવવું પડશે, અને પહેલા છ મહિના તો તારે ચૂપ રહેવાની જ તાલીમ લેવી પડશે.'

સોક્રેટીસનો આ યુવાન પરનો કટાક્ષ આપણને સૌને લાગુ પડે એવો છે એમ તમને નથી લાગતું? રાતે સૂતાં પહેલાં દિવસભરની પ્રવૃત્તિઓનું અવલોકન કરી જોજો. દિવસ દરમિયાન તમે કેટલું બોલી ગયા એનો વિચાર કરી જુઓ તો તમને લાગશે કે તમે બોલ્યા હતા એનાથી અર્ધું પણ ના બોલ્યા હોત તો તમારા કામને કે કોઈને કંઈ નુકસાન ન: થયું હોત!

બસોમાં, ગાડીઓમાં, ઑફિસોમાં, શાળાઓમાં, જાહેર બગીચાઓમાં લોકોને વાતો કરતા સાંભળશો તો તમને લાગશે કે મોટે ભાગે આપણા લોકોમાં નિરર્થક બોલ્યા કરવાની રાષ્ટ્રીય કુટેવ છે. એનાથી કેટલા બધા લોકો પોતાનાં શક્તિ ને સમય નિરર્થક વેડફી નાખે છે!

મૌનનું આપણાં શાસ્ત્રોમાં ઘણું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. 'મૌનં સર્વાર્થ સાધનમ્' કહીને મૌનને તમામ હેતુઓ સિદ્ધ કરવાનું સાધન ગણવામાં આવ્યું છે. હિન્દીમાં 'સબસે બડી ચૂપ' કહેવત પ્રચલિત છે. ગુજરાતીમાં પણ 'ન બોલ્યામાં નવ ગુણ' કહીને મૂગા રહેવાના ફાયદા ગણાવવામાં આવ્યા છે.

ચૂપ રહેવાની સલાહમાં વ્યાવહારિક ડહાપણ રહેલું. એક અરબી કહેવત મુજબ 'તમારા બોલાએલા શબ્દોના તમે ગુલામ છો, જ્યારે નહિ બોલાએલા શબ્દોના તમે માલિક છો' બહુ બોલનારો છુપાવવા જેવી બાબત ગુપ્ત રાખી શકતો નથી. શાસ્ત્રમાં પણ સ્ત્રીને ગુપ્ત વાત નહિ કહેવાની સલાહ આપવામાં આવી છે, કારણકે સ્ત્રીઓ વધારેપડતી વાચાળ હોય છે. એટલે જ 'બિલાડીના પેટમાં ખીર ટકે તો સ્ત્રીના પેટમાં વાત ટકે' એ કહેવત પડી છે.

બહુ બોલનાર વ્યક્તિ હમેશાં ચર્ચાશોખીન હોય છે. આવી વ્યક્તિઓ મોટે ભાગે વાણીવિલાસમાં જ રચીપચી રહેતી હોય છે. ફ્રેન્ચ ચિંતક ને રાજનીતિજ્ઞ વોલ્તેર તેમની કુશાગ્ર બુદ્ધિ અને સચોટ દલીલશક્તિ માટે ખૂબ જાણીતા હતા. કોઈ વાતને કેમ કાપવી, સાવ ખોટી દલીલો કરીને ચર્ચામાં કેમ જીતવું ને સાચાખોટા શબ્દોથી લોકોને કેમ તંગ કરવા એ બધા પેંતરાઓમાં જ એ પોતાની તીવ્ર બુદ્ધિ અને પ્રચંડ વાક્શક્તિનો ઉપયોગ કર્યા કરતા.

આવા ભડવીરને એક વાર એક સૌમ્ય માણસ ભેટી ગયો. કાર્લાઈલ એનું નામ. દુનિયાની તમામ બાબતો વિષે અનેક ટીકાઓ સાંભળ્યા પછી કાર્લાઇલે વોલ્તેરને માત્ર આટલા જ શબ્દો કહ્યા: 'તમારી પાસે ભાંગવા માટે માત્ર હથોડો જ છે? ચણવા માટેનું લેલું તમે રાખતા જ નથી?'

જગતમાં માણસ જ માત્ર એક એવું પ્રાણી છે કે જેને વાણીનો વ્યવસ્થિત ઉપયોગ કરવાની કુદરતે બક્ષિશ આપી છે. આવી અમૂલ્ય ચીજનો આપણે કેટલો બધો દુર્વ્યય કરીએ છીએ! ખરેખર તો જે ચીજ કીમતી હોય એનો ઉપયોગ કરવામાં કરકસર કરવી જોઇએ. પૈસા વાપરતાં આપણે કેટલા સાવચેત રહીએ છીએ!

એથી તો જગતના તમામ સંતોએ મૌનને મહત્ત્વ આપ્યું છે. ગાંધીજી દર સોમવારે મૌન પાળતા. ઈસુ, બુદ્ધ અને મહાવીર એ તમામ મૌનનો ઉપદેશ આપતા ગયા છે.

અંગ્રેજીમાં Speech is silver but silence is golden કહીને વાણી કરતાં મૌનને વધુ મહત્ત્વ આપ્યું છે. વાણી બંધ થતાં વિચાર શરૂ થાય છે. અને વાસ્તવમાં ઓછું બોલનાર સારું અને સચોટ બોલી શકે છે. એનું કારણ એ છે કે મૌનના મહાસાગરમાં ડૂબકી મારનાર જ વાણીનાં અમૂલ્ય મોતી શોધી શકે છે.

હજારો માણસો વચ્ચે અને ભારે ઘોંઘાટ હોય છતાં વ્યક્તિ ધારે તો મૌનની ગુફામાં બેસીને મનની શાંતિ પ્રાપ્ત કરી શકે છે. મૌનની ગુફામાં બેઠેલો માનવી ઈશ્વરના સાન્નિધ્યનો અદ્ભુત આનંદ મેળવી શકે છે. એથી તો આપણી બધી ધાર્મિક ક્રિયાઓ વખતે મૌન પાળવાનો આદેશ આપવામાં આવ્યો છે ને તપની પહેલી ભૂમિકા મૌન ગણાઈ છે.

મૌન એ સાધન અને સિદ્ધિ બંને છે. આરંભમાં મૌન સાધન હોય છે. કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે મૌન પાળીને સતત કાર્ય કરતા રહેવું જરૂરી થઈ પડે ત્યારે મૌન એ સાધન છે.

પણ ઘણી વાર મૌન પોતે જ મોટી સિદ્ધિ બની જાય છે. પોતાને ગમે તેટલો અન્યાય થયો હોય, ગમે તેવી ટીકા વિના કારણ સહન કરવી પડતી હોય છતાં લોકકલ્યાણાર્થે ચૂપ રહેવું એ સિદ્ધિ છે.


પેલી બાળવાર્તામાં પણ ઓછું બોલનારને થતો ફાયદો કેવી માર્મિક રીતે બતાવી દીધો છે! એક વાર બે મુસાફરો એક જગ્યાએ ભેગા થઈ ગયા. બંનેએ પોતપોતાની પાસેનો નાસ્તો કાઢી ભેગો કર્યો અને ખાવા લાગ્યા. આ બેમાં એક જરા વાતોડિયો હતો અને બીજો હતો ચતુર. ચતુર માણસે પૂછ્યું: 'તમારા બાપા જીવે છે?' 'ના.' પેલાએ કહ્યું: 'એ તો પાંચેક વર્ષ પહેલાં મરી ગયા.'

'શાથી મરી ગએલા?' ચતુરે પૂછ્યું. આના જવાબમાં પેલા વાતોડિયાએ લાંબી વાત શરૂ કરી. ગામમાં ધાડ પડી ને લોકોએ નાસભાગ શરૂ કરી. એના બાપાએ તલવાર શોધી અને એ ધાડપાડુની પાછળ પડ્યા. એમ વાત લાંબી ચાલી. આ દરમ્યાન પેલા ચતુર માણસે ઠીકઠીક પ્રમાણમાં નાસ્તો ઝાપટી લીધો. એકાએક પેલા વાતોડિયાના ધ્યાનમાં આ વાત આવી ગઈ. એને થયું કે હું પણ એના બાપાના મૃત્યુ વિષે પૂછું અને એ વાત કરે એ દરમ્યાન બાકીનો નાસ્તો પૂરો કરું. એણે પૂછ્યું: 'હવે તમે કહો, તમારા બાપા શાથી મૃત્યુ પામેલા?'

'મારા બાપા–' પેલા ચતુરે કહ્યું: '–એક વાર દાતણ કાપવા બાવળિયા પર ચડયાં ત્યાંથી પટ દઇને પડયા અને ટપ દઇને મરી ગયા.' આમ વાત પૂરીને એણે ફરી નાસ્તો કરવાનું શરૂ કરી દીધું!

માત્ર નાસ્તો કરવામાં જ નહિ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે ચૂપ રહી શકે તે જ કંઈક પામી શકે છે. 'કમ ખાઓ અને ગમ ખાઓ' એ લોકવ્યવહારની ડહાપણભરી સલાહમાં પણ ગમ ખાવાનો અર્થ ચૂપ રહેવું એવો જ થાય છે.

સરિતાનાં શાંત જળ જેમ ગહન અને ઊંડાં હોય છે એમ ઓછાબોલા માણસો જ ધીર અને ગંભીર સ્વભાવના હોય છે. એવા માણસો જ જવાબદારીનું ભાન ધરવાતા હોય છે અને મૂગે મોંએ સંસારનો ભાર વહન કરતા હોય છે. મનની શાંતિ અને સ્વસ્થતા માટે મૌન જેવું કોઈ સચોટ ઔષધ નથી. મૌનના મલમથી જ હૃદય પરના ઘા રુઝાવી શકાય છે. □



△ કવિવર ઈ. ૧૯૨૧માં · નીચે : એમની સહી



જેમને એકને જ 'કવિવર' શબ્દથી ઓળખી શકાય તે 'અર્વાચીન યુગના ગુજરાતના પ્રથમ પંક્તિના અને અગ્રગણ્ય' કવિ નાનાલાલનો વિસ્તૃત જીવનપરિચય તો અગાઉ 'કુમાર'માં એક કરતાં વધુ વાર આવી ગયો છે. આ વર્ષ એમના જન્મની શતાબ્દીનું હોઈ એ નિમિત્તે, ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન અનંતરાય રાવળે એમની સાહિત્યપ્રતિભા વિષે લખેલો આલોચનાત્મક લેખ, કવિશ્રીના પુત્ર નટવરલાલ કવિએ તૈયાર કરેલી એમના જીવનની સાલવારી તથા કવિના જીવન-તબક્કાઓની વિવિધ છબિઓવાળી ચિત્રપૂર્તિ આ અંકમાં આપીએ છીએ.

'રસ'અને'પુણ્ય'ના કવિ નાનાલાલ

ગુજરાતી ભાષા અને કવિતા કવિશ્રી નાનાલાલ થકી ઊજળી છે. અર્વાચીન યુગના ગુજરાતના પ્રથમ પંક્તિના એ અગ્રગણ્ય કવિ ગઈ સદીના પ્રતિષ્ઠિત લોકપ્રિય કવિ દલપતરામના ચોથા પુત્ર. જ્ઞાતિએ એ શ્રીમાળી બ્રાહ્મણ. એમનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૮૭૭ના માર્ચની ૧૬મી તારીખે થએલો. નાનપણમાં પોતાના અલ્લડવેળાથી વૃદ્ધ દલપતરામને ચિંતા કરાવનાર તરુણ નાનાલાલ ૧૮૯૩માં, એમના મૅટ્રિકના વર્ષમાં, સુશીલ ધર્મબંધુ કાશીરામ દવેની પ્રેરણાથી અભ્યાસને પાટે ચડ્યા એટલું જ નહિ, પણ પાઠ્ય પુસ્તકોની સાથોસાથ સમકાલીન ગુજરાતી નવસાહિત્ય પણ એમણે વાંચી નાખ્યું. પિતાને કવિ તરીકે મળતા લોકાદરે તરુણ નાનાલાલના અંતરમાં ઉગાડેલી કવિપદની મહેચ્છાને આ સાહિત્યવાચને જલસિંચન કરતાં વિદ્યાર્થી નાનાલાલે પ્રારંભિક છંદોવ્યાયામમાં ખપે એવી કાવ્યરચના આરંભી.

૧૮૯૩માં મૅટ્રિક થઈ, પછીનાં વર્ષોમાં મુંબાઈ, પૂના અને અમદાવાદની કૉલેજોમાં શિક્ષણ લઈ તે ૧૯૦૧માં એમ. એ. થયા. અભ્યાસકાળ દરમ્યાન તેમની કાવ્યસાધના ચાલુ હતી. ૧૮૯૬માં જીવન અને સાહિત્યનો દિશાનિર્ણય થતાં એમાં વેગ પુરાયો. ૧૮૯૭માં 'પ્રેમભક્તિ' ઉપનામથી તેમનું એક કાવ્ય છપાયું અને બીજે વર્ષે ૧૮૯૮માં, નવતર શૈલીથી જેણે ગુજરાતનું ધ્યાન ખેંચ્યું એ 'વસંતોત્સવ' કાવ્ય તેમણે લખ્યું. એમ. એ. થયા ત્યારે કાવ્યોનો છપાવવા જેવો એક સંગ્રહ તેમની પાસે તૈયાર થઈ ગયો હતો.

એમ. એ. થયા પછી નાનાલાલે કૉલેજના અધ્યાપક થવા ઈચ્છેલું, પણ વિધિએ એમને બનાવ્યા રાજકુમારો માટેની બે કૉલેજ-નામધારી શાળાઓના અધ્યાપક : એક સાદરાની સ્કૉટ કૉલેજ, બીજી રાજકોટની રાજકુમાર કૉલેજ. પહેલીમાં તેમણે ૧૯૦૨ થી ૧૯૦૪નો અને બીજીમાં ૧૯૦૪ થી ૧૯૧૭નો સમય વિતાવ્યો. વચમાં બે વર્ષ રાજકોટ રાજ્યના સરન્યાયાધીશ અને નાયબ દીવાનની કામગીરી તેમણે બજાવી.

અભ્યાસકાળમાં આદરેલું સાહિત્યસર્જન એમણે નોકરીકાળનું વ્યવસાયી જીવન પ્રફુલ્લપણે જીવતાં જીવતાં, એક જીવનકાર્ય લેખે ચાલુ રાખ્યું. જોતજોતાંમાં એમની પહેલા દશકાની કાવ્યસાધનાનાં ફળ સમાં 'વસંતોત્સવ' અને 'કેટલાંક કાવ્યો' જેવાં પુસ્તકોએ અને અન્ય કાવ્યોએ એમને 'કાન્ત' જેવા સમકાલીન પ્રતિષ્ઠિત કવિ પાસેથી ૧૯૦૫માં 'ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ' એ પોતાની જ પંક્તિમાં ઉમળકાભર્યો આવકાર અને કવિયશ મેળવી આપ્યો. એથી પ્રોત્સાહિત થઈ એ વિશેષ વેગથી સાહિત્યસર્જન કરવા લાગ્યા. ૧૯૧૭ સુધીમાં તો 'કેટલાંક કાવ્યો' ભાગ ૨, 'ઇન્દુકુમાર' ને 'જયાજયંત' જેવી એમની તે પછીની યશોદાયી કૃતિઓ પ્રગટ થઈ ચૂકી અને ગુજરાતને મોહિની લગાડનાર કવિ એ બની ગયા.

ઈ. ૧૯૧૮માં કવિશ્રી નાનાલાલ સૌરાષ્ટ્રની એજન્સીના શિક્ષણાધિકારી નિમાયા. સ્વમાન જાળવી સ્ફૂર્તિ અને નિષ્ઠાથી એ નોકરી બજાવતાં બજાવતાં, સમાજસેવા અને સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં પણ ઊલટભેર ભાગ લેતા, અને ગાંધીજીને તેમના વનપ્રવેશ વેળા 'ગુજરાતનો તપસ્વી' કાવ્ય દ્વારા સુંદર અંજલિ જાહેરમાં આપનાર એ સ્વદેશવત્સલ કવિ ૧૯૧૯ પછીની પ્રચંડ રાષ્ટ્રજાગૃતિથી અસ્પૃષ્ટ રહે એ અશક્ય હતું. ૧૯૨૦માં લાંબી રજા પર ઊતરી, ફરી પાછા ન જોડાતાં, ૧૯૨૧માં તેમણે એ સારા પગાર અને સત્તાવાળી સરકારી નોકરીનું રાજીનામું મોકલી આપી, અમદાવાદને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું અને ૧૯૪૬ના જાન્યુઆરીની ૯મી તારીખે એમનો દેહ પડ્યો ત્યાં સુધીનું પૂરાં પચીસ વર્ષનું પોતાનું શેષ આયુ એમણે અમદાવાદમાં જ ભગવતી સરસ્વતીની અખંડ આરાધનામાં વિતાવ્યું. એ દરમ્યાન બાહ્ય સંજોગોમાં તથા એમની સ્વમાની પ્રકૃતિએ એમને સક્રિય જાહેર જીવનથી દૂર રાખી એમ-

ના સારસ્વત જીવનકાર્યને જ વફાદાર રાખ્યા. એક બે સારી નોકરીનાં નિમંત્રણ પણ પાછાં ઠેલી, એક વેળા સત્તા અને સમૃદ્ધિ માણી ચૂકેલા કવિએ નિર્ધનતાને ય જે ખુમારી અને સ્વસ્થતાથી હસતે ચહેરે વેઠી લઈ, સાહિત્યસર્જનમાં જ રત રહી, આયુષ્યના છેલ્લા અઠવાડિયા સુધી તે અનવરત ચાલુ રાખ્યું, તે એમના જીવનનું એક ગૌરવવંતુ પ્રકરણ છે. એમનું અમદાવાદનું નિવૃત્ત જીવન આમ સાહિત્યસર્જનનું એક સુદીર્ઘ સત્ર જ બની ગયું હતું. આ ગાળામાં ગુજરાતે પ્રેમથી એમના સુવર્ણ-મણિ-મહોત્સવો ઊજવ્યા હતા.

કવિશ્રીના સાહિત્યસર્જનનો સમગ્ર સમયાવધિ પચાસથી વધુ વર્ષનો. કવિ દલપતરામ ૧૮૯૮માં અવસાન પામતાં એમની ૫૦થી વધુ વર્ષની કાવ્યસેવાનો અન્ત આવ્યો, ત્યારે નાનાલાલનું કાવ્યસર્જન આરંભાઈ ચૂક્યું હતું, જે ચાલ્યું એમના છેલ્લા કાવ્યની તારીખ ૧-૧-૧૯૪૬ સુધી. પિતાપુત્રની આવી સો વર્ષની સાહિત્યસેવા દુનિયાભરના સાહિત્યક્ષેત્રમાં વિરલ કહેવાય. આ પચાસ વર્ષનું કવિશ્રી નાનાલાલનું સાહિત્યસર્જન ઈયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ વિપુલ છે. એમાં છંદોબદ્ધ, ગેય અને અછાંદસ કવિતા છે; કવિતામાં પ્રકારદૃષ્ટિએ બાળકાવ્યો, લગ્નગીતો, રાસ અને ગઝલો જેવી નાની રચનાઓ ઉપરાંત 'નવયૌવના' જેવાં ચિત્રકાવ્યો, 'વસંતોત્સવ' ને 'દ્વારિકાપ્રલય' જેવાં કથાકાવ્યો, 'કુરુક્ષેત્ર' જેવું મહાકાવ્ય, કવિશ્રીના અવસાનથી અધૂરું રહેલું 'હરિસંહિતા' જેવું પુરાણકાવ્ય અને દલપતરામ, ગાંધીજી, પઢિયાર આદિને અપાએલી અર્ધ્યાંજલિઓ છે; 'ઈન્દુકુમાર' થી 'અમરવેલ' સુધીનાં અભિનવ શૈલીનાં ચૌદેક નાટકો છે; 'ઉષા' ને 'સારથિ' જેવી નવલકથાઓ છે; 'પાંખડીઓ'માંની લઘુકથાઓ છે; 'શાકુન્તલ', 'મેઘદૂત', 'ગીતા' આદિના અનુવાદો છે; 'સંસારમંથન', 'ઉદ્‌બોધન' વગેરે જેવા આઠેક વ્યાખ્યાનસંગ્રહો છે; 'સાહિત્યમંથન' જેવું સાહિત્યવિવેચન છે; ચાર પુસ્તકોમાં વહેંચાએલો 'કવીશ્વર દલપતરામ' જેવો માહિતીસમૃદ્ધ વિપુલ ચરિત્રગ્રંથ છે; અને હજુ અપ્રગટ રહેલાં કાવ્યો તથા સંખ્યાબંધ વ્યાખ્યાનલેખો પણ છે.

કવિશ્રી નાનાલાલે આમ અનેક સાહિત્યપ્રકારો પર કલમ ચલાવી છે એ ખરું, પણ એમના સમગ્ર સર્જન ઉપર એમના જે વિશિષ્ટ વ્યક્તિત્વની મુદ્રા અંકિત થએલી દેખાય છે તે તો 'કવિ'ની જ છે. નાનાલાલ પ્રકૃતિએ અને સાહિત્યગુણે સર્વત્ર કવિ જ રહે છે. કવિ તરીકે તેઓ પૂરા 'રોમૅન્ટિક' પ્રકૃતિના, ઉત્કટ કલ્પના–બળવાળા, ભાવનાવિહારી કવિ છે. એમની કલમ એમની પ્રેરણાના જ હાથમાં હોય છે. આત્મભિવ્યક્તિ અને પ્રેરણાનુસરણના તાનમાં વાચકોનો ખયાલ તેઓ નથી રાખતા. એમની પંક્તિએ પંક્તિનો કે પંક્તિઓના શબ્દે શબ્દનો અર્થ કરવા જતાં મૂંઝાવું પડે, કયારેક શબ્દો, એમની મીઠાશ અદ્‌ભુત હોય છતાં અર્થ ને ઔચિત્યની તેમ વ્યાકરણની દૃષ્ટિએ બરાબર ન લાગે,—આવો અનુભવ એમની કૃતિઓનો આ કારણે થાય ખરો. એમની કૃતિઓમાં ભાવનાવિહાર અને મોહક કલ્પનાલીલાને લીધે આવતું મુલાયમ હવાઈ તત્ત્વ વિશેષ હોય છે ને વસ્તુસ્પર્શી મૂર્તતા ઓછી. આ કારણે, વાર્તા નાટક નવલકથા ને મહાકાવ્ય તેમણે લખ્યાં ભલે, પણ તેમાં વસ્તુ, વસ્તુલક્ષી કૃતિ માગે તેવું ન હોતાં પાંખું ને તેની સંકલના ધૂમ્રસેર જેવી હોય છે.

એમનાથી ઊતરતી કક્ષાની કે અલ્પભંડોળ પ્રતિભાવાળા કવિનું આવું સર્જન વિલક્ષણતા સિવાય બીજામાં ભાગ્યે જ ખપે. પણ નાનાલાલ પાસે ઈશ્વરી બક્ષિશ જેવી કવિપ્રતિભા ઘણી અને કક્ષામાં યે ઊંચી. એ પ્રતિભાનો જાદુઈ દંડ જેનેજેને સ્પર્શે છે તેને ઉન્નત અને સુંદર બનાવી મૂકે છે. અન્યને હાથે કયારેક હાસ્યાસ્પદ વાગાડંબર બની જાય તે ડોલનશૈલીમાં પણ એ પ્રતિભા કવિતાને પ્રાણ ધબકાવે છે. 'લલિત' તેમ 'ભવ્ય'નું તો નરસિંહ મહેતા પછી ગુજરાતી કવિતામાં તો અજોડ એવું —કવિતાનાં ઊંચાં શિખરો સર કરી આવતું એમણે કરેલું ગાન એમની આ પ્રતિભાનું જ ફળ.

કવિશ્રી નાનાલાલની કવિ તરીકેની ગુણસંપત્તિમાં સૌથી પ્રથમ ધ્યાન ખેંચશે એમની વાણીનું અપૂર્વ માધુર્ય. નાનાલાલનો કાવ્યગુણ માધુર્ય છે. માધુર્યના આ કવિની આંતર કર્ણેન્દ્રિય શબ્દોનો નાદલય પારખી, ભારતીય આલંકારિકો જેને 'શય્યા' કહે છે તેવી જે મનોહર અનવદ્ય પદરચના કરે છે તે તેના વાણીમાધુર્યની જ મોહિનીથી—અર્થની વાત તો પછી—રસિકોનાં હૃદયોને ડોલાવી મૂકે છે. રસની વાત કરીએ તો શૃંગાર, વીર, ભક્તિ, આદિની નિષ્પત્તિની એમની શક્તિ અને રીત એમની પોતાની જ નિરાળી છે. કાવ્યાંતર્ગત ભાવનાઓ ને વિચારોનું ઉન્નતત્વ ને સૌન્દર્ય પણ કવિ તરીકે એમની વિશિષ્ટ સિદ્ધિ છે. વચમાં ફૂલપાંખડીઓની જેમ અર્થાન્તરન્યાસી સૂક્તિઓ વેરતા જઈને નાનાલાલ એ સીધી રીતે રજૂ નથી કરતા એમ નથી, પણ વિશેષ તો ફૂલમાંથી ફોરતા અદૃશ્ય પરિમલ જેવો અર્થપરિમલ (ધ્વનિ) લહેરાવીને વાચકોનાં હૈયાંને એની મહેકનો સ્પર્શ તે કરાવે છે. વાચ્યાર્થ કરતાં તેના ધ્વનિની અશબ્દ પણ મધુર ગિરા વિશેષ ચમત્કૃતિવાળી હોય એવો અનુભવ એમનાં ઘણાં કાવ્યો કરાવે છે, જે ભારતીય (તેમ પાશ્ચાત્ય પણ) સાહિત્યમીમાંસકોએ બતાવેલા ધોરણે એમને પ્રથમ પંક્તિના કવિ ઠરાવે છે.

કવિશ્રી નાનાલાલે કાવ્યારંભકાળમાં પોતાનું ઉપનામ 'પ્રેમભક્તિ' રાખેલું તે એમના કહેવા મુજબ કવિ નર્મદાશંકરના 'પ્રેમ–શૌર્ય' એ મુદ્રામંત્ર પરથી હશે, પણ વસ્તુતઃ તો કોઈ આંતરસૂઝથી પોતાનામાં વસતા કવિ અને ભક્તને બરાબર ઓળખીને. કવિ તો હોય સદૈવ સૌન્દર્યનો, રસનો ઉપાસક. કવિશ્રીએ જેમ પ્રકૃતિસૌન્દર્યનું અને વસન્તનું મનભર ગાન કર્યું છે,તેમ જીવનની વસંતના–પ્રાણના પ્રફુલ્લનની ઋતુના–સૌન્દર્યરૂપ સ્નેહનું ય ગાન ઉલ્લાસથી જીવનભર ગાયું છે, જે એમના 'પ્રેમભક્તિ' ઉપનામના પૂર્વાર્ધ (પ્રેમ)ને સાર્થ ઠરાવે છે. એમની સ્નેહભાવના પર ટેનિસનની અને ગોવર્ધનરામની, પશ્ચિમની તેમ ભારતની અસર સ્પષ્ટ દેખાય છે. સ્નેહલગ્ન અને તેને માટે જરૂરી સમાજસુધારણા પર કવિએ મૂકેલો ભાર પશ્ચિમની, અને લગ્નસ્નેહ તથા દાંપત્ય પર તેમણે મૂકેલો ભાર ભારતીય દૃષ્ટિની અસર કહેવાય. સ્નેહમાં લગ્ન અને લગ્નસ્નેહ પર કવિએ મૂકેલો ભાર એમની ધાર્મિકતામાંથી પણ આવે છે. દૃઢનિષ્ઠ આસ્તિક જેવી, પ્રભુ અને તેના સર્જન માનવી તથા જગતના મંગલ ઉન્નતિકર ભાવિ ઉપરની એમની ઊંડી શ્રદ્ધા, જીવન અને કલામાં 'પુણ્ય' (એટલે ધર્મ, નીતિ, સદાચાર) માટેનો એમનો આગ્રહ, અને ઇંદ્રિયોના વિલાસ બાદ કરતાં તેમના નિગ્રહ પર એમણે મૂકેલો ભાર, એમની ધાર્મિકતાનાં જ ફળ છે. એ ધાર્મિકતાએ અને પ્રભુશ્રદ્ધાએ જ કવિ પાસે એમના ઉપનામનો ઉત્તરાર્ધ (ભક્તિ) નક્કી કરાવ્યો છે ને તદનુરૂપ ભક્તિગાન કરાવ્યું છે. કવિની આ ધાર્મિકતાનાં પ્રેરક બળોમાં દલપતરામના ઘરના સંસ્કાર તથા કાશીરામ દવેનો સંપર્ક; એટલેકે પરોક્ષરીતે સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મસંસ્કાર, તેમજ બી.એ.ની પદવી માટે તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્રના અભ્યાસ વેળા કવિએ કરેલું માર્ટિનોનું વાચન, ટેનિસનની કવિતા અને પ્રાર્થનાસમાજની પણ અસર એટલાં ગણાવાય.

કવિશ્રી નાનાલાલનાં દૃષ્ટિઘડતર અને જીવનવિકાસ ઉપર અંગ્રેજી કેળવણીની, દેશમાં તેમ ગુજરાતમાં શરૂ થએલા નવયુગનાં બળોની, અને પંડિતયુગમાં થવા માંડેલા આત્મભાનની, એટલે કે ભારતીય સંસ્કૃતિનાં પાયારૂપ જીવનમૂલ્યો અને સિદ્ધાંતોની ખરી પિછાનની અસર છે. આવા વાતાવરણમાં દેશભક્તિના ચડવા માંડેલા જુવાળની છોળે નાનાલાલને ખરા સ્વદેશભક્ત બનાવ્યા છે. પરંતુ એમની સ્વદેશભક્તિ સામાન્ય ભારતવાસીની કે રાજદ્વારી પુરુષની નહિ પણ એક મર્મજ્ઞ કવિની સ્વદેશભક્તિ છે, ભારતના સ્થૂલ દેહની નહિ પણ એના આત્માના સૌન્દર્યરૂપ એની સંસ્કૃતિની ભક્તિ છે. ભારતીય સંસ્કૃતિએ દેહ કરતાં

આત્માને, પ્રેય કરતાં શ્રેયને, જગત કરતાં ઈશ્વરને, સ્વાર્થ કરતાં મેળ ને સમન્વયને વધુ મહત્ત્વ આપ્યું છે. આ ભૂમિનો આવો ભવ્ય સંસ્કાર-વારસો આત્મસાત્ કરી કવિશ્રી નાનાલાલે તેનો જ ઉદ્‌ઘોષ નવી અને કવિની વાણીમાં કર્યા કીધો છે. રવીન્દ્રનાથની એવી સેવા જેવી જ ગુજ-રાતના આ કવિની આ સેવા ગણાય.

'રસકલામાં હું ધર્મકલા ગૂંથીશ' એમ 'ઈન્દુકુમાર'ની જોગણને મુખે બોલાવતા ને સીધા ઉદ્‌ઘોષથી 'પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી' એમ રસિકોને ચેતવણી આપતા કવિશ્રી નાનાલાલની રસપૂજા અ-ભ્યાસકાળમાં કરેલા ગઈ સદીના રોમૅન્ટિક સંપ્રદાયના અંગ્રેજ કવિઓની કવિતાના પરિશીલને તેમજ સ્વભાવે ઘડેલા સૌન્દર્યરસિયા કૌતુકપ્રિય કવિની છે, તો એમના 'ધર્મકલા' અને 'પુણ્યની પાળ'ના પ્રેમ પાછળ એક નીતિપ્રેમી સ્વસંસ્કૃતિભક્ત આસ્તિક ઊભો છે. એમના સમગ્ર સાહિત્યસર્જનની રસસામગ્રી તથા વાઙ્‌મયી અભિવ્યક્તિમાં જેમ 'રોમૅ-ન્ટિક'-કૌતુકપ્રિય કવિની સ્પષ્ટ છાપ ઊઠે છે, તેમ એમના જીવનદર્શન અને તેનાથી પ્રેરિત કવિસંદેશમાં 'ક્લાસિકલ'—પ્રશિષ્ટ પ્રકૃતિનો કવિ બોલતો જણાય છે. નીતિનિયમો અને સંયમ-સદાચાર માટેનો એમનો આદર અને પરમાત્મા તથા તેના તંત્રમાં પરંપરાપ્રાપ્ત શ્રદ્ધા, એ સ્વસ્થ કે શિષ્ટ (ક્લાસિકલ) વૃત્તિ કે દૃષ્ટિનાં જ લક્ષણો છે.

આવા ધર્મશ્રદ્ધાવાન કવિ 'કલાપી' અને ધર્માન્તર પહેલાંના 'કાન્ત' જેવા વિષાદકવિ કે હાર્ડી જેવા નિરાશાવાદી કવિ બની જ ન શકે. નાનાલાલ ઉલ્લાસના અને આનંદના કવિ બન્યા છે. વસન્તના કવિ એ બન્યા છે તે પણ આથી જ. વસન્ત જેનું પ્રતીક છે તે પ્રજાપ્રાણના નવ-સંજીવન અને નવપ્રફુલ્લન પ્રજાની આંતરચેતનામાં ઉલ્લાસ ભરવાનું 'મિશન' લઇને પણ તે બેઠા છે. એની પાછળ એમની કાવ્યભાવના અને કવિધર્મની એમની સમજ કામ કરે છે. કવિનો ધર્મ પ્રજાના પ્રાણને ફોળાવવાનો, એને 'જીવ્યું મીઠું લાગે' એવું ગાવાનો, પ્રજાનું સુખ બની તેનાં હર્ષ-શોક આશા-અભિલાષ, મહત્ત્વાકાંક્ષા અને પુરુષાર્થને ગાવાનો, પ્રજાનાં મન-હૃદયના ધન્વન્તરિ બનવાનો, 'સ્વર્ગના સંદેશ જેવાં કલ્યા-ણકારી સ્તોત્રો' સંભળાવી પ્રજાની કલ્યાણયાત્રામાં તેના રાહબર બન-વાનો નાનાલાલ સમજ્યા છે.

આગળ નિર્દેશ્યું છે તેમ કવિશ્રીએ કલમ ચલાવી છે ઘણા સાહિત્ય-પ્રકારો પર, અને લખ્યું છે ય ઘણું; પણ એમની નિત્યસ્મરણીય સિદ્ધિ કે ગુજરાતી સાહિત્યને મૂલ્યવંતું પ્રદાન તો ગણાશે એમનાં ઊર્મિગીતો, —જેને બહેનો વડે તે રાસ તરીકે ગાઈ શકવાની સગવડને લીધે કવિશ્રી 'રાસ' નામથી ઓળખાવે છે. નરસિંહ, મીરાં, દયારામ, 'પ્રેમસખી' આદિ જૂના કવિઓનાં પદો લોકગીતો, રાસડા તથા સમકાલીન ગુજરાતી રંગ-ભૂમિ પર ભજવાતાં નાટકોમાંના લોકપ્રિય ગરબાના ઢાળોનો, કવચિત્ તેમની ધ્રુવપદ જેવી પ્રથમ પંક્તિઓ પણ એમ ને એમ ઊંચકી લઈને, સુંદર ઉપયોગ એમાં કરી તેમાં નવા ભાવો કવિશ્રીએ ભર્યા છે. ભાવની કુમાશ, ભાષાનું કર્ણમધુર ગેયતાપોષક લાલિત્ય, અલ્પવિસ્તારને લીધે સધાતી ઊર્મિની એકાગ્રતા અને રસની સઘનતા, લલિત અને ભવ્ય ઉભય પ્રતિની મોહક કલ્પનાનો વિલાસ, તળ ગુજરાતી સંગીતની મીઠાશ, મહીંથી સ્ફુરતી મીઠી વ્યંજના, અને આવી નાજુક રચનાઓમાં પણ માનવીના સનાતન સ્થાયી ભાવો તથા મોટા જીવનપ્રશ્નોને કરેલો કાવ્યસ્પર્શ, કવિશ્રી નાનાલાલનાં ઘણાં ગીતોને ગુજરાતી ભાષાની ઉત્તમ ગીત-સમૃદ્ધિ ઠરાવે છે. કવિશ્રીએ બીજું કશું લખ્યું ન હોત તો યે એમની ગીતસિદ્ધિએ એમને સમર્થ કવિ સિદ્ધ કર્યા હોત. એમની પ્રતિભા વિ-શેષતઃ ઊર્મિગીતના કવિની છે. એમણે 'કુરુક્ષેત્ર' ને 'હરિસંહિતા' જેવાં વિસ્તારી મહાકાવ્યો લખ્યાં છે છતાં તેઓ ઊર્મિગીતોના જેટલા સફળ કવિ મહાકાવ્યોના નથી. અને એમ છતાં પણ 'મહાકવિ' એટલે સમર્થ કવિ, સાચા કવિ, તો તે અવશ્ય છે જ.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૭૬

મૂત્રમાર્ગના રોગો

મૂત્રપ્રવૃત્તિ એ એક અગત્યની શારીરિક ક્રિયા છે. એકાદ દિવસ મળપ્રવૃત્તિ ન થાય તો બહુ ચિંતા નહિ, પણ જો એક વખતની મૂત્રપ્રવૃત્તિ રોકાઈ જાય તો ચિકિત્સકનું શરણું શોધવું પડે. મૂત્રપ્રવૃત્તિમાં મૂત્રપિંડ, મૂત્રાશય અને મૂત્રેન્દ્રિય મુખ્ય અંગો છે. સામાન્ય મૂત્રપ્રવૃત્તિ કરતાં જો કોઈ અડચણ આવે તો તેમાં પેશાબ પીળો થાય, પેશાબ કરતાં બળતરા કે દુખાવો થાય, પેશાબ અટકીઅટકીને આવે, ઓછો આવે યા વારંવાર આવે, બહુ વધુ આવે યા ડહોળો આવે. મૂત્રમાર્ગના રોગમાં આમાંનું એક કે વધુ લક્ષણો થતાં જોવા મળે છે.

સામાન્ય સંજોગોમાં બેએક દિવસ નીચે દર્શાવેલાં ઔષધો-નો ઉપયોગ કરવો. તેથી તેમાં લાભ થવો જ જોઈએ. પણ જો તેમ ન બને તો રોગની ગંભીરતા સમજી ચિકિત્સક પાસે સાર-વાર કરાવવી.

ગળો, ગોખરુ અને ઠળિયા વગરનાં આમળાંનું સમભાગે કરેલું મિશ્રણ—એટલે કે રસાયન ચૂર્ણ—પેશાબનાં ઉપર કહ્યાં એ લક્ષણો ધરાવતા મૂત્રરોગમાં લાભ કરે છે. ત્રણ ત્રણ ગ્રામની માત્રામાં ત્રણ વાર તેનું પાણી સાથે સેવન કરવું. બીજું ઔષધ છે ચંદ્રપ્રભાવટી. શિલાજીતયુક્ત ચંદ્રપ્રભાવટીની બે-બે ગોળી ત્રણ વાર પાણી સાથે ગળવાથી લાભ થાય છે.

પેશાબ રોકાઈ ગયો હોય તો પેટ ઉપર કાળી માટીનો લેપ કરવો. રબરની કૅથેટરને તેલથી સ્નિગ્ધ કરી મૂત્રેન્દ્રિયમાં પસાર કરીને પણ પેશાબ કરાવાય છે.

જો લૅબોરેટરીમાં મૂત્ર-પરીક્ષણ કરાવવાથી રક્તકણો કે પરુ જોવામાં આવે તો ચિકિત્સકનું માર્ગદર્શન લેવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કવિશ્રીના સાહિત્યમાં અભિવ્યક્તિ અને રસસામગ્રીમાં કૌતુકપ્રિયતા અને નવીનતા છે, તેમ વક્તવ્ય ને જીવનદૃષ્ટિમાં સૌષ્ઠવપ્રિય પ્રણાલિકાનુ-સરણ છે; સુભગ અને મધુર સૂત્રાત્મક ઉક્તિલાઘવ છે તો શબ્દાળુતા ને પ્રસ્તાર પણ છે; લાલિત્ય છે તેમ ભવ્યતા ય છે ને ભવ્યતાનો આડંબર પણ છે, ભવ્યતા સાથે સાધારણતા પણ છે; શિષ્ટ ને સંસ્કારી કાવ્યોચિત વાણી છે તેમ તળપદા શબ્દો પણ છે; નિયમબદ્ધ સુંદર પદ્યરચના છે તો પિંગળના નિયમોમાં લીધેલી અસુભગ છૂટો છે અને નહિ ગદ્ય ને નહિ પદ્ય એવું અછાંદસ કાવ્યવાહન પણ છે; નિર્વ્યાજ, સરલતા છે ને આડંબર પણ છે; નવસર્જનની તાઝગી છે ને શૈલીદાસ્ય પણ છે: આમ એમનું વિપુલ સર્જન એમાં પરસ્પર વિરોધી ય ઘણું દેખાડે છે. શબ્દમોહ, આડંબર, અવિશદતા, અતિપ્રગલ્ભતા જેવા દોષો પણ તે કયારેક દેખાડે છે. પણ આ બધું એમના મસ્તવેગી કવિતાપૂર કે કવિવૈભવનું પરિણામ છે. એમના ગુણો અને દોષો રોમૅન્ટિક કાવ્યોદ્રેકવાળા કવિના ગુણો અને દોષો છે. એમનું ગુણપાસું એમના દોષો કરતાં કયાં ય ચડી જાય તેવું છે; એથી એમના દોષો તે સમર્થના દોષો તરીકે ક્ષમ્ય કોટિના ઠરે છે. એમની કવિતાને ગમે તેવી આકરી કસોટીએ કસ્યા પછી એમની કવિ-પ્રતિભાનો તો નિઃસંકોચ સ્વીકાર કરવો જ પડવાનો. કવિતાનાં ઊંચાં શિખરોને સ્પર્શી આવનારી રચનાઓ જેમના કાવ્યરાશિમાંથી અનલ્પ સંખ્યામાં મળે એવા છેલ્લાં સો વર્ષના અર્વાચીન યુગના ગુજરાતી કવિ-ઓમાં એમનું નામ મોખરે મુકાશે. —અનંતરાય મ. રાવળ

(સાહિત્ય અકાદમી વતી વૉરા ઍન્ડ કંપની તરફથી પ્રકાશિત 'નાનાલાલ મધુકોશ'માંથી. તેમના સૌજન્યથી)

જમ્બુક દેવની મૂર્તિ

ડિટેક્ટિવ ફેલુદાનું એક નવું શોધસાહસ
મૂળ લેખક · સત્યજિત રાય

અનુવાદક · સુકન્યા ઝવેરી

સાંજના છ ને પાંચ મિનિટે અમે પ્રતુલદત્તના બંગલાના ઝાંપા સામે ટૅક્સીમાંથી ઊતર્યા. હું શરત મારીને કહું છું કે મારા સગા બાપા પણ અમને ઓળખી ન શકત. ફેલુદા બન્યા હતા સાઠ વર્ષના વૃદ્ધ. કાળી-ધોળી લટકતી મૂછ, આંખો પર જાડા કાચનાં ચશ્માં, કાળો બંધ ગળાનો કોટ, ઘૂંટી સુધીનું ધોતિયું, મોજાં પર બાટાનાં બ્રાઉન કેડ્સ બુટ. અર્ધો કલાક સુધી ઓરડાનાં બારણાં બંધ કરી મેક-અપ કરી બહાર આવી બોલ્યો : 'તારે માટે બિત્રણ વસ્તુ રાખી છે—ઝટ દઈ ને પહેરી લે.' હું આશ્ચર્ય પામી બોલ્યો : 'મારે ય મેક અપ કરવો પડશે ?' 'ચોક્કસ !'

બે મિનિટમાં મારા માથા પર ખોટા વાળની વિગ અને નાક પર ચશ્માં લાગી ગયાં. અને મારી સાફ ટીશીને ફેલુદાએ કાળી પેન્સિલ વડે થોડાંક થોભિયાંમાં બદલી નાખી. પછી બોલ્યો : 'તું મારો ભાણેજ, તારું નામ સુબોધ—એટલે કે શાંત, શિષ્ટ સીધો સાદો ભોળોભાલો. ત્યાં મોં ખોલ્યું તો પછી ઘેર આવીને વાત છે તારી...એવી પડશેને !'

પ્રતુલબાબુના ઘરના રંગરોગાનનું કામ લગભગ પૂરું થવા આવ્યું હતું. મકાનની બાંધણી જોઈ લાગે કે પચીસ ત્રીસ વર્ષ જૂનું હશે. પણ નવો રંગ લાગવાથી બારીબારણાં, દીવાલ બધું જ ઝગારા મારતું હતું.

ઝાંપામાં દાખલ થતાં જ જોયું કે બહાર ખુલ્લા બારામદામાં એક નેતરની ખુરશી પર મધ્યમ વયના સજ્જન બેઠા હતા. અમને અંદર આગળ વધતા જોઈ ને પણ એ સજ્જન ખુરશી પરથી ઊઠયા નહિ. સંધ્યાના આછા અંધકારમાં પણ નજરે પડયું કે તેમનું મોં ખાસ્સું ગંભીર હતું. ફેલુદાએ બે હાથ જોડી માથું નમાવી નમસ્કાર કર્યા અને પોતાના નવતર બુઢ્ઢા બારીક અવાજે બોલ્યો : 'માફ કરજો, આપ જ પ્રતુલ બાબુ કે ?' સજ્જન ગંભીર સ્વરે બોલ્યા : 'હા'

'જી, મારું નામ જયનારાયણ બાગચી. મેં જ આપને આજ બપોરે ફોન કર્યો હતો. આ મારો ભાણેજ સુબોધ.'

'વળી ભાણેજને ય લાવ્યા ? એનું નામ તો ફોનમાં નહોતુ લીધું !'

મારા માથા પરના ખોટાવાળમાં ખજવાળ થવા માંડી. ફેલુદા અવાજ ખૂબ જ નરમ કરી બોલ્યો : 'જી એ ચિત્રકામ શીખે છે તેથી...' સજ્જન ખુરશી પરથી ઊભા થયા.

'તમે મારી ચીજવસ્તુઓ જોવા ઈચ્છો છો એ માટે મને કંઈ વાંધો નથી; પણ બધું ઊંચે મૂકેલુ ઉતારવું પડશે, એ હેરફેર જ મોટી મુસીબત થઈ છે. એક તો રાતદિવસ રંગારી મિસ્ત્રીની ધમાલ: 'આ હટાવો આ ઢાંકો...' ચારેકોર તાજો રંગ; ને એની વાસ પણ સહેવાતી નથી. આ બધી ધમાલ પતે તો જાન છૂટે. આવો અંદર...'

માણસ તો જોવો ય નહોતો ગમ્યો, પણ અંદરની ચીજ-વસ્તુ જોઇને તો આંખો જ ફાટી ગઈ. ફેલુદા બોલ્યો : 'તમારી પાસે તો મિસર દેશની મૂર્તિકળાના અનેક અદ્‌ભુત સુંદર નમૂના જોઉં છું ને !'

'હા, એ તો છે. કેટલીક વસ્તુ કૈરોમાંથી ખરીદી છે, કેટલીક અહીંના ઑક્શનમાંથી.'

'જો બાપુ, સુબોધ, સારી રીતે જોઈ લે. ફેલુદાએ મારી પીઠ પર ચીમટી ખણીને વસ્તુઓ ભણી ધકેલી દીધો : 'કેટલી જાતનાં દેવદેવી છે—જો ! આ બાજ પક્ષી છે ને એ પણ દેવતા; આ ઘુવડ—એ ય દેવતા. મિસર દેશમાં કેટલી વસ્તુની પૂજા થતી હતી જોઈ લે.'

પ્રતુલ બાબુ એક સોફા પર બેઠા અને ચિરૂટ સળગાવી. અચાનક મને શો ય વિચાર આવ્યો અને હું બોલી ઊઠયો : 'શિયાળ દેવતા નથી, મોટા મામા ?' સવાલ સાંભળતાં જ અચાનક જાણે પ્રતુલ બાબુને હેડકી આવી. બોલ્યા : 'ચિરૂટની ક્વૉલિટી લો થઈ ગઈ છે. પહેલાં આટલી કડક નહોતી આવતી.'

ફેલુદા એવા જ બારીક અવાજે બોલ્યો : 'હં...હં...મારો ભાણેજ આનુવિસની વાત કરે છે. કાલે જ હું એને કહેતો હતો ને ! પ્રતુલ બાબુ અચાનક બોલી ઊઠયા : 'હં સ્ટુપિડ ફૂલ !'

'જી ?' ફેલુદા આંખો ગોળ ગોળ કરી પ્રતુલબાબુ ભણી જોવા માંડયો : 'આપ આનુવિસને મૂર્ખ કહો છો ?'

'આનુવિસને નહિ. તે દિવસે લીલામમાં–એ માણસને પહેલાં ય જોયો છે મેં–હી ઈઝ અ ફૂલ ! એની બિડિંગનું કંઈ મોંમાથું જ નથી. એક મસ્ત સુંદર મૂર્તિ હતી. એવી ઍબ્સર્ડ એની કિંમત બોલ્યો કે પછી એ પર કંઈ બોલી જ ન શકાય. એટલા રૂપિયા એ કયાંથી લાવે છે, કોણ જાણે !'

ફેલુદા ચારે કોર એક વાર નજર ફેરવી લઈ, સજ્જનને નમસ્કાર કરી બોલ્યો : 'ખૂબ જ મહેરબાની આપની. આપ ખૂબ જ સારા માણસ છો. આપનો સંગ્રહ જોઈ ખૂબ જ આનંદ થયો.'

આ બધી વસ્તુઓ ઉપરના મજલે હતી. અમે નીચે ઊતરવા માંડયા. દાદર પરથી ઊતરતાં ફેલુદા બોલ્યો : 'ઘરમાં બીજું કોઈ નથી ?'

'પત્ની છે. દીકરો પરદેશ છે.'

પ્રતુલ દત્તને ઘેરથી બહાર નીકળી ટૅક્સી માટે ચાલતાં ચાલતાં જોયું કે લત્તો ખૂબ જ નિર્જન. સાતે ય વાગ્યા નહોતા ત્યાં રસ્તા પર માણસની મુદ્દલે અવરજવર બંધ. બે ભિખારી છોકરા શ્યામા સંગીત ગાતાગાતા સામેથી આવતા હતા. જરાક પાસે આવ્યા ત્યારે ખબર પડી કે એક જણ ગાતો હતો અને એક વગાડતો હતો. છોકરો ખૂબ જ સુંદર ગાતો હતો. ફેલુદાએ પણ એમાં સાથ પુરાવ્યો :

બોલો મા તારા મારે ઊભવું ક્યાં
મારું કોઈ નહિ શંકરી વિના અહીંયાં

બાલીગંજ સર્ક્યુલર રોડ પર થોડા આગળ વધ્યા ત્યારે સામેથી ખાલી ટૅક્સી આવતી દેખાઈ, એટલે ઊભી રાખી અમે અંદર પેઠા.

બીજે દિવસે સવારમાં ટેલિફોન બજી ઊઠયો. ફોન ફેલુદાએ જ લીધો. કોનો ફોન છે પૂછતાં કહ્યું કે નીલમણિબાબુએ ફોન કર્યો હતો. એક ખબર દેવા માટે. પ્રતુલબાબુને ઘેર પણ કાલે રાતના ચોરી થઈ હતી, અને એ ખબર છાપામાં પણ આવ્યા છે. પૈસા ટકા કશું જ ગયું નથી; ચોરાયા હતા કેવળ પ્રાચીન મૂર્તિ કલાના કેટલાક બેમૂલ નમૂના—આઠદસ નાનીનાની વસ્તુઓ. બધી વસ્તુ મળીને કિંમત વીસ-પચીસ હજાર રૂપિયાથી ઓછી નહિ હોય. પોલીસે તપાસ પણ ચાલુ કરી દીધી હતી.

પ્રતુલબાબુને ઘેર સવારના પહોરમાં જ પોલીસ નજરે પડે ને તે પાછો ફેલુદાનો ઓળખીતો નીકળી પડે એમાં કંઈ નવાઈ નહોતી. અમે જ્યારે પહોંચ્યા ત્યારે સવા સાત વાગ્યા હતા. આજે કંઈ મેક-અપ કર્યો નહોતો ને જોયું કે ફેલુદા પોતાનો જાપાનીઝ કૅમેરા લેવાનું ભૂલ્યો નહોતો.

હજુ અમે દરવાજામાં દાખલ થયા જ હોઈશું ત્યાં એક જણ હસતે મોઢે, જાડાં ચશ્માં પહેરેલો—લાગતું હતું કોઈ ઈન્સ્પેકટર બિન્સ્પેકટર હશે—ફેલુદાને જોઇને સામો આવ્યો, અને પીઠ પર ધબ્બો મારી બોલ્યો : 'કેમ ફેલુ માસ્ટર ! ગંધ આવી ગઈ એટલી વારમાં ?'

ફેલુદા ખૂબ જ નમ્રતાથી હસીને બોલ્યો : 'શું કરવું, બોલો ? અમારું તો આ જ કામ ?' પેલો કહે : 'કામ શાનું ? કામ તો અમારા લોકોનું. તમારો તો શૉખ કહો, શૉખ ! કેમ બરાબરને ?'

ફેલુદાએ એનો જવાબ ન દેતાં સામું જ પૂછયું: 'કેમ કંઈ ભાળ મળી? બર્ગલરી કેસ?' જવાબ મળ્યો: 'નહિ તો શું? પણ જો કે એ મહાશય ખૂબ જ અપસેટ છે. ખાલી માથું કૂટે છે ને કહે છે કાલે એક બુઢ્ઢો એક છોકરો સાથે લઈ આવ્યો હતો અને બધી વસ્તુઓ જોઈ ગયો હતો. એમની ધારણા છે કે એ બે જણ જ છે આ બર્ગલરી પાછળ.'

સાંભળીને મારું તો ગળું જ સુકાઈ ગયું. ખરેખર ક્યારેક ક્યારેક ફેલુદા ખૂબ જ બેપરવાઈભર્યું કામ કરી બેસે છે. પણ ફેલુદા તો જરા યે ગભરાયા વિના બોલ્યો: 'તો પછી એ બુઢ્ઢાને જ શોધી કાઢો કે ચોર પકડાઈ ગયો. આ તો સાવ સહેલો ને સટ કેસ છે.'

બેવડા બાંધાનો કદાવર પોલીસ બોલ્યો: 'સાચી વાત—એકદમ શુદ્ધ નવલકથાના-ડિટેકટિવ જેવી વાત બોલ્યા તમે—વાહ!'

સજ્જનની પરમિશન લઇને અમે બંગલા ભણી આગળ વધ્યા. પ્રતુલબાબુ આજે પણ બારામદામાં જ બેઠા હતા. અને તેઓ એટલા અન્યમનસ્ક હતા કે અમને જોયા ખરા પણ અમે એમને દેખાયા નહિ.

'કયા ઓરડામાં ચોરી થઈ એ જોવું છે?' મોટા જાડા પોલીસે જ પૂછયું. 'ચાલો તો.'

કાલે સાંજના ઉપલા મજલાના જે ઓરડામાં ગયા હતા, આજે પણ એ જ ઓરડામાં ગયા. બીજી કશી યે વસ્તુ પર નજર ન નાખતાં ફેલુદા સીધો ઓરડાની દક્ષિણ બાજુની બાલ્કની તરફ જઈને ઊભો રહ્યો અને બાલ્કનીમાંથી વાંકો વળીને નીચે જોઈ બોલ્યો: 'હં, પાઈપ પરથી ચડીને સહેલાઈથી ઉપર આવી શકાય, નહિ?' જાડો પોલીસ બોલ્યો: 'તે તો આવી જ શકાય. અને મુસીબત વળી એ છે કે બારણાને રંગ દીધો હતો તેથી બે દિવસથી બંધ પણ કરી શકયા નહોતા.'

'બરાબર કેટલા વાગ્યે ચોરી થઈ?' 'રાતના પોણા દસે.'

'કોને ખબર પડી પહેલાં?'

'એમનો એક જૂનો નોકર છે. એ પેલી બાજુના ઓરડામાં પથારી કરતો હતો. જરાક અવાજ સંભળાયો એટલે જોવા આવ્યો. ઘરમાં ત્યારે અંધારુંઘોર. બત્તી પેટાવે તે પહેલાં જ એક જોરનો ધુમ્બો ખાઈ ને લગભગ બેહોશ જેવો બની ગયો. એ તક મળતાં જ ચોર મહાશય ગાયબ!'

ફેલુદાના કપાળ પર, એ જ એની જાણીતી ટેવ પ્રમાણે ભ્રૂકુટિ ચડી ગઈ. એ બોલ્યો: 'એક વાર નોકર સાથે વાત કરું?'

નોકરનું નામ વંશલોચન. જોયું કે ધુમ્બો ખાધો હતો એનું અત્યારે ય દર્દ હતું—અને ડર પણ. બેમાંથી એકે ય ગયું નહોતું. ફેલુદાએ પૂછયું: 'કયાં દુખે છે?' નોકર ઊં ઊં કરતાં ધીમે અવાજે જવાબ દીધો: 'પેડુમાં!'

'પેડુમાં? ધુમ્બો પેડુમાં માર્યો હતો?'

'અરે શું એના હાથનું જોર! ...બાપ રે બાપ!...મને લાગ્યું જાણે કોઇએ પેટમાં પથ્થર ન માર્યો હોય! અને પછી ચક્કર ખાઇને હેઠો... બધું જ અંધારુંઘોર.'

'અવાજ ક્યારે સાંભળ્યો? ત્યારે તું શું કરતો હતો?'

'ટાઈમ તો જોયો નહોતો, બાબુજી. હું ત્યારે માજીના ઓરડામાં પથારી પાથરતો હતો. બે છોકરા આવીને કીર્તન ગાતા હતા તે સાંભળતો હતો. અને માજી હતાં પૂજાના ઓરડામાં. કહે કે છોકરાને પૈસા આપી આવ. હું જાઉં જાઉં કરતો હતો એવામાં શેઠના ઓરડામાં કૈં વસ્તુ પડી હોય એવો અવાજ સંભળાયો. મને થયું કે કોઈ ઘરમાં નથી તો પછી ચીજવસ્તુ પડી શી રીતે? તે જોવા ગયો—અને ઓરડામાં પેસતાં જ...'

વંશલોચન વધુ કશું જ કહી ન શક્યો. બધું સાંભળી લાગ્યું કે અમારા ગયા પછી એકાદ બે કલાકમાં જ ચોર આવ્યો હતો. મને એમ કે ફેલુદા વખતે કંઈક પૂછશે...પણ છેક સુધી એ કંઈ જ બોલ્યો નહિ. એ જાડા પોલીસનો આભાર માની અમે મકાનમાંથી બહાર નીકળ્યા.

બહાર રસ્તા પર આવતાં જ ફેલુદાનું મોં એકદમ બદલાઈ ગયું. ચહેરાનું એ રૂપ હું જાણું છું. ફેલુદા, લાગે છે કે; શું કરવું એ વિષે કંઈક સમજી ગયો હતો. અને એ સમજ પણ આગળ વધતાં રહસ્યના ઉકેલ પર પહોંચી જશે—રહસ્ય-સ્ફોટ કરી શકશે.

પડખેથી ખાલી ટૅક્સી નીકળી, પણ ફેલુદાએ રોકી નહિ. અમે બંને જણા ચાલવા માંડયા. ફેલુદાની દેખાદેખી હું પણ વિચાર કરવાનો પ્રયત્ન કરતો હતો. પણ તેમાં કંઈ ખાસ આગળ ન વધી શક્યો.

થોડી વાર ચાલ્યા પછી જોયું તો અમે નીલમણિબાબુના ઘરને ફરતી દીવાલ પાસે આવી પહોંચ્યા હતા. ફેલુદાએ વંડીને ડાબી બાજુ રાખી ધીરે ધીરે ચાલવા માંડયું.

થોડે આગળ ગયા કે દીવાલ ડાબી તરફ વળી જતી હતી. અને સાથે-સાથે અમે પણ વળ્યા. એ તરફ રસ્તો નહોતો. ઘાસ પર થઇને ચાલવું પડે. વળાંક વળીને અઢાર કે ઓગણીસ ડગલાં ચાલ્યા હોઈશું કે ફેલુદા અચાનક ઊભો રહી ગયો, ને દીવાલના એક ભાગ તરફ ધ્યાનપૂર્વક જોવા માંડયો. એ પછી એ જગ્યાની ખૂબ પાસે જઈ એણે એક ફોટો પાડયો. મેં જોયું કે ત્યાં એક બ્રાઉન રંગની હથેળીની છાપ પડેલી હતી. પૂરો હાથ નહિ—બે આંગળાં અને હથેળીનો થોડો ભાગ—પણ તેના પરથી જ વર્તાતું હતું કે એ કોઈ નાના છોકરના હાથની છાપ હતી.

એ પછી અમે જે રસ્તે આવ્યા હતા એ રસ્તે પાછા ફરી દરવાજામાંથી અંદર દાખલ થઈ સીધા એકદમ બંગલા તરફ ચાલ્યા.

સંદેશો મોકલતાં જ નીલમણિબાબુ ખૂબ આકળા થઇને નીચે ઊતરી આવ્યા અમે ત્રણે જણ બેઠકખંડમાં જઇને બેઠા કે તરત જ નીલમણિબાબુ બોલ્યા: 'તમે સાંભળીને શું ધારશો એ તો પ્રભુ જાણે, પણ મારું મન તો આજકાલ કરતાં થોડું હળવું જ બની ગયું છે. મારા જેવી દુર્દશા બીજા પણ એકજણની થઈ છે એ વિચારીને થોડુંક કષ્ટલાઘવ થયું છે. પણ તો યે એક વાતનો જ્યાં સુધી જવાબ નહિ મળે ત્યાં સુધી કેમે ય પૂરેપૂરી શાંતિ નહિ થાય—કયાં ગયો મારો આનુવિસ? બોલો! તમે આટલા મોટા ડિટેક્ટિવ! બે ધાડ બે દિવસમાં ઉપરાઉપરી થઈ ગઈ અને તમે હજુ એના એ જ અંધારામાં!'

ફેલુદા એક સવાલ પૂછી બેઠો: 'તમારો ભાણેજ કેમ છે?'

'કોણ? ઝુન્ટુ?' એને તો આજે ઘણું સારું છે. દવાથી ફાયદો છે. આજે તાવ પણ બિલકુલ ઊતરી ગયો છે.'

'અચ્છા, બહારથી કોઈ છોકરાઓ વંડી ઠેકીને અંદર આવે છે? ઝુન્ટુ સાથે રમવા કરવા?'

'દીવાલ કૂદીને? કેમ એમ પૂછો છો?'

'તમારી બહારની વંડીની દીવાલ પર એક નાનકડા છોકરાના હાથની છાપ જોઈ.' 'છાપ એટલે? કેવી છાપ?'

'બ્રાઉન રંગની.' 'તાજી?'

'કહેવું કઠણ છે—પણ એમ તો ખૂબ જૂની પણ નથી.'

'ના ભઈ; મેં તો કોઈ દિવસ કોઈ છોકરાને આવતો જોયો નથી. બાળક કહો તો એક જણ આવે છે—પણ એ યે વંડી ઠેકીને નહિ—એક ભિખારી છોકરો. મજાનું સુંદર શ્યામા-સંગીત ગાય છે. પણ હા—મારા બાગની પશ્ચિમ તરફ એક જાંબુનું ઝાડ છે. ક્યારેક બહારના છોકરાઓ વંડી વટાવી આવી એ ઝાડ પરથી જાંબુ પાડી જતા હશે, એની ના નહિ, તેથી નથી જ આવતા એવી ગૅરંટી હું નથી દઈ શકતો.' 'હં!'

પછી નીલમણિબાબુએ પૂછયું: 'ચોર વિષે કંઈ માહિતી મળી? પત્તો બત્તો લાગ્યો કંઈ?' ફેલુદા સોફા પરથી ઊભો થઈ ગયો: 'એ માણસના હાથમાં જોર ખૂબ! ભારે બળૂકો! એક ધુમ્બો માર્યો કે પ્રતુલબાબુનો નોકર તો બેભાન થઈ ગયો.'

'તો પછી આ ચોરી ને એ ચોરી એક જ ચોરે કરી છે એમાં શક નથી.'

'બની શકે. પણ શરીરબળ સાથે આને કંઈ ખાસ સંબંધ મને

લાગતો નથી. અહીં મુખ્ય વાત એ છે કે આની પાછળ એક દુષ્ટ ભીષણ બુદ્ધિ જે કામ કરી રહી છે એનો ઇંગિત આમાંથી મળી આવ્યો છે.'

નીલમણિબાબુ જાણે લાચાર થઈ ઊતરેલે ચહેરે બોલ્યા: 'આશા રાખું છું કે એ બુદ્ધિ પર કાબૂ મેળવવા જેટલી બુદ્ધિ તો તમારામાં છે જ! નહિ તો પછી મારે મૂર્તિ પાછી મેળવવાની આશા જ છોડી દેવી પડશે.'

ફેલુદા બોલ્યો: 'હજુ બે દિવસ રાહ જુઓ. હજુ સુધી તો ફેલુ મિત્તિરની ક્યારે ય ડિફીટ—હાર થઈ નથી.'

નીલમણિબાબુના બંગલાના ગાડી બારામદાથી ગેઈટ સુધી કાંકરી પાથરેલો રસ્તો હતો. એ રસ્તાની અધવચ્ચે પહોંચ્યા હોઈ શું કે 'કટ કટ' અવાજ સંભળાયો. પાછા ફરી જોયું તો મકાનના પહેલા માળના એક ઓરડાની બારી પાછળ ઊભા રહી એક નાનો છોકરો—લાગે છે ઝુન્ટુ જ હશે—બારીના કાચ પર હાથેથી ટકોરા મારતો હતો. એ જોઈ મેં કહ્યું: 'ઝુન્ટુ!' ફેલુદા બોલ્યો: 'જોયો.'

આખી બપોર ફેલુદા એની બ્લુ ડાયરીમાં રોજની ટેવ પ્રમાણે ગ્રીક અક્ષરોમાં કંઈ બધું આડુંઅવળું લખતો રહ્યો. હું જાણું છું કે ભાષા અસલમાં તો અંગ્રેજી છે પણ અક્ષરો—લિપિ ગ્રીક, જેથી કોઈ વાંચે તો ઉકેલી ન શકે. મારી સાથે એની વાતચીત બિલકુલ બંધ. માત્ર વચ્ચે વચ્ચે એ ગીત ગણગણતો હતો. એ તો પેલું એ જ રામપ્રસાદી ગીત પેલો ભિખારી છોકરો ગાતો હતો એ! બપોરે પાંચેક વાગ્યે ચા પી ફેલુદા બોલ્યો: 'હું જરાક બહાર જાઉં છું—પૉપ્યુલર ફોટોમાંથી મારા ફોટાનાં એન્લાર્જમેંટ લેવા.' હું એકલો જ ઘરમાં બેસી રહ્યો.

દિવસ નાના થઈ ગયા હોઈ સાડા પાંચ વાગ્યા ન વાગ્યા ત્યાં તો સૂર્ય આથમી ગયો અને અંધારું થઈ ગયું. પૉપ્યુલર ફોટોની દુકાન હાજરા રોડના નાકા પર. ફેલુદાને ફોટો લઈ પાછા આવતાં વીસેક મિનિટથી વધુ લાગવી ન જોઈએ. પણ તો પછી આટલું મોડું કેમ? ઘણીવાર જોકે ફોટો તૈયાર ન હોય તો દુકાનમાં બેસાડી રાખે છે. હું કેવળ એટલું ઈચ્છતો હતો કે બીજે ક્યાંય ન ગયો હોય. મને આમ એકલો મૂકી એ એકલો ઘૂમે એ મને ગમતું નથી. એવામાં કરતાલનો અવાજ કાને પડ્યો અને સાથેસાથે જાણીતા અવાજનું એ જ ગીત:

બોલો મા તારા મારે ઊભવું ક્યાં?
મારું કોઈ નહિ શંકરી વિના અહીંયાં.

એ જ પેલા બે છોકરા. આજે અમારે ઘેર ભીખ માગવા આવ્યા હતા.

ગીત પાસે સંભળાવા માંડ્યું. હું અમારા ઘરની બારીમાં જઈ ઊભો રહ્યો. ત્યાંથી રસ્તો બરાબર દેખાય છે. એ જ બે છોકરા. એક ગાતો હતો, બીજો કરતાલ વગાડતો હતો. શો સુંદર મીઠો અવાજ હતો એ છોકરાનો! પછી ગીત બંધ કરી છોકરો બરાબર અમારા ઘર સામે આવી ઊભો રહ્યો અને ઉપર નજર કરી બોલ્યો: 'મા, કંઈક બે પૈસા દે મા!'

કોણ જાણે શું મનમાં થયું તે મેં મારી પર્સમાંથી એક નવા પચાસ પૈસાનો સિક્કો બહાર કાઢી એ છોકરા ભણી ફેંક્યો. ટીં અવાજ સાથે સિક્કો જમીન પર પડ્યો. એવો જ છોકરાએ એને ઉઠાવી લઈ પોતાની ઝોળીમાં નાખ્યો અને ફરી ગીત ગાતો આગળ વધ્યો.

પણ એક વાતથી મારું મગજ ભમી ગયું. જો કે અમારા રસ્તા પર ખાસ્સું અંધારું હતું, તોપણ ભિખારી છોકરો જ્યારે ઊંચું જોઈ ભીખ માગતો હતો ત્યારે એનો ચહેરો એકદમ ઝુન્ટુના ચહેરા સાથે મળતો આવતો ન હોય એવું લાગ્યું. વખતે મારી નજરની ભૂલ હોય. પણ કોણ જાણે મનમાં એ ખટકો રહી ગયો. કેમે ય હું તે ભૂલી ન શક્યો. મેં નક્કી કર્યું કે આ વાત હું ફેલુદા આવશે એટલે કહીશ.

લગભગ સાડા છ વાગ્યે મિજાજનો પારો ચઢાવી ફેલુદા એન્લાર્જમેન્ટ લઈ ઘેર આવ્યો. માન્યું હતું એવું જ થયું હતું. એને એન્લાર્જમેન્ટ માટે રાહ જોવી પડી હતી. બોલ્યો: 'હવેથી હું મારો જ ડાર્ક રૂમ બનાવીને હું પોતે જ ફોટાઓનું ડેવલપિંગ પ્રિન્ટિંગ અને એન્લાર્જિંગ કરીશ. બંગાળી દુકાનોમાં વચનની કે ટાઈમની કંઈ જ કિંમત નથી.'

ફેલુદા જ્યારે એના પલંગ પર ફોટાઓ પાથરી બેઠો હતો ત્યારે મેં એને પેલા ભિખારી છોકરાની વાત કરી. એને એમાં જરા ય નવાઈ ન લાગી ને ઉપરથી બોલ્યો: 'એમાં નવાઈ જેવું શું છે?'

'કેમ નવાઈ જેવું નથી?' 'ઊહું.'

'તો પછી આ તો ભારે ગોટાળાભર્યું કહેવું પડે.'

'ગોટાળો તો છે જ. એ તો હું પહેલેથી જ સમજી ગયો હતો.'

'તો શું તું કહેવા માગે છે કે આ બનાવમાં એ છોકરો સંડોવાએલો છે?'

'હોઈ શકે.'

'પણ એવડો નાનો છોકરો એવો બળૂકો હોય કે એક ધુમ્બો મારે કે એક મોટો જુવાન જોધ માણસ બેભાન થઈ જાય?'

'નાનકડા છોકરાએ ધુમ્બો માર્યો એવું મેં ક્યાં કહ્યું છે?'

'તો ભલે...' હું 'તો ભલે' એમ બોલ્યો તો ખરો, પણ મૂળે તો મને એ જવાબ જરાય ગમ્યો નહોતો. ફેલુદા પણ, કોણ જાણે કેમ, કંઈ પણ સાફસાફ બોલતો નહોતો—શી ખબર કેમ?

પલંગ પર પાથરેલા બાર ફોટામાંથી, જોયું કે, ફેલુદા એક ફોટાને ખૂબ જ ધારી ધારીને જોતો હતો. પાસે જઈ ને જોયુ તો એ આજ જ સવારે લીધેલો. નીલમણિબાબુની વંડીની દીવાલ પર પડેલી બાળકના હાથની છાપના ડાઘનો ફોટો હતો. એન્લાર્જમેન્ટને લીધે હાથની હથેળી સ્પષ્ટ દેખાતી હતી. હું બોલ્યો: 'તમે તો કહો છો કે તમને હાથ જોતાં આવડે છે; તો પછી કહો જોઈએ, છોકરાની ઉંમર કેટલી હશે?'

ફેલુદાએ જવાબ ન આપ્યો. એ તન્મય બની ફોટો ભણી તાકી રહ્યો. જોયું કે એના મુખ પર અતિશય એકાગ્રતાનો ભાવ વર્તાતો હતો.

'કંઈ સમજ્યો.?'—અચાનક એના પ્રશ્ને મને એકદમ ચમકાવી દીધો.

'શું સમજું?'

'સવારે શું સમજ્યો હતો, અને અત્યારે શું સમજ્યો, કહે જોઉં?'

'સવારે એટલે, જ્યારે ફોટો પાડ્યો ત્યારે?' 'હા.'

'શું સમજે વળી? છોકરાનો હાથ. એ વિના બીજું સમજવાનું શું છે'?

'છાપનો રંગ જોઈ કંઈ મનમાં થયું નહિ?'

'રંગ તો બ્રાઉન હતો.' 'એનો અર્થ શું?'

'એનો અર્થ એ કે છોકરાના હાથમાં બ્રાઉન રંગ ક્યાંકથી લાગ્યો હતો.'

'એનો અર્થ સમજીને બોલ.'

'પેઇન્ટ હોઈ શકે.' 'પેઈન્ટ ક્યાંનો?'

'ક્યાંનો પેઈન્ટ?...ક્યાંનો...?' અચાનક યાદ આવી ગયું: 'પ્રતુલબાબુના ઘરના દરવાજાનો રંગ!'

'એકઝૅક્ટલી. કાલે તે તારા પણ શર્ટની ડાબી બાંયને લાગ્યો હતો. હજુ જોઈશ તો દેખાશે કે લાગેલો છે.'

'પણ—'મારું માથું ભમી ઊઠ્યું: 'જેના હાથની છાપ, એ જ શું પ્રતુલબાબુના ઘરમાં પણ પેઠો હતો?'

'હોઈ શકે. હવે કહે—ફોટો જોઈ ને શું લાગે છે?'

મેં ખૂબ વિચાર કર્યો, પણ નવું કંઈ સમજાયું હોય એવું કશું જ કહી ન શક્યો. ફેલુદા બોલ્યો: 'તું કહી શકત તો નવાઈ પામત, એટલું નહિ.—શૉક લાગત. તો તો કહી શકાત કે તારી ને મારી બુદ્ધિમાં કંઈ તફાવત જ નથી.' 'તમારી બુદ્ધિ શું કહે છે?'

'કહે છે કે આ એક સાંઘાતિક-ભયંકર ખતરનાક કેસ છે. એક ભયાવહ બનાવ છે આ નુવિસ જેવો ભયંકર...આ રહસ્ય પણ એવું જ ભયંકર.'

બીજે દિવસે સવારે ફેલુદાએ પહેલાં નીલમણિ સાન્યાલને ફોન કર્યો: 'હલ્લો! કોણ? મિસ્ટર સાન્યલ?... તમારા રહસ્યનો નિવેડો આવી ગયો છે. મૂર્તિ હજુ હાથમાં નથી આવી, પણ ક્યાં છે તેનો લગભગ અં-

દાજ આવી ગયો છે. તમે શું ઘરમાં જ છો ને? શું? તબિયત વધુ ખરાબ થઈ ગઈ છે?...કઈ હૉસ્પિટલમાં લઈ જાઓ છો? ઓહ! અચ્છા, તો તો પછી જ મળીશું.'

ફોન મૂકીને તરત જ ફેલુદાએ ફટ લઈને બીજો એક નંબર ડાયલ કર્યો. ધીમેથી ગુસપુસ કરતો હોય એવા અવાજમાં કોણ જાણે શી યે વાત કરી, કંઈ બરાબર સંભળાઈ નહિ. તો પણ ફેલુદા પોલીસને ફોન કરતો હતો એ તો સમજાઈ ગયું. ફોન મૂકીને એણે મને કહ્યું : 'હમણાં જ નીકળવું પડશે—જલદી તૈયાર થઈ જા.'

એક તો સવારનો પહોર એટલે ટ્રાફિક કમ. તેમાં પાછું ફેલુદાએ ટૅક્સીડ્રાઈવરને ટૉપ સ્પીડ પર જવા કહ્યું હતું. જોતજોતાંમાં અમે નીલમણિબાબુના ઘરના રસ્તા પર આવી પહોંચ્યા.

ગેઈટ પાસે પહોંચ્યા હઈશું, ત્યાં જોયું કે નીલમણિબાબુએ એમની કાળી ઍમ્બૅસૅડર કાઢી, ફુલ સ્પીડમાં અમે જે તરફ જતા હતા એની ઊલટી દિશામાં ગાડી મારી મૂકી. આગળ ડ્રાઈવર અને પાછળ નીલમણિબાબુ સિવાય કોઈ દેખાયું નહિ.

'ઔર જોર સે'—ફેલુદા બરાડી ઊઠયો! ટૅકસી ડ્રાઈવર પણ એકસાઈટ થઈ ગયો અને એક્સિલરેટર પર જોરથી પગ દબાવી દીધો.

આગળની ગાડી, જોયું તો, કર્કશ ગૅં ગૅં કરતી જમણી બાજુ વળી રહી હતી. લાગલું જ ફેલુદાએ જે કર્યું એ મેં પહેલાં કયારે પણ જોયું નહોતું. કોટના ખીસામાં હાથ નાખી અચાનક એની રિવૉલ્વર બહાર કાઢી અને ગાડીની બારીમાંથી ઝૂકીને નીલમણિબાબુની ગાડીના પાછળના ટાયર તરફ એનું અચૂક નિશાન તાકી ગોળી મારી!—અને લગભગ એક જ સાથે રીવૉલ્વરનો અને ટાયર ફાટવાનો અવાજ થતાં કાનમાં તો ધાક પડી ગઈ.

જોયું તો નીલમણિબાબુની ગાડી વિચિત્ર-કઢંગી રીતે રસ્તાની એક તરફ સ્કિડ થઈને એક લૅમ્પ-પોસ્ટ સાથે અથડાઈ અટકી ગઈ.

અમારી ગાડી નીલમણિબાબુની ગાડી પાછળ ઊભી રહેતાં જ જોયું કે સામેથી એક પોલીસ જીપ આવતી હતી!

આ તરફ નીલમણિબાબુ ગાડીમાંથી ઊતરી આવી ખૂબ જ ખીજ અને હતાશાના ભાવ સાથે આમતેમ જોતા હતા. ફેલુદા અને હું ટૅકસીમાંથી ઊતરી નીલમણિબાબુ તરફ જવા લાગ્યા. પોલીસની જીપ પણ પાસે આવી ઊભી રહી, અને એમાંથી ઊતર્યા એક કદાવર ઑફિસર. નીલમણિબાબુ અચાનક બોલી ઊઠયા : 'આ બધું શું થઈ રહ્યું છે?'

ફેલુદા ગંભીર સ્વરે બોલ્યો : 'તમારી સાથે ગાડીમાં ડ્રાઈવર સિવાય બીજું કોણ છે એ જણાવશો?'

'કોણ હોય વળી?' સજ્જન બરાડી ઊઠયા : 'કહ્યું તો ખરું કે મારા ભાણેજને હૉસ્પિટલમાં લઈ જાઉં છું.'

ફેલુદાએ એનો જવાબ ન દેતાં સીધા જઈને નીલમણિબાબુની ગાડીના બારણાનું હૅંડલ પકડીને એક ઝટકે દરવાજો ખોલી નાખ્યો. ખોલતાંની સાથેસાથે જ એક છોકરો ગાડીમાંથી તીર વેગે બહાર નીકળી ફેલુદા પર તૂટી પડયો અને એની ગળચી દાબી દીધી. પણ ફેલુદા કંઈ એકલું યોગાસન જ નહોતો કરતો—એ તો રીતસરના જુજુત્સુ ને કરાટ પણ શીખ્યો હતો. છોકરાનાં બંને કાંડાં ઝાલી ઊલટાનો એને જ અદ્ભુત રીતે માથા પરથી ફેરવીને ધડ લઈને નીચે પછાડયો! દર્દની પીડાથી એક ચિત્કાર છોકરાના મોંમાંથી સરી પડયો અને એ ચિત્કાર સાંભળી મારું તો લોહી જ થીજી ગયું! કારણ એ ચિત્કાર બાળકનો નહોતો. એ હતો એક ઉંમરલાયક માણસનો, જોરદાર ગળું ફાડીને નીકળેલો ચિત્કાર! આ જ અવાજ મેં તે દિવસે ફોનમાં સાંભળ્યો હતો! એટલામાં તો પોલીસે આવીને નીલમણિબાબુની ગાડીના ડ્રાઇવર અને છોકરાને પકડી લીધા.

ફેલુદા પોતાના શર્ટનો કૉલર બરાબર કરતાં કરતાં બોલ્યો : 'વંડીની ભીંત પરની છાપ જોઇને જ શક પડયો હતો. આટલી નાની વયના છોકરાઓના હાથમાં આટલી બધી રેખાઓ હોતી નથી. તેમનો હાથ ખૂબ જ સુંવાળો હોય. અને જ્યારે હાથની સાઈઝ નાની, તો પછી એક જ એનો અર્થ હોઈ શકે. આ અસલમાં એક બટકા-ઠીંગુ વામનના હાથની છાપ હતી. છોકરો અસલમાં બીજું કોઈ નહિ—એક ડવાર્ફ. કેટલી ઉંમર છે તમારા શાગિર્દની, નીલમણિબાબુ?'

'ચાળીસ...' સજ્જનના ગળામાંથી માંડમાંડ અવાજ નીકળ્યો!

'ખૂબ અક્કલ વાપરી હતી હોં. કહેવું પડે! પહેલાં વસ્તુ-ચોરીને બનાવટી બનાવ ઊભો કરી મને બોલાવ્યો. એ પછી પોતાના જ માણસ પાસે બીજાની વસ્તુની ચોરી કરાવી. તમારા ઘરમાં જોયો હતો એ શું એ જ ભિખારી છોકરો હતો? નીલમણિબાબુએ માથું હલાવી હા પાડી.

'તો પછી તમારો ભાણેજ જેવું અસલમાં કોઈ છે જ નહિ ને? એને જ ઘરમાં લાવીને રાખ્યો હતો, આ ચોરીના મામલામાં મદદ કરવા માટે?'

નીલમણિ સાન્યાલ નીચી મૂંડી કરી ચૂપચાપ બેસી રહ્યા.

ફેલુદાએ ઉમેર્યું : 'છોકરો ગીત ગાતો અને આ વામણો કરતાલ વગાડતો. કેવળ ચોરી વખતે કરતાલ ભિખારીના હાથમાં દઈ દેતો, ને ત્યારે એ જ ગાતો ને એ જ કરતાલ વગાડતો. અને આ ઠીંગુ ભલે હોય પણ છે ત્યારે બળૂકો. તાકાતનો લગારે અભાવ નથી. એક ધુમ્મો મારી જુવાનજોધને બેહોશ કરી દીધો! વંડરફુલ! તમારી બુદ્ધિની તારીફ કર્યા સિવાય નથી રહી શકતો, નીલમણિબાબુ.'

નીલમણિબાબુ એક લાંબો નિસાસો મૂકી બોલ્યા : 'પ્રાચીન મિસરની વસ્તુનો એક જાતનો નશો, કે છંદ જ કહો, તે એ ઘેલછા લાગી હતી. ખૂબ વાંચ્યું છે એ વિષે. તેથી પ્રતુલ દત્તની ખૂબ જ અદેખાઈ થતી હતી.'

ફેલુદા બોલ્યો : 'અતિલોભથી કંઈ નીચી જાતના જ કેવળ ભ્રષ્ટ નથી થતા. બ્રાહ્મણ પણ થાય. કારણ તમારો એ ઠીંગુ-બટકો પણ બ્રાહ્મણ, અને તમે સાન્યાલ—એકદમ ઉચ્ચ શ્રેણીના બ્રાહ્મણ. જવા દો—હવે એક આખરી વિનંતી છે.' 'શી?'

'મારો રિવૉર્ડ!' નીલમણિબાબુ તો ડોળા ફાડી જોઈ જ રહ્યા : 'રિવૉર્ડ?!'

'આનુબિસની મૂર્તિ તો તમારી પાસે જ છે નહિ?' સજ્જને તો બુધ્ધુની જેમ પોતાનો જમણો હાથ કુર્તાના ખીસામાં નાખ્યો.

હાથ બહાર કાઢયો, તો એમાં હતી એક વેંત લાંબી લીલા પથ્થર પર રંગીન રત્નજડિત ચાર હજાર વર્ષ જૂની મિસર દેશની શિયાળ મુખી દેવતા આનુબિસની મૂર્તિ.

ફેલુદાએ હાથ લંબાવી એ લઈ લીધી. બોલ્યો : 'થૅંક-યૂ.' □

લઘુકથા

પ્રેમ

અંબાલાલ ચૌહાણ

એ બહાર નીકળી. પર્સમાં દોઢસો રૂપિયા હતા. એના મનમાં એના પતિના જ વિચારો રમી રહ્યા હતા. માંદગીના બિછાને એ છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. દાક્તરે આશરે દોઢસોની કિંમતનાં દવા ને ઈન્જેક્શન લખી આપ્યાં ત્યારે એણે ઘરમાં જે કંઈ બચ્યું હતું તે વેચીસાટીને પણ પૈસા એકઠા કર્યા. આખરે એણે એની સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં!

'કેમ બેન? હવે ભાઈને કેમ છે? 'પરસોતમભાઈ એકાએક રસ્તામાં ભટકાઈ ગયા. એ વીમા એજન્ટ હતા. એ કંઈ બોલી ન શકી.

'ભાઈને કહેજો કે એમના વીમાનું પ્રીમિયમ ભરવાની આજે છેલ્લી તારીખ છે, નહિ તો વીમો બંધ થઈ જશે.'

ક્ષણેકના વિચાર બાદ એનાં પગલાં વીમા ઑફિસ તરફ પડી રહ્યાં હતાં. એ પ્રીમિયમના દોઢસો રૂપિયા ભરવા માગતી હતી! □

જયંતી પટેલ

'રંગલો'

લેખક
વિનોદ
ભટ્ટ



'હલ્લો...' 'કોણ છો ભૈ?' 'વિનોદ.'

'ઈદમ્‌તૃતીયમ્‌'ના ખુમચાવાળો વિનોદ? હજી સુધી તું ગયો નથી?' 'આજે જાઉં છું.'

'રહી જાને યાર, બે-ચાર દિવસ.' 'ના પટેલ.'

'આવી રીતે ના ભગાય. રહી જા... રહી જા... બે ત્રણ દિવસમાં શું ખાટું-મોરું(ળું) થઈ જવાનું છે?'

'તું, વેણીભાઇ ને બધા રહી જા રહી જા કહો છો, પણ રહેવું ક્યાં એ કહેશો?'

'એ ય ખરું સાલું... આ ગરીબ ગામમાં એ જ પંચાત છે... તો તું જાય છે, એમ જ ને?' 'હા, આજે જ.'

'પ્રૉમિસ?' 'પ્રૉમિસ.'

'કઈ ગાડીમાં? 'બે કલાક પછી ઊપડે છે એ જનતામાં.'

'તો એક કામ કર.' 'બોલ, દોસ્ત!'

'મારે ત્યાં ચા પીવા આવ.'

'એ નહિ ફાવે. હું ઘાટકોપર-મુંબાઈ ૭૭માં, ને તું મુંબાઈ-૨૬માં. તારે ત્યાં આવવા-જવામાં જ દોઢ કલાક નીકળી જાય. પહોંચી ના વળાય.'

'તો જમવાનું રાખ!'

'ઉપરની ટેલિફૉનિક-ટૉકમાં સામે છેડે જયંતી પટેલ હતો એવું કહેવાની ભાગ્યે જ જરૂર પડે. તેને ઓળખનાર તો ઓળખે જ છે, પણ નહિ ઓળખનારે ઓળખવા જેવો ખરો: પોઇન્ટેડ નાક, બરછટ ચહેરો, પાટકર હૉલના સ્ટેઈજ જેવું મોટું કપાળ, ફુટપટ્ટી જેવી-સામેનાને માપવા મથતી આંખોવાળો, કોથળા જેવું પૅન્ટ પહેરેલો, હાથમાં ફાઈલ સાથે, પગે સહેજ લંગડાતો માણસ, કોઈ નાટ્યઘરની આસપાસ ફરતો જુઓ તો તેને ઊભો રાખીને પૂછજો: 'તમે જ જયંતી પટેલ ને?'

'ફ્રૉમ ટૉપ ટુ બૉટમ...બોલો, શો રાખવાનો છે?' સામેથી પ્રશ્ન પુછાશે. આ માણસ સાથે વાત કરતી વખતે તમારે લગભગ ત્રણેક ફૂટનું અંતર રાખવું સારું; કેમકે તેને વાત કરતી વખતે સામેના માણસની છાતીમાં આંગળાં ઘોંચવાની ટેવ છે! તેના ખોડંગાતા પગ સામે તમે જોશો તો ય તેને માઠું નહિ લાગે; કારણ કે આઝાદીની ચળવળમાં તેને પગે ગોળી વાગેલી (એવું એ કહે છે;) ને તેની જ ભાષામાં આગળ કહીએ તો જે રીતે તે ગોળીની અડફેટે ચડી ગયો એ રીતે સરકારની અડફેટે ચડ્યો નહિ એટલે મિનિસ્ટર થઈ શક્યો નહિ. નહિ તો દેશને એક લંગડો મિનિસ્ટર મળ્યો હોત. (ભગવાન ખરેખર દયાળુ છે, નહિ?)

શેક્સપીઅરે જીવનને નાટક ગણાવ્યું છે. જયંતીએ નાટકને જીવન બનાવી દીધું છે. કાયમ તે ઍક્ટિંગ જ કરતો હોય છે. (વચ્ચે મારી પાસે તેણે દારૂડિયાનો રોલ કરેલો. પછી પૂછેલું: 'બોલ દીકરા, કાલે મળવું છે?' ત્યારે મેં તેને કહેલું: 'હા, ચોક્કસ મળીએ. પણ કાલે તું નરણા કોઠે આવજે.') ઇંગ્લૅન્ડના આઠમા એડવર્ડે જેમ વૉલિસ માટે ગાદી-ત્યાગ કરેલો તેમ જયંતીએ નાટક માટે ઘરનો ત્યાગ કરેલો. સંસારમાં અત્યારે તે ઠરીઠામ થયો છે, છતાં નાટક તેના પડછાયાની જેમ કાયમ તેની પાછળ જ રહ્યું છે. (કોણ કહે છે કે ભૂતને પડછાયો નથી હોતો?) નાટક માટે જયંતીએ ઘણું વેઠ્યું છે. હજી ય વેઠી રહ્યો છે. હમણાં તેને (બીજી વાર) બાલ્ટીમોરનો પ્રવાસ પણ વેઠવો પડ્યો—નાટક માટે. જોકે પરદેશ પોતે કેમ ગયો તેનું સાચું કારણ તે બહુ ઓછા લોકોને કહે છે. કેમકે તેને સ્કૉલરશિપ શાને માટે મળી? ત્યાં જઇને તેણે શાનો અભ્યાસ કર્યો? પરદેશમાં ગુજરાતીઓ કેવી પરિસ્થિતિમાં જીવે છે? આ બધું પૂછવાને બદલે અમદાવાદના લોકો તેને હળવેથી—ખાનગીમાં પૂછે છે: 'તે હેં જૅંતી ભૈ, આ સ્કૉલરશિપ ક્યાં મળે?' જયંતીને હજુ પચ્ચીસ-પચાસ વખત સ્કૉલરશિપ મેળવીને પરદેશ જવું છે, એટલે પોતે પરદેશ કેમ ગયો એની જોડી કાઢેલી વાર્તા તે બધાને કહેશે. તે કહેશે: 'હું જ્યારે અમદાવાદમાં હતો ત્યારે મને એવું લાગતું હતું કે મુંબાઈમાં વસતા ગુજરાતીઓ વધુ જ્ઞાની ને સમજુ હશે. પણ પછી ભુલેશ્વરમાં ફૂલગલીમાં રહ્યા પછી એ માન્યતા ધૂળધાણી થઈ ગઈ. ભુલેશ્વરમાં રહેતો ત્યારે એવું માનતો કે નેપીઅન સી રોડ પર રહેતા ગુજરાતીઓ વધારે સારા હશે; પણ ત્યાં ય ઝાઝો સુધારો લાગ્યો નહિ. એ પછી માન્યું કે અમેરિકા ગએલા ગુજરાતીઓ મહાજ્ઞાની હશે; એટલે ત્યાં ગયો. ગુજરાતીઓ તો ત્યાં પણ એવા ને એવા જ લાગ્યા. હા, એ લોકોનાં નામોમાં ફરક લાગ્યો ખરો. જેનું નામ જોઈતારામ પટેલ હતું તેણે પોતાનું નામ Jim Patel (જિમ પટેલ) રાખેલું. રણછોડ પટેલે Ray Patel (રે પટેલ) નામ ધરેલું અને ચતુર પટેલ Charlie Patel (ચાર્લી પટેલ) તરીકે ઓળખાતા હતા.' (બાઈ ધ વે... આપણા આ જયંતી પટેલે પોતાનું નામ John Patel-જ્હૉન પટેલ રાખેલું.)

જયંતીના હાથમાં બે રેખાઓ છે: કળાની ને વ્યાપારની. બન્ને સમાન્તર ચાલે છે. એટલે જયંતી કળામાં વ્યાપાર ને વ્યાપારમાં કળા કરે છે. મુંબાઈની ફૉબ્સ સ્ટ્રીટમાં 'રંગલા' સાથે અત્યારે તે ભાગીદારીમાં ધંધો કરે છે. એ શાનો ધંધો કરે છે એની તો રંગલા કે જયંતી બેમાંથી કોઇને ય ખબર નથી. ક્યારેક તો મને એવું લાગે છે કે વેપાર એ તેની હૉબી છે ને નાટક તેનો વ્યાપાર છે. પણ એક વાત છે: ધંધા માટે જયંતી કોઈ વાર મશ્કરીમાં પોતાનું પેટ બતાવતો હશે, પણ નાટકની વાત આવે ત્યારે તે પેટને અંદર લઈ જઇને, છાતી બહાર કાઢીને વાત કરવાનો.

સ્ટેઈજ પરથી જયંતીએ પ્રેક્ષકોની વાહવાહ પણ ઝીલી છે ને હુરિયો ય ઝીલ્યો છે. સફળતા, નિષ્ફળતા બન્ને તરફ તેણે સમભાવ કેળવ્યો છે. પોતાની સફળતાની એક વાત કહેશે તો સાથે નિષ્ફળતાની બે વાત કહેવાનું ય તે નહિ ચૂકે. ઈ. ૧૯૬૬-'૬૭માં ભુલાભાઈમાં માઈકલ સ્કૉગલના પ્રસિદ્ધ નાટક Luv-લુવ-પરથી 'લવ લવ' નાટક જયંતીએ પોતાની શૈલીમાં રજૂ કર્યું. નાટક તો જામ્યું, પણ ઑડિયન્સ ફેઈલ ગયું. નાટકની શરૂઆત જોયા પછી પ્રેક્ષકોએ અંચઈ કરી—પૈસા પાછા માગ્યા! ઘણા પૈસા ખરચીને તૈયાર કરેલા નાટકના પહેલા જ શોમાં

આવો ટબ્બો થશે એની તો જયંતીએ કલ્પના જ ક્યાંથી કરી હોય? લોકોએ હોહો કરવા માંડી એટલે ચાલુ નાટકે પડદો પાડીને જયંતી બહાર આવ્યો. જરા પણ અસ્વસ્થ થયા વગર તે બોલ્યો: 'સજ્જનો! ...મંજૂર...દાખલો ખોટો પડયો એ હું સ્વીકારું છું; પણ રીતના માર્ક તો આલશો કે પછી એ ય નહિ આલો?'

જીવનમાં અનેક નિષ્ફળતાઓ તેણે જોઈ છે, અનુભવી છે, પચાવી છે. અરે, એક વાર તો માર પણ ખાધો છે–ધરાઇ ને! એ ઘટના અમદાવાદની છે. જયંતી એ દિવસોમાં રંગમંડળમાં કામ કરતો. નાટક ના હોય ત્યારે સેટનો ઉપયોગ મંડપ તરીકે થતો જયંતી જ મંડપ બાંધવા જતો. પાછો મિમિક્રી યે કરે. મંડપના ભાવમાં તેની મિમિક્રી પણ આવી જતી એટલે તેની ડિમાન્ડ વધારે રહેતી. મંડપનો સબ-કૉન્ટ્રૅક્ટ એક કારીગરને આપેલો, ને ચાકળા ને એવું આપણા આ જયંતીલાલ બાંધી આવે. એક લગ્નનો મંડપ બાંધવાનો કૉન્ટ્રૅક્ટ જયંતીએ લીધેલો, ને સબ કૉન્ટ્રૅક્ટર નાસી ગયો! જેને ઘેર લગ્ન હતું એ બધા ઊંચા-નીચા થાય. પણ જયંતીના પેટનું પાણી ય ના હાલે. સાંજે સાડા ચાર વાગ્યે વરઘોડો આવવાનો. બપોરના દોઢ વાગ્યા સુધી કશું ઠેકાણું જ નહિ! જયંતી બીજા માણસની તલાશમાં ફર્યા કરે પણ કોઈ હાથમાં આવે નહિ. છોકરીના બાપે જયંતીને પૂછ્યું, 'અલ્યા ભૈ, મંડપનું શું કરવાનું છે?'

'તમે તમારે જોયા કરો, શેઠ. કોઈએ ય ના બાંધ્યો હોય એવો અદ્ભુત મંડપ તમારો બાંધવાનો છે. કોઈની ય નકલ નહિ કરવાની એક તિલસ્મી મંડપ બાંધવાનો પ્લાન છે. છ છ કારીગરોને કામમાં રોકી દીધા છે. બસ, એકાદ કલાકમાં બધું પત્યુ જ સમજો.' જયંતીએ હળવાશથી કહ્યું. મંડપના પૈસા તો જયંતીએ પહેલેથી જ લઈ લીધેલા ('આજે રોકડા ને કાલ ઉધાર'માં જ તે માને છે.) બીજો કલાક વીત્યો છતાં કશું ઠેકાણું ના પડયું એટલે પછી લગ્ન-મંડપની જગ્યાએ યુદ્ધનું મેદાન થઈ ગયું ને જયંતીને સારો એવો માર પડયો. ત્યારથી ધંધો કોને કહેવાય એની જયંતીને ખબર પડી.

મુંબાઈ (પાર્લા)માં સાહિત્ય પરિષદના ઉપક્રમે જયંતીએ 'ભદ્રંભદ્ર' ભજવેલું. મુખ્ય પાત્ર તેણે પોતે જ લીધેલું. લોકો એ દિવસે નહિ હસવાનું ઘેરથી જ નક્કી કરીને આવ્યા હોય કે ગમે તેમ, પણ કોઈ હસે જ નહિ. જયંતીની આ કપરી કસોટી હતી. સ્ટેઈજની પાછળ બેઠેલા જયંતીના મિત્રો તેની આ ટ્રૅજેડી પર હસતા'તા. જયંતી પણ એ વખતે બબડતો: 'બેટા જેંતી! કચ્છના રણમાં ગુલાબ વાવવાનો અખતરો કરવામાં આવો જ ખતરો થાય, સમજ્યો!'

જયંતીએ ગોવિંદ સરૈયા સાથે એક ફિલ્મ પણ ઉતારેલી: 'નયા સંગ્રામ'. આ સંગ્રામમાં તે પોતે જ ખપી ગયો. ચારેક રીલ ઊતર્યા પછી પિક્ચર ડબ્બામાં ગયું અને સારા એવા પૈસા જયંતીએ તેમાં ગુમાવ્યા. પણ તે શ્રદ્ધાળુ જીવ છે. એ ફિલ્મ પૈસા કમાવી આપશે એવી આત્મશ્રદ્ધા આજે ય તે ધરાવે છે. એ ફિલ્મના કકડા કાપીને, દૂરબીનમાં નાખીને મ્યુનિસિપલ સ્કૂલ પાસે બેસીને લોકો વેચી રહ્યા છે. ચાળીસ-પચાસ વર્ષે પૈસા પાછા આવશે જ આવશે એમાં તેને શંકા નથી.

સફળતાઓના પ્રમાણમાં નિષ્ફળતાઓ બહુ ઓછી હોવા છતાં એ નિષ્ફળતાઓએ જયંતીને થોડો બિટર–કડવો–બનાવી દીધો છે. એ વળી છે ય પટેલ, તે ય પાછો કડવો—કડવો પાટીદાર.

પોતે લેખક–પત્રકાર છે, એટલે લેખક–પત્રકાર માટે તેને બહુ આદર નથી. જે સીવે છે એ બધા જેમ દરજી નથી હોતા, તેમ લખે છે એ બધા તેને મન લેખક નથી. ઘણા લેખકોએ, પોતે કેટલી નવલકથાઓ સીવી, કેટલાં નાટકોને ગાજ-બટન કર્યાં કે કેટલાં વિવેચન સંગ્રહો વેતર્યા એના પરથી તેમને સાહિત્યકાર ગણવા જરૂરી છે?

ગુજરાતી પત્રકારત્વ જયંતીને મતે મોતીલાલ મસાલાવાળા જેવો ધંધો થઈ ગયો છે. એમાં કોણ સમાજનાં જુદાંજુદાં ક્ષેત્રનો અભ્યાસ કરે છે તેની રજૂઆત કરવા કરતાં કોણ વધારે મસાલાઓ વેચી શકે છે તેની જ ગળાકાપ હરીફાઈ ચાલે છે. છાપાના કૉલમિસ્ટોને તે ગધેડાવાળા સાથે સરખાવે છે. કૉન્ટ્રૅક્ટરો જેમ ગધેડાં હાલવવાનો કૉન્ટ્રૅક્ટ રેતી લાવનારાઓને આપે છે, તેમ છાપાંવાળાઓ કૉલમિસ્ટોને વૈદક, જ્યોતિષ, રાજકારણ, હાસ્ય, ધર્મ, અધ્યાત્મવાદ, જંતરમંતર, ફિલ્મ વગેરેના કૉન્ટ્રૅક્ટ આપે છે ને પછી એ જોવાની ય તે લોકોને નવરાશ નથી કે એ જગ્યા પર પેલા લોકોએ રેતી ઠાલવી કે ગધેડાં ઠાલવ્યાં?

છાપાંવાળાઓ પ્રત્યેનો રોષ જયંતી ક્યારેક પૅરૉડી દ્વારા રજૂ કરે છે. એક વખત મુંબાઈના એક છાપાની પૅરૉડી લખીને જયંતી એ છાપાના માલિક પાસે ગએલો. એ છાપામાં સમાચારો ઘણા મોડા, બીજાં છાપાંઓમાં પ્રકટ થઈ ગયા પછી ય ચાર-છ દિવસે આવે. એ છાપાની પૅરૉડીમાં જયંતીએ શરૂઆત કરેલી: 'હમણાં જ અમારો રિપોર્ટર ક્યાંકથી સમાચાર લાવ્યો છે કે ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે આપણને આઝાદી મળી ગઈ છે.' પછી છાપાના માલિક પાસે તે ગયો. માલિકને પૅરૉડી બતાવીને પૂછ્યું: 'આવાઝ'ના દિવાળી અંકમાં આ છાપું?' માલિકે નારાજ થઈને ના પાડી. 'ભલે. તમે ના પાડશો તો નહિ છાપું, બસ?' કહી જયંતીએ પોતે જ આશ્વાસન લીધેલું. વર્ષો અગાઉ 'આવાઝ'માં તેણે 'કુમાર'ની પૅરૉડી કરેલી, પણ બચુભાઈ નારાજ થવાને બદલે ઊલટાના રાજી થયા, એટલે તે નારાજ થઈ ગએલો. ('સાલું સુરસુરિયું થઈ ગયું' એવું ય બબડેલો!)

જયંતીને બોલવા બેફામ જોઈએ. ગમે તેને વિષે ગમે તે બોલી નાખે તારક મહેતા તેનો નિકટનો મિત્ર છે. તારકની, 'દુનિયાને ઊંધાં ચશ્માં' નામની એક કટાર 'ચિત્રલેખા'માં ચાલે છે. તારક વિષે વાત નીકળતાં કોઈકને મોઢે જયંતી બોલ્યો: 'એ તો ચાર, આઠ આને ફૂટ હાસ્ય વેચે છે.' તારકને આની ખબર પડી. પણ એ તો જયંતીને ઓળખે, એટલે મનમાં હસવા માંડ્યો. આ વાત બન્યાને આઠ દસ દિવસ પછી કોઈ છાપામાં 'રિમઝિમ'ની જાહેરખબર છપાએલી. એમાં જયતીલાલ ચમકેલા. 'રિમઝિમ'ની બૉટલ તે લિજ્જતથી પીતો હોય એવો તેનો છાપામાં છપાએલો ફોટો તારકે જોયો. આવી સરસ તક તારક છોડે? તારકે તરત જ ફોન જોડીને જયંતીને પૂછ્યું: 'ભાઈ પટેલ, સેન્ટીમીટરના શું ભાવ છે?' 'લગાવી સાલા ગધાડાએ...સરસ!' બોલી જયંતીએ પ્રસન્નતાપૂર્વક ઘા ઝીલી લીધો. પોતાના પર થએલી રમૂજ તરફ પણ જયંતી ખેલદિલી બતાવે છે.

જયંતી બધાને હસાવે છે, પણ પોતે બહુ હસતો નથી. હસવું પડે તો નાટકમાં હસે છે એવું હસે. તે સાચું હસે છે એવી ગૅરંટી તો ખુદ તે પણ નહિ આપી શકે. તેનું જીવનસૂત્ર છે: 'એમાં આપણને શું મળે?' હસવામાં ય એવું છે. તેને જો ફાયદો થતો હશે તો જ તે હસશે. તમારી સાથે કોઈ ઠેકાણે મળવાનું નક્કી કર્યું હોય ને આપેલા સમય કરતાં તે દસ મિનિટ વહેલો આવી જાય તો માનજો કે તેને તમારું અત્યંત જરૂરી કામ છે. આપેલા સમય કરતાં અરધો કલાક તે મોડો આવે તો સમજવાનું કે જે કામ અંગે તમે બે ભેગા થવાના છો એમાં જયંતીની ગરજ ચાળીસ ટકા જ છે—સાઠ ટકા તમારી છે. એકાદ કલાક મોડો આવે કે પછી ના આવે તો ખાત્રીપૂર્વક માનવાનું કે તમારે માત્ર ગપ્પાં મારવા માટે જ ભેગા થવાનું હતું. આ બધી ગણતરી તે અમદાવાદમાંથી શીખ્યો છે. જયંતી અમદાવાદ ઘરાણાનો સંગીતકાર છે. ભલે તે આજે મુંબાઈમાં વસે છે, પણ હજી તે વટલાયો નથી. અમદાવાદના સંસ્કારો તેણે જાળવી રાખ્યા છે. છતાં તેનામાં નિખાલસતા ઘણી છે તમારું તેને કામ હોય તો એ કામ કઢાવવા માટે તે પેંતરા નહિ રચે. ચોખ્ખી, સ્પષ્ટ ભાષામાં કહી દેશે: 'તારા ગરીબ છાપામાં આટલું છપાવી આપ.'

પૈસાનું મૂલ્ય જયંતી બહુ સારી રીતે સમજે છે. તેને માટે ઘણાની એવી ફરિયાદ છે કે તે ખિસ્સામાં હાથ ક્યારે ય નથી નાખતો. કાયમ તે બીજા પાસે જ બિલ ચૂકવાવે છે. (જો કે મને તો આમાં જયંતીનો નહિ, પણ તેના દરજીનો વાંક લાગે છે. એ દરજી ખિસ્સાં જ એવાં સાંકડાં બનાવે છે કે ખિસ્સામાં હાથ જાય જ નહિ—ખિસ્સું ફાટી જાય.) મારુ કોઈ અગત્યનું કામ હોય તો પણ તે પોતાને ત્યાંથી ફોન નહિ ખખડાવે. એસ. ટી. ડી. (સ્ટ્રેઈટ ડાયલિંગ) કરવા માટે તે મારા પરમ મિત્ર ચંદુભાઈની ઑફિસે જશે. પૂછશે : 'શું કરે છે, વિનોદ? તમારા ભઈબંધને ફોનબોન તો જોડો, યાર!' ને પછી ચંદુભાઈને મદદ કરવા જ, તેમના વતી ફોન જોડી મારી સાથે બે વાત કરી લેશે.

જયંતીને હાસ્ય પરત્વે છે એટલો આદર હાસ્યલેખકો પ્રત્યે નથી. હાસ્યને સારી રીતે સમજી શકવાને કારણે જ આમ હશે, કદાચ. ઘણી વખત તે મને કહે છે : 'વિનોદ, મને કોઈ બાપ સમાણી ગાળ દઈ જાય તો એક સમય સાંખી લઉં, પણ કોઈ હાસ્યનું અપમાન કરે એ તો હું હરગીઝ ચલાવી ના લઉં.' તેના તકિયા કલામ જેવું આ વાક્ય તમને કાયમ સાંભળવા મળશે : 'જવા દેને, યાર! એ ગરીબની વાત છોડ!' આ 'ગરીબ'નું સંબોધન પૈસાના સંદર્ભમાં તે નથી કરતો, પણ જેની પાસે હાસ્યધન ના હોય, અથવા તો અલ્પ પ્રમાણમાં હોય એવાને તે ગરીબ કહે છે. હાસ્યની નિર્ધનતાથી એ કાયમ વ્યથિત થઈ જાય છે; ને ગરીબ પ્રજાની ગરીબી હટાવવાની જવાબદારી જાણે તેને જ માથે આવી પડી હોય, લોકોને હસાવવાનું જાણે તેનું જ મિશન હોય, એમ ક્યારેક તો તે કંટાળે ય હસાવવા મથે છે.

તેની જિંદગી આમ તો દ્વિ-અંકી નાટક જેવી છે. પૂર્વાર્ધ તેણે અમદાવાદમાં ભજવ્યો, ઉત્તરાર્ધ મુંબાઈમાં ભજવે છે. આ બે અંકોને સાંકળી લેતું નાટક—'મારા અસત્યના પ્રયોગો'—આજકાલ તે ભજવી રહ્યો છે. લોકો સમક્ષ આને ભલે તે નાટક તરીકે રજૂ કરતો હોય, પણ આમ તો જીવવા માટેનાં તેનાં ફાંફાંની જ વાતો કરી છે. માત્ર તેનાં જ ફાંફાંની વાત કરી હોત તો સારુ હતું; પણ આમાં તો આપણા બધાનાં—માનવજાતનાં—ફાંફાંની વાત કરી છે; ને એટલે તો તેનો 'વન મૅન શો' જોતાં, હસતાં, હૃદયમાંથી ક્યારેક ચિત્કાર પણ નીકળી જાય છે. જયંતીનો આ 'વન મૅન શો' લગભગ સાતેક વર્ષ અગાઉ મેં જોએલો. ઑડિયન્સમાં ચન્દ્રકાન્ત બક્ષી, સેલારકા, દિનકર જોશી, વિનોદ જાની ને હું—અમે પાંચ જણ જ હતા. અમારી સામે જયંતી સતત અઢી કલાક નાચેલો—જરાય થાક્યા વગર, અમારાં મોઢાં સામે જોતો, ચહેરા વાંચતો તે ખૂબ નાચેલો—સેલારકાની ઑફિસમાં. તેણે ખેલ પૂરો કર્યા પછી લગભગ દસેક મિનિટ સુધી તો અમારામાંનું કોઈ કશું બોલી શકેલું નહિ. હાસ્યની સાથે તેણે જે દર્દ ગૂંથી લીધું છે એ જ બહુ મોટી વાત છે. હાસ્યના મંદિરમાં પ્રવેશનારને હમેશાં કરુણાના પાછલા દ્વારથી જ પ્રવેશ કરવો પડે છે એ સત્ય જયંતીની વાતોમાં સતત ડોકાયા કરે છે. ('ટીઅર-કોટેડ હ્યૂમર' ફ્રેઈઝ તેના હાસ્ય માટે મને યોગ્ય જણાય છે.)

તેની વાતો હસવું આવે એવી હોવા છતાં હસી કાઢવા જેવી નથી હોતી. મુંબાઈની યંત્રવત્ જિંદગીનો ચિતાર આપવા તેણે કહેલી એક સરસ વાત તો આજે ય એવી ને એવી અકબંધ મને યાદ છે : 'ચર્ચગેઈટ પર સવારે બધા દોડતા'તા. રોટલાની પાછળ દોડતા કૂતરાની જેમ, એકબીજાને હડસેલતા માણસો નાસતા'તા. ત્યાં એક માણસને ઠેસ વાગી ને પડી ગયો. તેને ઊભો કરવાને બદલે બધા તેના શરીર પરથી દોડવા માંડ્યા. મારી આગળ ચાલનો માણસે ય પસાર થઈ ગયો. મેં તેની પીઠ પર મૂકવા પગ ઊંચક્યો ને પગ અટકી ગયો. પહેલાં જીવદયા મંડળીમાં હું બૅન્ડ વગાડતો'તો, એટલે મને એ માણસની દયા આવી ગઈ. પેલો પડેલો માણસ સહેજ ઊંચો થયો. મારી સામે જોતાં તે બોલ્યો : 'સાહેબ, ચિંતા કર્યા વગર તમે તમારે મારી પીઠ પર પગ મૂકીને જતા રહો...તમારે ઑફિસે જવાનું મોડું થશે...'

મને લાગે છે કે આ પટેલનું સાચું નામ જ 'રંગલો છે.' જયંતી તેનું તખલ્લુસ છે. સાચા અર્થમાં તે રંગલો છે. તેનું ઉપરનું મ્હોરું—મસ્ક—મસ્કરાનું છે. એ હસાવે ત્યારે આપણે હસવાની ભૂલ કરીએ છીએ. રડવાની વાત પર હસીએ છીએ. દુનિયાદારીની પાકી સમજ છે આ રંગલામાં. આ 'ગુજરાતી' રંગલો છે: મની-ઑરીએન્ટેડ રંગલો. આમ તો પાછો તે વૈષ્ણવજન છે. (વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ માણે રે...' એ તેનું પ્રિય ગીત છે.) વૈષ્ણવ સંપ્રદાયનું એક પુસ્તક છે : 'બસો બાવન વૈષ્ણવની વાર્તા.' જયંતી પટેલની પણ જુદાં જુદાં ક્ષેત્રોની વાતો લખવા બેસીએ તો લગભગ ૨૫૨ થાય. (જો કે એ બધી અહીં છાપી શકાય કે કેમ એ એક પ્રશ્ન છે.)

આ રંગલો દરેક ચીજ-વસ્તુનું મૂલ્ય સમજે છે, કસે છે, ને એ વસ્તુ મેળવવા ઓછામાં ઓછું ચૂકવે છે. વખત આવ્યે પોતાની જાણકારીનો નિઃસંકોચ ઉપયોગ પણ કરી નાખે છે. એકવાર તેની પાસે પૈસા ખૂટ્યા. (કાયમ ખૂટતા જ હોય છે.) વડોદરાથી મુંબાઈ જવાનું ગાડીભાડું પણ પાસે નહિ એ દિવસોમાં. મફત મુસાફરી કરવાનું ફાવે નહિ. એ તો સુરસાગર તળાવ પાસે બેસી ગયો. પાસે કામ કરતા એક બૂટ પૉલિશવાળાનું પોર્ટ્રેઈટ દોરી નાખ્યું. લોકો ભેગા થવા માંડ્યા. કુતૂહલ જોવા માંડ્યા. જુવાન છોકરા-છોકરીઓનાં પૉર્ટ્રેટ આઠ આઠ આનામાં જયંતીએ દોરી આપ્યાં. એમ રૂપિયા પંદર એકઠા કરી નાખ્યા. આ રંગલો કશાથી શરમાતો નથી, એમ કોઈથી અંજાતો ય નથી. (હા, ક્યારેક જ્યોતીન્દ્ર દવે કે ગગનવિહારી મહેતાનું નામ આવતાં તેની આંખમાં આદરની ચમક દેખાય છે ખરી.) એ કોઈની તમા નથી રાખતો. બધાને પામર-કંગાળ ગણે છે. ખુદ પોતાને ય નબળા તરીકે ઓળખાવે છે. તેનું સૂત્ર છે : 'ગણ્યું જે નબળું નબળાએ, અતિ નબળું ગણી લેજે.'

આ જયંતી વિષે એક મિત્રે હમણાં જ મને ફરિયાદભર્યા અવાજે કહ્યું : તેને લેખ છપાવવો'તો ત્યારે તમને લઈને મારે ઘેર આવેલો. એક કલાક સુધી સરસ વાતો કરેલી. આપણને ગમ્મત કરાવેલી. ને આ વખતે મુંબાઈમાં મળ્યો ત્યારે જાણે મને ઓળખતો જ નથી એવું વર્તન કર્યું. જયંતી વિષે આ મિત્રની જેમ ઘણાને ગેરસમજ થતી હશે; પણ જયંતી Man of the moment છે. જેની સાથે જેટલી ક્ષણો તે વિતાવે છે તેટલી પ્રામાણિકપણે વિતાવે છે. બસ એટલી જ ક્ષણો આપણી. એ ક્ષણો ભૂલી જવા માટે હોય છે. આવનાર ક્ષણોની ખાતરી એ કેવી રીતે આપી શકે? 'જયંતી મારો દોસ્ત છે' એવું કહેનારા દુઃખી થાય છે, તેની પાછળે ય આ જ કારણ છે. એ ખુદ જ જ્યાં પોતાનો દોસ્ત નથી ત્યાં!...જયંતી સાથે દોસ્તી કરનાર રંગલાના બરડામાં ધબ્બો મારવા જાય (કે વાઈસે વર્સા) એ પેલો બળતો માણસ કેમ ચલાવી લે? ખુદ જયંતી જ પોતાને માટે કહે છે: 'તમે મારા "હું"ને ઓળખો છો? હું મારા હું-ને ઓળખતો નથી; પણ રંગલો મારા હું-ને ઓળખે છે, ને એટલે જ અમે ભવાઈ કરીએ છીએ. હસવાનું નાટક કરીએ છીએ. જીવવાનું નાટક કરીએ છીએ......' □

મૂક નમ્ર સેવાનો પાઠ આપતો સમજણનો એક અવસર

લેખક • મુકુન્દરાય વિ. પારાશર્ય

ઈ. સ. ૧૯૩૫-૩૬ની વાત છે. અમારું કુટુંબ ત્યારે શિહોર રહેતું. મારા પિતા સર પ્રભાશંકર પટ્ટણીના એક સેક્રેટરી હતા ને હું સામળદાસ કૉલેજમાં અભ્યાસ કરતો. રોજ સવારે નવ વાગ્યે જમી અમે ભાવનગર જતા ને રાત્રે પાછા આવતા. એકવાર મારા પિતાને તાવ આવ્યો. રાત્રે હું આવ્યો ત્યારે જાણ્યું કે તાવ સાંજે તો ૧૦૬ ડિગ્રી થઈ ગએલો. હું મૂંઝાયો. મારા પિતા એ વખતે જંપી ગએલા. કોઈ ડૉક્ટરને મોકલવા સર પ્રભાશંકરને તાર કરવા હું રેલવે સ્ટેશને જવા તૈયાર થયો ત્યાં મારાં મોટીબાએ મારાં બાને કહ્યું કે વહુ, મોઢું જોઈ આવો. કોઈ ઊભરો દેખાય છે? જોઈ આવીને મારાં બાએ કહ્યું કે મને તો નિરાંતે ઊંઘતા હોય તેવું લાગે છે. મારાં મોટીબાએ તાર કરવા જવાની ના કહી. બીજે દિવસ રાતથી પિતાને સારુ થઈ ગયું.

બેચાર દિવસ પછી રાત્રે અમે બે'ઠાંતાં ત્યારે મેં મોટીબાને પૂછ્યું કે તાવ ૧૦૬ ડિગ્રી થઈ ગયો હોય ત્યારે તો ઉપચાર માટે ડૉક્ટરને તેડાવવા જોઇએને? ઊંઘતા હોય તેથી વગર દવાએ રોગ મટે એમ કહેવાય? તેમણે કહ્યું કે રોગનો ઊભરો મોઢા ઉપર આવે. એ ઊભરો ઊંઘમાં વધારે આવતો હોય તો દરદી વધુપડતું માંદું છે એમ સમજવું. એનો ઉપચાર તરત કરવો જોઇએ. પણ ઊંઘમાં જો ઊભરો ઓછો હોય, નિરાંતની ઊંઘ હોય તો સમજવું કે દોડાદોડ કરવા જેવી હાલત નથી. તારા દાદા કે'તા કે સમજુ માણસ જાગતાં ઘણું છુપાવે છે, મોઢા પર કંઈ જણાવા દેતાં નથી, પણ ઊંઘમાં દરેક જાતના ઊભરા મોઢા પર વરતાઈ રહે છે. તું પ્રભાશંકરને પૂછજે. તને એ મહાભારતમાંથી દાખલા દઈ વાત સમજાવશે.

મારા પિતાએ એ વખતે સમજાવેલું કે નાનું બાળક ઊંઘતું હોય ત્યારે મરકે છે, જાગતું હોય તે કરતાં મોઢા પર પ્રસન્નતા ઊંઘમાં વધુ દેખાય છે, એટલે માબાપને પણ તે વખતે બાળકને હેત કરવાનું વધુ મન થઈ આવે છે. પણ જેમજેમ એ બાળક મોટું થાય તેમ તેમ પ્રસન્નતા ઓછી થાય. બાળકને કોઈ ખીજ્યું હોય તો ઊંઘમાં એ હીબકાં ભરી લે છે. જાગતાં જે થયું હોય તેની સીધી અસર એ હીબકાં દ્વારા ઊંઘમાં દેખાય છે. બાળક મોટું થાય એટલે સ્વાર્થ સમજતું થાય, સુખદુઃખ સમજતું થાય, જવાબદારી સમજતું થાય, તેમ તેમ ઊંઘમાં તેના મોઢા પર શાંતિ ને પ્રસન્નતા ઓછાં થતાં જાય. મન જેમ વધુ વિકારવાળું તેમ ઊંઘમાં એના ઊભરા મોઢા પર વધુ આવે. અગાઉ બાળલગ્નો થતાં ત્યારે પરણીને આવનાર વહુને સાસરામાં ગોઠે છે કે નહિ તે વહુ પોતે કહેતી નહિ. કાગળ લખાતા નહિ. ગળથૂથીમાં જ એવા સંસ્કાર હતા કે નાની વયે પરણીને આવી હોય તો યે સાસરિયાંમાં સુખ દેખાડતી ફરે. પણ એને સૂવાડ્યું હોય સાસુ પાસે. સાસુ ન હોય તો કાકીજી, ફઈજી, જેઠાણી કે મોટી નણંદ હોય તો તેની પાસે. એ સાસુ કે ઘરમાં જે પીઢ બાઈ હોય તે ઊંઘતી વહુના મોઢા પરથી પરણીને આવનારીને ફાવે છે કે કેમ તે પારખતી. હવે મોટી ઉંમરે લગ્ન થાય છે. વર જો સમજુ હોય તો વહુ મૂંઝાય છે કે નહિ તે પરખી શકે. વૃદ્ધ થએલાં માબાપ વહુદીકરાને પનારે હોય. વૃદ્ધો કંઈ બોલે નહિ, પણ એ ઊંઘતાં હોય ત્યારે એમનાં મોઢાં પર સંતોષ કે અસંતોષની છાયા સમજુ છોકરાં પરખી શકે છે. વગર કહ્યે વગર પૂછ્યે જાણવાની એ કળા છે.

ચારેક દિવસ પછી હું ભાવનગર રાત રોકાએલો. તે સાંજે સર પ્રભાશંકર ચાલીને ફરવા જતા'તા તેમની સાથે હું યે ગયો, ને મોટીબા તથા પિતા સાથે થએલી વાત કરી વિનંતી કરી કે મહાભારતનાં દૃષ્ટાંત સાથે તે મને આ વિષયે સમજાવે. તેમણે મને નીચે મુજબ સમજાવ્યું :

'પાંડવો લાક્ષાગૃહમાંથી બળતા બચ્ચા પછી વનમાં ચાલ્યા જતાતા. દિવસ આથમ્યો ને ઝાડ તળે બેઠાં. બધાં તરસ્યાં હોવાથી ભીમ પાણી શોધી લાવવા ગયો. ચારેક ગાઉ છેટેથી એ પાણી લઈ આવ્યો, ત્યાં બધાં થાકથી ઊંઘી ગયાં'તાં. ભાઈઓને અને વિશેષપણે માતા કુંતાજીને જોઈને ભીમને ખૂબ ખેદ થયો કે આ માને કેટલું કષ્ટ પડ્યું છે! વસુદેવનાં બહેન, રાજા કુન્તિભોજની પુત્રી અને પાંડુરાજાનાં રાણીને વનમાં પથારી વગર સૂવું પડ્યું છે એ જ માત્ર કષ્ટ નથી. કારણો ઊંડાં છે એ અમે બધાં જાણીએ છીએ. હસ્તિનાપુરમાં રાજમહેલમાં રહેવા છતાં માતાજી પોતે પિતા સાથે વનમાં પર્ણકુટિમાં સાથે રે'તાં તે વખતે અનુભવેલાં સુખની અનેક વાતો આનંદથી કરનારને વનજીવનનું દુઃખ ન હોય. એ જાગતાં હોય ત્યારે અમે મૂંઝાઈએ નહિ માટે મા હસીને વાતો કરે છે, પણ ઊંઘમાં એ પડદો રાખી શક્યાં નથી. દુઃખના ઊભરા મોઢા પર આવ્યા છે. આટલું બધું એમને આ ઉંમરે લાગે છે તો તે તરત દૂર કરવા અમારે મથવું જોઈએ. આવો સંકલ્પ કરી એ ચોકી કરવા જાગતો બેઠો.

'આવો બીજો પ્રસંગ દ્રૌપદીના સ્વયંવર વખતનો છે. દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવો બ્રાહ્મણ વેશે ગયા ત્યારે કોઈ એમને ઓળખી ન શક્યું. અર્જુન લક્ષ્યવેધ કરી દ્રૌપદીને સ્વયંવરમાં પરણ્યો. પછી દ્રૌપદીને લઈ પાંડવો કુંભારને ત્યાં ગયા. દ્રુપદરાજાએ પુત્ર ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે તું જા, જોઈ આવ. દ્રૌપદીને લઈ જનાર એ કોણ છે? કેવા છે? મારી એકની એક વ્હાલસોઈ દીકરી સાવ અજાણ્યા લોકો સાથે જવાથી કેવી દુઃખી થતી હશે? ધૃષ્ટદ્યુમ્ને પાછા આવી જવાબ આપ્યો કે એ લોકો કોણ છે તેની તો ખબર નથી પડી. પણ સુતી વેળાની વાતો ને વર્તન પરથી એ ક્ષત્રિયો છે તે નક્કી છે. અને બહેન દ્રૌપદીની ચિંતા કરવા જેવું નથી. એ લોકો ઘાસની પથારી કરી સૂતા ને તેની પાંગતે ઘાસની પથારી કરી દ્રૌપદી સૂતી. પણ તે પ્રસન્ન હતી, મોઢા પર દુઃખની રેખા ન હતી.

'આ બે પ્રસંગો મેં નાનપણમાં વાંચેલા. વાંચતાં મને ઘણા વિચાર આવ્યા ને મનમાં ગાંઠ બંધાઈ ગઈ કે માણસ ઊંઘે છે ત્યારે એના મનના ઊંડા ભાવો એના મોઢા પર તરી ઊઠે છે. એ પરથી એના મનનાં સુખ કે દુઃખ કેવા પ્રકારનાં ને કેટલાં ઊંડાં છે તે જાણી શકાય. આમ વિચાર આવતાં મેં ઊંઘતાં માણસનાં મોઢાં જોવાં શરૂ કર્યાં ને મને એ વાત સાચી લાગી. જે બીજી રીતે ન જાણી શકાય તેવું જાણવા મળ્યું. કોઈના લગ્નમાં કે કોઈના કારજમાં કે વરસી પ્રસંગે જવાનું થાય ત્યારે સગાંનો સમુદાય ભેગો થયો હોય. બેચાર દિ' રોકાવાનું હોય. એ બધાંની સગવડ જોવાને બહાને હું રાતે જાગતો ને ઊંઘતા માણસોનાં મોઢાં જોતો. મને લાગ્યું કે ઘણાં વૃદ્ધો જેઓ વ્યવહારકુશળ, પીઢ, જ્ઞાની, શાંતિની વાતો કરનારાં હતાં તેવાનાં મોઢાં પણ ઊંઘમાં એક યા બીજી રીતે વિકૃત લાગતાં. એમ લાગવા પાછળ કારણ શું હોઈ શકે તે જાણવા હું તેમના જીવનની, સંબંધોની, સ્થિતિની માહિતી મેળવતો અને એ ઉપરથી તેમની સાથે એકાંતમાં વાતો કરી કારણ જાણવા સફળ થવા લાગ્યો. પછી તો વગર પૂછ્યે પણ સમજાવા લાગ્યું. વિગતની ખબર ન પડે પણ કેવા પ્રકારનું કારણ હોય તે પકડાઈ જાય. સારા સ્વભાવનાં, શુદ્ધ વ્યવહારનાં માણસો કેવાં કેવાં નાનાંમોટાં કારણે બોલી ન શકવાથી દુખી થતાં હોય છે તે જોઈ એ કારણો મટાડવા મેં યત્ન કર્યા. તેમાં સફળ થયો. આપણી ન્યાતમાં અને બીજી ઘણી જગ્યાએ મારા તરફનો જે આદર છે તેના કારણમાં એ પણ એક છે.

'મોઢા પર દુઃખના જ ઊભરા દેખાય, એવું નથી. સ્વભાવ સ્વાર્થી, કપટી હોય તેવા નિરાંતે ઊંઘનારના મોઢા પર પણ સ્વભાવની ભાવરેખા ઊઠ્યા વગર રે'તી નથી. નિર્દોષતાની રેખા પણ ઊઠે છે. વ્યવહારનાં દુઃખની, કૌટુંબિક આપત્તિની, શારીરિક રોગની, અસંતોષની એમ જુદા-જુદા પ્રકારની રેખા હોય છે. એ અનુભવે ઓળખાય. તને દાખલો દઉં. છોકરો જુવાન થઈ રળવા લાગે ને પરણ્યો હોય ત્યારે તેને માબાપ હોય, ભાંડરડાં હોય, સંતાન હોય, કુટુંબમાં સૌને સુખી રાખવાં એ ગૃહસ્થનો ધર્મ. એમ કરે તો પોતે પણ સુખી થઈ શકે. ઘરડાં થએલાં માબાપ તો દીકરાને પનારે હોય એટલે એ પોતાનાં દુઃખ કે અસંતોષ બોલે નહિ, બધું બરાબર છે એમ જ કહે. પણ એ ઊંઘે ત્યારે એનાં મોંઢાં પર અ-સંતોષ કે દુઃખ હોય તે જણાયા વગર ન રહે. પોતે માબાપની ખૂબ સેવા કરતો હોય પણ પોતાની ગેરહાજરીમાં પત્ની કઈ રીતે વર્તતી હશે એ પુરુષને જાણવું સરળ નથી, કારણ કે જેને પનારે પડ્યાં છે તેનું વાંકું માબાપ સમજુ હોય તે બોલે જ નહિ. એટલે એ અસંતોષ કોના તરફથી હશે તેનું અનુમાન કાઢી માબાપનો અસંતોષ દૂર કરવા યત્ન થઈ શકે. ભાંડરડાંનાં દુઃખ પણ દૂર થઈ શકે. પોતાની સ્ત્રીને પણ પોતાથી કે કુટુંબથી સંતોષ છે કે નહિ એ પુરુષે જાણવું જોઈએ ને જાણી શકે, ને પછી મુશ્કેલી દૂર કરી શકે. મને તો આ જોવા સમજવાથી વધુ ફાયદો થયો છે. જેમનાં મોઢાં પર શાંતિ ને નિર્દોષતાની છાયા હોય એ લોકો ભલે ઓછું ભણેલા હોય ને ઓછી બુદ્ધિવાળા લાગે તો પણ તેમને કામની તક આપવાથી તેઓ ઘણું સારું કામ કરી શકે છે અને જવાબદારી અદા કરી બીજાંને પણ સુખી કરી શકે છે. ભાવનગર રાજ્યમાં ને બીજે મેં આવા માણસોને તકો આપી છે ને લાભ જોયો છે.'

મેં જ્યારે કહ્યું કે આ તો કરવા જેવું છે ત્યારે તેમણે જવાબ આપ્યો કે, 'વાત સાચી છે, પણ મનમાં એવો ઘમંડ ન હોવો જોઇએ કે હું બીજાંને ઊંઘતાં જોઈ, તેને શું દુઃખ છે તે નક્કી કરી તેનાં દુઃખ દૂર કરી દઉં. એવું અભિમાન રાખી ઊંઘતાંનાં મોઢાં જોવા નીકળીએ તો ભુલાવામાં પડી જવાય. પહેલી વાત તો મારાથી કોઇને દુઃખ ન થવું જોઇએ એવી ભાવના મનમાં હોવી જોઈએ ને ભાવના પ્રમાણે કાળજીભર્યું વર્તન હોવું જોઇએ. એ થાય પછી ઊંઘતાં માણસનાં મોઢાં પરના ભાવો વાંચવા સમજવાની સૂઝ આવે. એ સૂઝ આવ્યા પછી તે તે માણસની સાથે કેમ વાત કરવી, કઈ રીતે કારણ ને વિગત પકડવાં એ સમજાવા લાગે. આખી યે બાબત સફળ થવાનો આધાર મારે કરી બતાવવું છે એવા અહંકાર કે બુદ્ધિબળ પર આધાર રાખતી નથી, પણ આ કરી છૂટવું એ મારી ફરજ છે, એમાં મને સંતોષ છે, ન થઈ શકે તો એ સ્વભાવની ઊણપ છે, એવી લાગણી જોઈએ. એ કોઇને બતાવવાની કે કહેવાની વાત નથી. જેમનાં દુઃખ દૂર કરવા નીકળીએ તેને અણસારે પણ ખબર ન પડવી જોઇએ કે તેનું આપણે ઊંઘમાં મોઢું જોઇને તેને દુઃખ છે એમ તારવ્યું છે. વળી, આપણે તેનાં દુઃખ દૂર કરવા નીકળ્યા છીએ કે ઈંતેજાર છીએ તેમ પણ તેને કે બીજાને ન લાગવું જોઈએ. એવો એ છાનો વ્યવહાર છે.' □

ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૨

ફૉલોઑન થયા પછી વિજય !

ભરત ના. ભટ્ટ

ઈ. ૧૮૯૪-'૯૫ પ્રથમ ટેસ્ટ : સીડની, ડિસેમ્બર તા. ૧૪ થી ૨૦ ટૉસ–ઑસ્ટ્રેલિયા.

આ ટેસ્ટનો આરંભ નાટ્યાત્મક રીતે થએલો. ઑસ્ટ્રેલિયાએ દાવ આરંભ્યો અને રિચાર્ડસને ૨૧ રનમાં ત્રણ વિકેટો ખેરવી. ત્રણેય કલીન બૉલ્ડ. આ પછી મૅચનો રંગ પલટાયો ને ગીફેન તથા આયર્ડેલે (૮૧) એ ૧૭૧ રન ચડાવ્યા. જ્યારે ગીફેન અને ગ્રેગરીએ ૧૩૯. વળી ૮મી વિકેટની ભાગીદારીમાં ગ્રેગરી અને સુકાની તેમ જ મહાન વિકેટકીપર બ્લૅકહામે (૭૪) ૧૫૪ રન ચડાવ્યા. ગીફેને ૧૬૧ અને ૨૪ વર્ષના ગ્રેગ-રીએ ૨૦૧ રન કર્યા. ઑસ્ટ્રેલિયાનો ૫૮૬ રનનો (જેમાં ચાર જણના જ ૫૧૭ રન હતા.) આ જંગી જુમલો તે સમયે એક વિક્રમ હતો.

આની સામે પ્રમાણમાં ઠીક દેખાવ કરીને ઇંગ્લૅન્ડ ત્રીજા દિવસે ૩૨૫ રનમાં ઑલ આઉટ થયું ત્યારે તે પ્રથમ દાવમાં ૨૬૧ રન પાછળ હતું. વરસાદની આગાહી હતી એટલે ઑસ્ટ્રેલિયાના સુકાની બીજો દાવ લેવાનું જ પસંદ કરત, પરંતુ એ સમયે ફૉલોઑન ફરજિયાત હતું તેથી તેમણે ઇંગ્લૅન્ડને ફૉલોઑન કરવું પડ્યું. પ્રથમ દાવમાં ૭૫ રન કર-નાર વોર્ડે સંરક્ષણાત્મક રમત રમીને ૧૧૭ રન કર્યા. બ્લૅકહામને અંગૂઠે ઈજા થવાથી તેઓ વિકેટકીપિંગ ન કરી શક્યા તેનો લાભ પણ ઇંગ્લૅન્ડને મળ્યો. બીજા દાવમાં ઇંગ્લૅન્ડે ૪૩૭ રન કર્યા. બંને દાવમાં થઇને ઇંગ્લૅ-ન્ડના કેવળ ચાર બૅટ્સમૅનો જ ૧૦થી ઓછામાં આઉટ થએલા.

પાંચમા દિવસે બપોરે જીત માટે જરૂરી ૧૭૭ રન કરવા ઑસ્ટ્રેલિયા મેદાને પડ્યું ને દિવસને અંતે બે વિકેટે ૧૧૩ રન કર્યા. ગીફેન નોટ આઉટ હતા એટલે જીત હાથવેંતમાં હતી. બીજા દિવસે સવારે ગીફેન રાત્રે વરસાદ વરસી ગયાની નિશાની જોઈ સચિંત બન્યા. તેઓ બ્લૅક-હામને મળ્યા. બંનેને લાગ્યું કે આગલી સાંજે ૨૦-૩૦ રન વધુ કરી લીધા હોત તો ઠીક થાત. તેમનો ભય સાચો હતો. વરસાદથી કીચડ-વાળી બનેલી પીચ પર ઇંગ્લૅન્ડના બે ડાબેરી સ્લો બોલરો–બ્રીગ્ઝ અને પીલ–લગભગ અનપ્લેએબલ બની ગયા. આગલા દિવસના નોટ આઉટ બૅટ્સમૅનો સિવાય માત્ર ગ્રેગરી (૧૬) જ કાંઈક રમી શક્યા. ૧૩૦ રને ત્રીજી અને ૧૬૨ રને નવમી વિકેટ પછી હજી ૧૫ રનની જરૂર હતી, બ્લૅકહામ મેકલીઅડ સાથે જોડાયા, પણ અંગૂઠાની અસહ્ય વેદનામાં તેમણે પીલને વળતો કૅચ આપી દીધો. ઑસ્ટ્રેલિયા ૧૬૬ રનમાં આઉટ થયું. જેમાં ચાર જણ જ ૧૦નો આંકડો વટાવી શકેલા. ઇંગ્લૅન્ડનો ૧૦ રને વિજય થયો. પીલે ૬૭ રનમાં ૬ અને બ્રીગ્ઝે ૨૫ રનમાં ૩ વિકેટો લીધી. ટેસ્ટ ક્રિકેટમાં આવો આ એક જ દાખલો છે.

આ મૅચમાં થએલી ઈજા પછી બ્લૅકહામ કદી રમી ન શક્યા. જો કે ઇંગ્લૅન્ડ જીત્યું છતાં મૅચના 'વીર નાયક' તો ઑસ્ટ્રેલિયાના ગીફેન હતા. તેમણે મૅચમાં ૨૦૨ રન કર્યા ને ૧૧૮ ઓવર નાખી, ૨૩૯ રન આપી ૮ વિકેટો ખેરવી. એ અજોડ એવો ઑલ-રાઉન્ડ દેખાવ હતો.

બીજી ટેસ્ટ ઇંગ્લૅન્ડ ૯૪ રનથી જીત્યું ને ત્રીજી (૩૮૨ રને) તેમજ ચોથી (એક દાવ ને ૧૪૭ રને) ઑસ્ટ્રેલિયા જીત્યું. પાંચમીમાં વળી ઇંગ્લૅન્ડ ૬ વિકેટે જીત્યું. વિજયોનું પરિણામ જોતાં ઑસ્ટ્રેલિયા વધુ સબળ લાગે છે ને જો ખરેખર ફૉલોઑન ફરજિયાત ન હોત કે બ્લૅકહામને ઈજા ન થઈ હોત યા છેલ્લી રાત્રે વરસાદ ન પડ્યો હોત તો આ મૅચનું અને સીરીઝનું પરિણામ જુદું જ હોત.

ગીફેને આ સીરીઝમાં બંને પક્ષે સૌથી વધુ (૪૭૫) રન કર્યા હતા અને સૌથી વધુ (૩૪) વિકેટો લીધી હતી. જેને માટે સૉબર્સ પણ સ્વપ્નાં સેવે એવો એ દેખાવ હતો. હજી એ વિક્રમ કોઈ તોડી શક્યું નથી.

જીવનસોપાન

મહાકવિ નાનાલાલના જીવનની અગત્યની સાલવારી
મળી શકી ત્યાં એમના પોતાના શબ્દોમાં

નટવરલાલ ના. કવિ

ઈ. ૧૮૭૭: ૧૬મી માર્ચે જન્મ. (વિ. સં. ૧૯૩૩ના ચૈત્ર સુદ ૧ ગૂડી પડવો.)

ઈ. ૧૮૮૨: લોધીકા (રાજકોટ જિલ્લા)ની શાળામાં અભ્યાસ. 'રાડો પાડતા નાનાને લોધીકાની બજાર વચ્ચેથી નિશાળે મૂકી આવતા. એમ બજાર ગજાવતો નાનો લોધીકે 'બા, ચા પા'ના પાઠ ભણ્યો'.

ઈ. ૧૮૮૩: વેવિશાળ. કવિશ્રીની ઉમર ત્યારે છ વર્ષ અને માણેકબાની ત્રણ વર્ષ.

ઈ. ૧૮૮૭: વસંતપંચમી સં. ૧૯૪૩. ઉપનયન સંસ્કાર: ઘેરથી નાસીને વડતાલ ગયા.

ઈ. ૧૮૮૮: ભાદરવા વદ ૧૪–કવિશ્રીનાં માતુશ્રી રેવાબાનો સ્વર્ગવાસ.

ઈ. ૧૮૮૯: સાવરકુંડલામાં અભ્યાસ. ઘેરથી નાસેલા. બાર વર્ષની ઉમરે શ્રી મહાદેવ અંગરેની ટીમમાં અમદાવાદમાં કૅમ્પમાં ગોરાઓ સાથે ક્રિકેટ મૅચ રમવા ચાલતા જતા-આવતા. સાથે હતા શ્રી ગજાનન માવળંકર, શ્રી જીવણલાલ દીવાન, શ્રી દલસુખ સાહેબા વગેરે.

ઈ. ૧૮૯૦: (વૈશાખ સુદ ૫) માણેકબા સાથે લગ્ન. 'આતિથ્ય, મનમોટપ ને વિદ્વદ્-શુશ્રૂષા દલપતરામ માણેકલક્ષ્મીને ભળાવી ગયા. "મણિબહેન"ની મહેમાની અને ગુણવિશાળતા સૌરાષ્ટ્ર, ગુજરાત ને મુંબાઈ જાણતાં. માણેકબા દલપતકુળની કુળયોગિની છે.'

ઈ. ૧૮૯૨: ભણવામાં ડોઠ પણ કવિતા સ્ફુરી. 'શારદતમિસ્ર અને કવિતાજન્મનું વર્ષ. પહેલું કાવ્ય મિત્રને આશ્વાસન રૂપે. અજમેર પાસે તારાગઢની છાયામાં ફૂટેલી કાવ્યગંગોત્રી.' એક વર્ષમાં ચાર શાળાઓ બદલી: અમદાવાદ, દાજીરાજ હાઇસ્કૂલ વઢવાણ, અજમેર કૉલેજ, અને પાછા અમદાવાદ. ઘેરથી નાસેલા. નાનપણમાં ખૂબ તોફાની ને પોળની ખૂબ ફરિયાદ આવે. કવીશ્વર દલપતરામ તેમને મારતા. નાનાનું શું થશે તેની ફિકર સેવતા.

ઈ. ૧૮૯૩: મોરબી હાઈસ્કૂલમાં શ્રી કાશીરામ દવે ગુરુ. સારાં પુસ્તકોનું વાચન. '૧૮૯૩નો મોરબીવાસ જીવનપલટાનો સંવત્સર, દ્વિજને નવજન્મ અવસરનો યોગ. નવસાહિત્યનાં ચક્ષુ ને ઇતિહાસઅધ્યયન'. વર્ષ આખરે મૅટ્રિક પાસ.

ઈ. ૧૮૯૪: એલ્ફિન્સ્ટન કૉલેજ મુંબાઈમાં પ્રીવીઅસમાં નાપાસ. 'ક્રિકેટ એકાદશાવલિમાં દસ પારસી ખેલાડી, માત્ર એક જ હિન્દુ એ આ ગુજરાતી (નાનાલાલ).' કવિશ્રીની ક્રિકેટ-રમત વિષે હમણાં એક પત્રકારે લખ્યું છે કે 'કવિશ્રી એ કક્ષાની રમત રમતા કે વ્યવસાય અંગે ક્રિકેટ છોડી ન દીધું હોત તો મુંબાઈની ચતુરંગી મૅચોમાં હિંદુ ટીમના કૅપ્ટન બન્યા હોત.' હિંદુ ટીમના કૅપ્ટન પછીથી અખિલ ભારતીય ટેસ્ટ કૅપ્ટન થતા. કવિશ્રી વિખ્યાત જામ રણજિતસિંહજી સાથે પણ રમેલા.

ઈ. ૧૮૯૫: પ્રીવીઅસ પાસ. 'પ્રેમભક્તિ' તખલ્લુસની પ્રેરણા.

ઈ. ૧૮૯૬: ગુજરાત કૉલેજ અમદાવાદમાં ઈન્ટર આર્ટ્સ પાસ. બીજી ભાષા પર્શીઅન હતી. 'ગુજરાત કૉલેજમાં મારે દિશાનિર્ણય થયો— સાહિત્યનો અને જીવનનો'.

ઈ. ૧૮૯૭: બી.એ.માં ફિલૉસૉફી વિષય. 'જ્ઞાનસુધા' પત્રમાં પ્રથમ કાવ્ય 'શ્વેતાંબરી સન્યાસિની' 'પ્રેમભક્તિ' તખલ્લુસથી છપાયું.

ઈ. ૧૮૯૮: ડોલનશૈલીનો અવતાર. પૂના ડેક્કન કૉલેજમાં 'વસન્તોત્સવ' લખાયું. કવિશ્રીના પિતાશ્રી કવીશ્વર દલપતરામનો સ્વર્ગવાસ–માર્ચ ૨૫. 'દલપતરામના ઘરને ત્રીજે માળે હું વીસેક દિવસ ઉપર ઈન્દુકુમાર અને ડોલનશૈલી વિશ્વકલાસ્વામીએ ઉરદેશે અવતાર્યાં હતાં એ આલેખતો હતો. નીચે કવિતાના સાગરનો છેલ્લો ઓટ થતો હતો; ઉપર કવિતાની પહેલી ભરતી ચડતી હતી. મારા ત્યાં ગયા પછી દસેક મિનિટે પ્હરોડના ૩ ને ૩૫ મિનિટે દેહ થંભી ગયો.'

ઈ. ૧૮૯૯: બી. એ. પાસ. 'વસંતોત્સવ' પ્રકટ થયું.

ઈ. ૧૯૦૧: એમ.એ. પાસ–ઇતિહાસ વિષય સાથે. એલએલ. બી.નું પણ વાંચતા. ફર્સ્ટ લૉ પાસ કરી સેકન્ડની ટર્મ ભરી હતી. સાદરા સ્કૉટ કૉલેજમાં મુખ્ય અધિષ્ઠાતા તરીકે રૂ. ૮૦ના પગારે નોકરીમાં જોડાયા.

ઈ. ૧૯૦૩: આગલે વર્ષે સાદરામાં રાજકોટની રાજકુમાર કૉલેજ ત્યાંના પ્રિન્સિ. મેઈનની આગેવાની નીચે ક્રિકેટ રમવા આવેલી ત્યારે બે દિવસની કવિશ્રીની રમત, સરભરા ને કૉલેજનું કામ જોઈ પ્રસન્ન થએલા સાહેબે આ વર્ષે જુલાઈ માસમાં રાજકુમાર કૉલેજ, રાજકોટમાં રૂ. ૨૩૦ના પગારે અધ્યાપક તરીકે નીમ્યા. પ્રથમ પુસ્તક 'કેટલાંક કાવ્યો ભાગ ૧લો' પ્રસિદ્ધ થયું. 'પ્રેમભક્તિ ગ્રંથમાળા'નાં પ્રકાશનોનો પ્રારંભ.

ઈ. ૧૯૦૯: સીલોનનો પ્રવાસ. વિશિષ્ટ નાટક 'ઈન્દુકુમાર' (અંક પહેલા)નું પ્રકાશન.

ઈ. ૧૯૧૦: સંસ્કૃત ભાષાન્તરો. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના સમશ્લોકી અનુવાદનું પ્રકાશન.

ઈ. ૧૯૧૩: રાજકોટ રાજ્યમાં સરન્યાયાધીશ અને નાયબ દીવાન તરીકે જોડાયા.

ઈ. ૧૯૧૪: કાશ્મીરનો પ્રવાસ–રાજકોટના ઠાકોર સાહેબ લાખાજીરાજ સાથે. બીજા નાટક 'જયા જયન્ત'નું પ્રકાશન.

ઈ. ૧૯૧૬: રાજકુમાર કૉલેજમાં વાઈસ પ્રિન્સિપલ. બારેક વર્ષની કૉલેજની નોકરી દરમિયાન તેમની પાસે ભણેલા કુંવરોમાં જામનગરના અગિયાર, જેમાં કર્નલ હિંમતસિંહજી, જનરલ રાજેન્દ્રસિંહજી, શ્રી દુલીપસિંહજી, નામ૦ જામસાહેબ દિગ્વિજયસિંહજી મુખ્ય હતા. ધ્રાંગધ્રા રાજસાહેબ, વાંસદા મહારાજા ઈન્દ્રસિંહજી, પોરબંદર રાણાસાહેબ નટવરસિંહજી ને લીમડીના ચાર યુવરાજો પણ હતા.

ઈ. ૧૯૧૭: વડોદરામાં ચંદ્રજયંતીના પ્રમુખ.

ઈ. ૧૯૧૮: કાઠિયાવાડમાં કેળવણીખાતાના ઉપરી તરીકે. 'કાઠિયાવાડ સેવાસમાજ'ની સ્થાપના અને તેના પહેલા પ્રમુખ થયા. કવિવર રવીન્દ્રનાથ ટાગોરને આમંત્રણ ને તેમની સાથે સૌરાષ્ટ્રનો પ્રવાસ. કેળવણી અધિકારી તરીકેની એ કાળની સફળ કારકિર્દી વિષે શિક્ષકોએ હમણાં ત્રણ-ચાર વર્ષ પૂર્વે 'અખંડ-આનંદ'માં લેખો લખ્યા હતા.

ઈ. ૧૯૧૯: ઢસા દરબાર ગોપાળદાસના નિમંત્રણથી ઢસા (ગોપાળગ્રામ)માં કાઠિયાવાડ અંત્યજ પરિષદના પ્રમુખ.

ઈ. ૧૯૨૦: પાલીતાણામાં જૈન સાહિત્ય પરિષદના પ્રમુખ.

ઈ. ૧૯૨૧: રાષ્ટ્રીય અસહકાર-પ્રવૃત્તિના અનુસંધાનમાં સરકારી દમનનીતિના વિરોધ તરીકે સરકારી નોકરીમાંથી રાજીનામું. અમદાવાદમાં ભરાએલા કૉંગ્રેસ અધિવેશનમાં કામ કર્યું. અસહકારીઓથી મતભેદ થતાં બધું છોડી સાહિત્યસેવામાં પરોવાયા. જીવનના અંત સુધી સાહિત્યને ખોળે નભાવ્યું. 'ચિત્રદર્શનો'માં ગુજરાત વિષે શ્રેષ્ઠ કાવ્યો પ્રકાશન પામ્યાં.

ઈ. ૧૯૨૨: મુંબાઈ સરકારે કવિશ્રીને રાજકીય ગુનેગાર માની પકડવા વૉરંટ કાઢેલું, પરંતુ તેમની કવિ તરીકેની ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠાને લીધે અમદાવાદના કલેક્ટર ચેટફીલ્ડની ભલામણથી મુંબાઈ સરકારે તે વૉરંટ પાછું ખેંચ્યું. સૂરત નગીનચંદ હૉલમાં કવિશ્રીના હસ્તે નર્મદ ચિત્રમૂર્તિનું ઉદ્‌ઘાટન. ગાંધીજીની ધરપકડ થતાં હઠીભાઈની વાડીએથી આશ્રમે જઈ પૂ. કસ્તૂરબાને પોતાની ગાડીમાં પૂ. માણેકબા સાથે લઈ જેલે ગયા. ત્યાં તેમની મુલાકાત. બધાને પછી પોતાને ઘેર લાવ્યા હતા.



કવિ નાનાલાલ ૧૮૯૫માં
એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતા ત્યારે



૧૮૯૯માં
બી. એ. થયા ને 'વસંતોત્સવ' પ્રકટ થયું ત્યારે



૧૯૦૨માં
૨૫ની વયે સાદરા કૉલેજમાં હેડમાસ્તર




૧૯૦૪માં
રાજકોટ રાજકુમાર કૉલેજમાં નિમાયા ત્યારે



૧૯૦૯માં
અભિનવ નાટક 'ઈન્દુકુમાર' પ્રકટ થયું ત્યારે



૧૯૧૦માં
ભગવદ્‌ગીતાનો સમશ્લોકી અનુવાદ પ્રકટયો



યુવાનીમાં પત્ની તથા બે પુત્રો (ઉપર-મનોહર, નીચે અનુપમ) સાથે; સામે : યશઝળહળતી કારકિર્દીનો મધ્યાહ્ન તપતો હતો ત્યારે →



૧૯૧૬માં
રાજકોટ રાજ્યના ન્યાયાધીશ હતા ત્યારે



૧૯૧૬ની આખર
રાજકુમાર કૉલેજના વાઇસ પ્રિન્સિપલ



૧૯૨૧માં
કાઠિયાવાડ એજન્સીના વિદ્યાધિકારી



૧૯૨૯માં
ગુજરાતભરે ઊજવેલી સુવર્ણ-જયંતી વેળા



૧૯૩૧માં
અમદાવાદના સારસ્વતયજ્ઞનો મધ્યાહ્ન



૧૯૩૯માં
વન વટાવ્યું; મણિમહોત્સવ ઊજવાયો



ઈ. ૧૯૨૩: વડોદરામાં પ્રેમાનંદ જયંતીમાં પ્રમુખ.

ઈ. ૧૯૨૪: વસંતપંચમીએ અમદાવાદમાં 'ગુજરાત કળાપ્રદર્શન'નું ઉદ્‌ઘાટન. ૧૦મી ઑગસ્ટે મુંબાઈ રાષ્ટ્રીયશાળામાં નવલરામજયંતી. દશેરાએ અમદાવાદમાં ગોવર્ધનરામ જયંતી.

ઈ. ૧૯૨૫: અમદાવાદમાં દયારામ જયંતી. (૨૪મી મે). પંચમહાલ રેવાકાંઠા સાહિત્યસભાની સ્થાપના કરી.

ઈ. ૧૯૨૬: મુંબાઈમાં વિભાકર જયંતી ને સાહિત્ય અંગે ભાષણો. ભરૂચમાં શરદોત્સવ.

ઈ. ૧૯૨૭: માથેરાન અને મુંબાઈમાં ભાષણો.જન્મ સુવર્ણમહોત્સવ—મુંબાઈ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સૂરત, ડાકોર વગેરેમાં. વિશ્વદર્શન કરાવનાર 'વિશ્વગીતા'નું પ્રકાશન.

ઈ. ૧૯૨૯: કરાચીમાં સાહિત્ય-કળા મહોત્સવમાં.

ઈ. ૧૯૩૦: કવિશ્રીનાં પુત્રી વિનતાબાનો સ્વર્ગવાસ—જેમની પાછળ 'સંઘમિત્રા' નાટક લખાયું. જામસાહેબ રણજિતસિંહે નોકરી માટે બોલાવ્યા. સાહિત્યોપાસના ખાતર નોકરી ન સ્વીકારી. જવાબ વાળ્યો કે હું આખા ગુજરાતનું કામ કવિતા રચી કરું છું તેમાં જામનગરની વસ્તી આવી જાય. પણ આપનું કામ સ્વીકારું તો સમગ્ર ગુજરાતનું કામ નહિ થાય.

ઈ. ૧૯૩૧: સિદ્ધપુરમાં 'કૃષ્ણજીવન' ઉપર પ્રવચન. ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં શરદોત્સવ. 'કુરુક્ષેત્ર' મહાકાવ્યના બીજા કાંડમાંનું ગીત 'પાર્થને કહો ચડાવે બાણ' રાષ્ટ્રીય ચળવળની પ્રભાત ફેરીઓમાં ને યુદ્ધકાવ્ય તરીકે ગવાતું. ભાવનગર રાજ્ય કુન્તાજીના એ યુદ્ધટંકાર પર કવિશ્રીને રૂ. ૫૦૦નું વર્ષાસન આપતું.

ઈ. ૧૯૩૨: નવસારીમાં ભાષણ. માથેરાન જતાં રસ્તે મુંબઈમાં, ત્યાંની રાષ્ટ્રીય ચળવળના મુખપત્ર 'બુલેટિન'ના સૂત્રધાર શ્રી ચં. ચિ. મહેતા('સારથિ'નવલકથાનો બહારવટીઓ)ની મુલાકાતમાં સ્વતંત્ર ભારત હોય ત્યારે સાથી-મિત્રદેશ કોણ તેની ચર્ચા, કવિની 'સાઠે બુદ્ધિ નાઠી' ન હતી.

ઈ. ૧૯૩૩: મુંબાઈમાં 'વસન્તોત્સવ' ઉજવણી. 'જયા-જયંત'નો રૉયલ ઑપેરા હાઉસમાં નાટ્ય પ્રયોગ. તે ઉપરથી 'ગોપિકા' લખાયું.

ઈ. ૧૯૩૪: શ્રી કેશવ હ. ધ્રુવના અમદાવાદ ગુજરાત કૉલેજમાંથી વિદાય સમારંભમાં પ્રમુખ. ગુજરાત કૉલેજમાં કવિશ્રીના નામનું 'પ્રેમભક્તિ સાહિત્ય મંડળ' ચાલતું તે પ્રિન્સિપલ શિરાઝે રાજકીય ગંધવાળું ગણી બંધ કરી, ગુજરાતી 'લિટરરી સોસાએટી' સ્થાપી.

ઈ. ૧૯૩૫. મે માસમાં મોરબી શંકર આશ્રમમાં ઉત્સવ. 'ગુરુ દક્ષિણા'નાં ભાષણો. ડિસેમ્બરમાં હૃદયરોગનો હુમલો.

ઈ.૧૯૩૭: 'જન્મ-હીરક-મહોત્સવ'–સૂરત, ચાંદોદ-માંડવા, ગોધરા, નવસારી, સોનગઢ, પાલીતાણા, અમદાવાદ આદિ સ્થળોએ. વલસાડમાં શરદોત્સવના પ્રમુખ.વડોદરા આર્યકન્યા મહાવિદ્યાલય દીક્ષાન્ત સમારંભના પ્રમુખ.

ઈ. ૧૯૪૦: લગ્નની અર્ધશતાબ્દીની ઉજવણીમાં 'સોહાગણ' લખ્યું. 'કુરુક્ષેત્ર' મહાકાવ્યની સમાપ્તિ.

ઈ. ૧૯૪૧: મુંબાઈ, અમદાવાદ, વડોદરા, કરાચી, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર આદિ સ્થળોએ 'ગોપિકા' નાટકનો પ્રયોગ. તેના ઉપરથી 'જગતપ્રેરણા' નાટક લખાયું. અમદાવાદના કોમી રમખાણ વખતે શ્રી મેઘાણીને 'મુખડા ક્યા દેખો દરપનમેં'ના કેસમાંથી છોડાવનાર વકીલ શ્રી હિંમતલાલ શુક્લને બંગલે બેઉના સન્માન સમારંભમાં.

ઈ. ૧૯૪૨: દલપતવંશની ૧૧૧ વર્ષની સાહિત્યોપાસનાની ઉજવણી. ઈ. ૧૯૧૩માં પૂ. માણેકબા દ્વારકાજી દર્શને ગયાં હતાં ત્યારે મંદિરમાં ટેરો-પડદો પડચો હતો. ન જમવાનાં નીમ હતાં તેથી મુખ્યાજીને દર્શન માટે વિનંતી કરી. ન માન્યા. અંતે ત્યાં બેસી રહ્યાં ને એકાએક અકસ્માત ચમત્કાર થયો; પડદો પડી ગયો ને દર્શન થયાં. કવિશ્રીને પણ ૧૯૪૨માં ભયંકર છેલ્લી માંદગીમાં ભગવાનનો સાક્ષાત્કાર થયો અને ઘરમાં બધાને કહે કે હવે હું મરવાનો નથી, કોઈ ફિકર ન કરે. આ બે પ્રસંગનાં કાવ્યો 'હરિદર્શન' અને 'વેણુવિહાર' લખ્યાં.

ઈ. ૧૯૪૩: ડાકોરજી અને દ્વારકાજીનાં મંદિરોમાં 'સંહિતા'ની કથા કરી—વાંચી.

ઈ. ૧૯૪૪: 'કુરુક્ષેત્ર' મહાકાવ્યના છેલ્લા લાગતા અંકોડા સમ 'દ્વારિકાપ્રલય'નું પ્રકાશન, જેમાં શ્રી કૃષ્ણચંદ્રની સોનાની દ્વારિકા ડૂબી અને અત્યારની દ્વારકા બની, યાદવાસ્થળીમાં યાદવો મરાયા અને દ્વાપર ઊતરી કળિયુગ બેઠો એનું અદ્‌ભુત વર્ણન—ચિતાર.

ઈ. ૧૯૪૫: અમદાવાદની ગુજરાત કૉલેજમાં કવિશ્રીનું તૈલચિત્ર મુકાયું. વાંસદા મહારાજા સાહેબ સ્વ. ઈંદ્રસિંહજીએ કૉલેજને ભેટ કર્યું અને પોરબંદર રાણાસાહેબ શ્રી નટવરસિંહજીએ એ ખુલ્લું મૂક્યું. ડિસેમ્બરમાં સમસ્ત ચોરાશી બ્રાહ્મણજ્ઞાતિ તરફથી માનપત્ર.


ઈ.૧૯૪૬: ૯મી જાન્યુઆરી, પોષ સુદ ૭ને બુધવારે રાત્રે ૧૧-૩૫ સમયે સ્વર્ગવાસ. તે અગાઉ પહેલી તારીખે જીવનનું છેલ્લું અને વ્રજભાષામાં પહેલું કાવ્ય લખ્યું, 'कालकी कुंजनमें कन्दुक खेलैयो आयो नंदको छैयो हमारे द्वार !' આરંભેલું વિરાટ કાવ્ય 'હરિસંહિતા' અધૂરું રહ્યું. જેટલું લખાયું હતું તે સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન સ્વ. જવાહરલાલ નેહરુના હસ્તે ૧૯૫૯માં પ્રસિદ્ધ થયું.

શતરંજના કોયડા

સુરેશ મોદી

છેલ્લા બે અંકમાં આપણે Self-mate કોયડા જોયા. આ વખતે આપણે એક જુદી જાતનો કોયડો જોઈએ. તેમાં Help-mate in twoની શરત છે. Help-mate કોયડામાં ચાલીની ચાલ કાળાની હોય છે. કાળો પોતાના રાજાને મ્હાત કરવામાં તે સફેદને મદદ કરે છે. બંને પક્ષના હેતુ એક જ હોવાથી આવા કોયડામાં વિકલ્પો હોતા નથી; પણ આ કોયડામાં Set-play છે, એટલે કે કાળી–સફેદ–કાળી–સફેદ એમ બન્નેની બે ચાલ ઉપરાંત સફેદ–કાળી–સફેદ ચાલ પછી પણ મ્હાત છે. Set-playમાં તેમજ ઉકેલમાં મ્હાત જુદા હોવા જોઇએ; પણ તે મ્હાત એકબીજાથી સંબદ્ધ હોય તો કોયડો રસમય બને છે.

T. Steudel



✓ Help-mate in two (with Set-play)

Set-play; 1..., PE8 (=R); 2Sg7, Pd8 (=S).

ઉકેલ: 1 Sg7, P×f8 (=B); 2 SE8, P×E8 (=Q).

અહીં Set-play તેમજ ઉકેલમાં મ્હાત તદ્દન જુદા છે. તે બન્ને મળીને પ્યાદાનું વજીર, હાથી, ઊંટ તેમજ ઘોડો એમ ચારેય મહોરાં બનાવતું Promotion બતાવાયું છે તે બન્ને મ્હાતને જોડતી કડી છે તેમ કહી શકાય.



પચ્ચીસ વર્ષ પહેલાં

મે ૧૯૫૨ • સળંગ અંક ૩૪૧

શ્રી વિનોદ ભટ્ટે આ અંકમાં જેમનો પરિચય પોતાની 'નજરે' કરાવ્યો છે તે હાસ્ય અદાકાર અને કટાક્ષકલાકાર જયંતી પટેલે 'ટાઈમ્સ ઑવ ઈંડિયા'ના કાર્ટૂનિસ્ટ શ્રી આર. કે. લક્ષ્મણનો કરાવેલો પરિચય યોગાનુયોગ આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો, તે જોઈએ :

'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ની ભવ્ય ઈમારતને ત્રીજે માળે, કલાવિભાગમાંની પોતાની કૅબિનમાં પેન્સિલ છોલતાં છોલતાં, બીજા દિવસના એક માટેના વ્યંગચિત્રનો વિચાર કરતા ૨૮ વરસના એક જવાનિયાને જોઈને પહેલાં તો તમને માન્યામાં જ ન આવે કે પોતાની તીખી કલમથી દર અઠવાડિયે ભલભલા રાજપુરુષો ને મહાપુરુષોનાં છોડિયાં પાડી નાખનાર વિરલ પ્રતિભાવાન કલાકાર આર. કે. લક્ષ્મણ તે આ જ! ને બીજું સાનંદ આશ્ચર્ય એ જાણીને થાય કે મદ્રાસના જાણીતા અંગ્રેજી વાર્તાકાર આર. કે. નારાયણના એ નાના ભાઈ થાય!

મદ્રાસ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વિષયો સાથે ગ્રૅજ્યુએટ થએલા હોવા છતાં, એમણે ભાવિ કારકિર્દીના સરળ દેખાતા પંથે ન જતાં પોતાના છેક નાનપણથી જ રસના વિષય બનેલા 'કાર્ટૂનિસ્ટ'ના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. એ કહે છે કે અભ્યાસકાળ દરમ્યાન પણ પોતાની લગની અને ધૂન તો 'વ્યંગચિત્રો'ની જ હતી. કાર્ટૂનો દોરવા સિવાય બીજી કોઈ વાતમાં રસ નહોતો પડતો. અને એ દિશામાં જરૂરી એવાં બધાં જ પાસાંનો એકનિષ્ઠ અને ચીવટપૂર્વકનો અભ્યાસ એ કરી ચૂક્યા છે.

મદ્રાસના જાણીતા સિને ફીલ્મ-ઉત્પાદક 'જેમિની સ્ટૂડિયો'માં તેમણે શરૂઆતમાં હાલતાંચાલતાં કાર્ટૂન-ચિત્રોની ફિલ્મો માટે 'ઍનીમેટેડ કાર્ટૂનો' દોરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમાં સફળ નિષ્ફળતા પામ્યા! પછી મદ્રાસનાં સ્થાનિક અઠવાડિકો તથા દૈનિકોમાં કાર્ટૂનો કરવા માંડયાં. તેમાંની આશાસ્પદ કલમ મુંબાઈના જાણીતા પત્રકાર શ્રી એસ. સદાનંદે પારખી અને પોતાના દૈનિક 'ફ્રી પ્રેસ જર્નલ' માટે તે એમને મુંબાઈ ખેંચી લાવ્યા. એ પત્રમાં તેમણે કરેલી રીતસરની શરૂઆત ઉત્તરોત્તર એટલી વિકસતી ગઈ કે 'ટાઈમ્સ ઑવ ઇંડિયા' જેવા પીઢ ને પ્રતિષ્ઠિત પત્રનું ધ્યાન પણ તેનાતરફ ખેંચાયું; અને Denleyના નામથી વ્યંગચિત્રો કરતા પોતાના કાર્ટૂનિસ્ટ Leyden અન્યત્ર રોકાયા ત્યારે તેણે લક્ષ્મણને પોતાને ત્યાં ખેંચી લીધા. આવડું વિશાળ ક્ષેત્ર મળતાં સ્વાભાવિકરીતે જ પ્રતિભાને પોરસ ચડે. અને ત્યાર પછી પોતાની પીંછી વડે લાખો લોકોને ગલગલિયાં કરાવતાં લક્ષ્મણે દેશના પ્રશ્નોને જે સચોટતાથી પ્રજાના હૈયામાં ઉતારી દીધા છે તે તો હવે રોજેરોજનો બનાવ છે.



આર. કે. લક્ષ્મણે કરેલો પોતાનો સ્કેચ

મનમાં કંઈ કંઈ કલ્પના કરતાં 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના ત્રણ માળ ચડીને તમે તેના ચિત્ર વિભાગમાં એમની સમક્ષ આવીને ઊભા રહો એટલે એક વ્યંગચિત્રકારને મળતાં અગાઉ તમારા દિલે કરેલા બધા ખયાલો ખોટા પડે. પહેલી નજરે તો તમને લક્ષ્મણ અત્યંત સ્વસ્થ અને શાંત માણસ લાગે. પણ એ સ્વસ્થતાની પાછળ કોઈ પણ વસ્તુનું હાર્દ પકડી લેવાની રહેલી વેધક દૃષ્ટિનો પરિચય તો એમની સાથે થોડી વાત કરતાં જ થઈ જાય છે. બપોરનું ખાણું લેતી વખતે એ કંઈ જાતજાતના રંગે રંગાએલા માણસો જોડે ગપ્પાં મારી શકે છે; ને રેસ્ટોરાંમાં જ ખાણું લે છે, એટલે સ્વાભાવિકરીતે એ વાત સ્પષ્ટ સમજાશે કે 'ઘર માંડવા'ના પ્રયાસમાં હજુ એ સફળ થયા નથી!

ચેતના રેસ્ટોરાંમાં 'કુમાર'નો અંક મેં તેમના હાથમાં મૂકતાં જ કલામાં રસ લેનાર ગુજરાતી તરીકે મને ઓળખી કાઢ્યો ને એમણે તરત જ કહ્યું કે કાર્ટૂનકલામાં ગુજરાતનો ફાળો વિશિષ્ટ છે. એમની સમક્ષ પહેલો પ્રશ્ન રજૂ કરતાં મેં પૂછ્યું કે રાજકીય વ્યંગચિત્રની વિશિષ્ટતાઓ શામાં રહી છે? તેમણે કહ્યું કે 'એ કલાના વિકાસ માટે આપણે ત્યાં હજી ખૂબ વિશાળ ક્ષેત્ર પડયું છે. એ ક્ષેત્રના શરૂઆતના ખેડાણનો યશ શંકરને ફાળે જાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એવો સાચો પ્રતિભાશાળી કલાકાર 'ડેવિડ લો' છે. કટાક્ષકલાકાર વિષે લોનું પેલું સૂત્ર છે: 'Nuisance dedicated to sanity' (ડહાપણની સેવામાં સમર્પિત ઉપદ્રવ)! એ નાનાસરખા વાક્યમાં વ્યંગચિત્રકારના વ્યક્તિત્વની ખૂબ સુંદર અને ચોટદાર સમજ તેણે આપી દીધી છે.

વળી જગત જેવું છે તેવું અને જેવું હોવું જોઈએ તેવું, એ બે વચ્ચેના તફાવતને જોઈ તથા દર્શાવી શકે એ વ્યંગચિત્રકારનું આવશ્યક તત્ત્વ છે. વ્યંગચિત્રકાર હસતાં હસતાં પોતાની લાક્ષણિક શૈલીમાં પ્રબળ રીતે એ રજૂ કરે છે. આમ, રાજકીય વ્યંગચિત્રકારનું કામ નેતાઓના ગુણદોષ દર્શાવવા ઉપરાંત સામાન્ય નાગરિકને તેની ફરજ પ્રત્યે સભાન કરીને, મનુષ્ય સ્વભાવની ખૂબીઓ સાથે વર્તમાન સમયનું સાચું મૂલ્યાંકન કરાવવાનું છે. આ કાર્ય વ્યંગચિત્રકાર સીધી કરતાં આડી રીતે કરીને, એટલે કે બેવકૂફીને ઉઘાડી પાડીને, શઠતાને સ્પષ્ટ કરીને અને મૂર્ખતા પ્રત્યે ખડખડાટ હસીને પાર પાડે છે. પોતાનું વેધક તીર તે ધારેલી જગ્યાએ મારે છે, અને મારીને માત્ર અનિષ્ટનો નાશ જ નથી કરતો, પરંતુ કોઈ અજબ રીતે અનિષ્ટના વિનાશની સાથોસાથ ઈષ્ટનું સર્જન પણ કરે છે.'

મેં બીજો પ્રશ્ન પૂછ્યો: 'વ્યંગચિત્રકાર થવાની શરૂઆત કરનારને તમે શાં સૂચન આપો છો?'

'એવાઓએ તો ક્યારની શરૂઆત કરી જ દીધી હશે. આ કલા કાંઈ કોઈના કહેવાથી તમે કરો અને સફળતા પામો તેવી નથી. તેને માટે કટાક્ષ ને ટીખળથી જોવાની દૃષ્ટિ શરૂઆતથી જ હોય. જોકે એટલું જ બસ નથી. બીજા બધા વિષયોની માફક આમાં પણ ચિત્રકળાનો શાસ્ત્રીય અભ્યાસ જરૂરી છે. બાકી, માત્ર ચિત્રકલાના બધા નિયમો જ જાણી લેવાથી, વ્યંગ-

'વનફૂલે' નવા જ દૃષ્ટિકોણથી આલેખેલું એક મધુર ચિત્ર

અક્ષમની આત્મકથા

એ જે દિવસે મારી છાતી પર મુખ ઢાળી ધ્રૂસકે ધ્રૂસકે રડી હતી તે દિવસની વાત હું ભૂલ્યો નથી. નિતાન્ત સુંદર એનું મુખ મારી છાતી પર મૂકી શું એનું એ રુદન! કોઈ જ વાત નહિ; કેવળ રુદન! અંધકારભર્યો ઓરડો—સૂચિભેદ્ય અંધકાર! એ અંધારી રાત્રે એ અને હું બંને એકલાં. બીજું કોઈ નહિ. એના અશ્રુજલે મારી છાતી ભીંજાઈ ગઈ હતી. એની અવ્યક્ત વેદનાએ સમસ્ત અંધકાર થંભી ગયો હતો... અને હું નિર્વાક.

વળી એક દિવસની વાત યાદ આવે છે. તે દિવસે અંધકાર નહોતો. તે દિવસે ચાંદની પૃથ્વી પર રેલાઈ રહી હતી. મને છાતીમાં ઘાલી જે ઉન્માદ એણે પ્રકટ કર્યો હતો, તે વર્ણવવા શબ્દો નથી. તેના હૈયાનું સ્પંદન મેં સાંભળ્યું હતું ઉન્મત્ત એ સ્પંદન! તેના સ્પંદિત વક્ષે મારા સર્વાંગમાં જે મધુર કંપ પેદા કર્યો હતો તે મેં એને પણ કહ્યું નહોતું. કહેત તો એ સમજત પણ નહિ. કહેવાથી શું લોકો બધી વાત સમજે છે ખરાં?...અને હું કહી શકત પણ ખરો?

વળી એક દિવસની વાત: એ ઊંધી પડી સૂતી હતી. હું પાસે જ હતો. નિર્જન બપોર. એ એક પુસ્તક વાંચતી હતી. હું મુગ્ધ બની એને જોઈ રહ્યો હતો. શો અપૂર્વ એનો દેહ! જાણે પ્રફુરિત એક શતદલ! પરિપૂર્ણ યૌવન-નદી–દેહના કૂલ કૂલ ઉદ્દામ થઈ ગયા હતા. વસ્ત્રપરિધાનનું આવરણ એને જાણે ઢાંકી શકતું નહોતું. એ તુચ્છ સાળુએ તેનો યૌવન-સ્પર્શ પામી નૂતન મહિમા પ્રાપ્ત કર્યો હતો. લાલચોળ પહોળી કિનાર મર્માન્તિક રીતે લાલ હતી. અન્યમનસ્ક બની એણે એકવાર પોતાનો હાથ મારા પર મૂક્યો. મારા સમસ્ત દેહમાં જાણે વિદ્યુતપ્રવાહ વળી ગયો. એ શું એ સમજી શકી હતી ખરી? ના નહોતી સમજી...મારી પાસે પણ બોલવાને ભાષા નહોતી.

કોઈ દિવસ મેં એને કશું જ કહ્યું નથી. અને વળી હું તો એનો નિત્ય સંગી હતો. તેનું સુખ, તેનું દુઃખ, તેની ઉત્તેજના, તેનો અવસાદ બધું જ અનુભવતો. એ તો જો કે એક દિવસ પણ, એક પળ માટે પણ મારો વિચાર કરતી નહિ—ના વિચારતી જ નહિ, એ હું સોગંદપૂર્વક કહી શકું છું. શા માટે વિચારે? નારી છલનામયી.

આ! ખરે એ આવ્યો. જેની આશામાં તેનું અંતર ઉછાળા મારતું, જેના વિરહમાં નયનપલ્લવમાંથી અશ્રુ ઝરતાં, જે મળશે કે નહિ એ સંદેહના ઝૂલામાં આટલા દિવસ ઝૂલતી હતી, તે એક દિવસ સદેહે વરરાજા બની આવી પહોંચ્યો અને એને મેળવી લીધી.

હું કંઈ જ બોલ્યો નહિ. મારી આંખો સામે એમનું પ્રેમ-મિલન નીરવે નીરખી રહ્યો. પૃથ્વીમાં આવું જ બનતું હોય છે.

હું કેવો દેખાઉં છું, ખબર નહિ. વખતે ખરાબ પણ. વિશ્વાસ કરજો મારે ય જીવ છે, હું પણ અનુભવ કરું છું હું દેખાવમાં ખરાબ જ હોઈશ ને? મારું સમસ્ત અંગ મેલું! જોકે દર અઠવાડિયે મારું બહિરાવરણ એકવાર બદલાય છે, તો યે આ વાત લજ્જા સહિત સ્વીકારું છું કે મારું અંગ મલિન છે. તેલથી લદબદતું. મેલું શાને? તેના જવાબમાં હું એટલું જ કહી શકું કે હું અક્ષમ–અશક્ત છું. કલ્પનામાં હું વિલાસી, પણ શું કરું? અસલમાં તો હું ઓશીકું–નાનકડો તકિયો માત્ર. મારે હાથ નથી, પગ નથી. તેના દુખનાં આંસુથી મારું વક્ષ ભીંજાયું છે; સૂરના સ્પંદને સર્વાંગ સ્પંદિત થયું છે. તેની ગોપન પ્રેમલિપિકા એણે નિર્ભય પણે મારી નીચે છુપાવી રાખી છે. તેના અંતરની સમસ્ત નિગૂઢ વાતો હું જ જાણતો; તો યે એણે મારી અવહેલના કરી મને છોડી દીધો અને પરણી માણસને!

—જેને એ કેટલું ઓળખતી હશે!

સુકન્યા ઝવેરી

ચિત્રકારની પ્રતિભા વિના, કોઈ હાસ્ય નિષ્પન્ન કરી ન શકે. એટલે મુખ્ય વાત તો એ પ્રતિભા હોવાની છે. એ હોય તો પછી ચિત્રકલાની અમુક સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તે તેની પોતાની શૈલી શોધી કાઢે છે. પરંતુ તે અગાઉ પીઠિકા તરીકે ચિત્રકલાના શાસ્ત્રનો અભ્યાસ તો ખાસ જરૂરી છે જ. જેમ એક ડૉક્ટર, એન્જિનિયર કે સ્થપતિમાં તેના ધંધાની ઝીણામાં ઝીણી શાસ્ત્રીય આવડત જરૂરી છે તેમજ.'

મેં પૂછ્યું: 'વ્યંગચિત્રકારની એક વ્યવસાયી તરીકે આપણા દેશમાં કેવી પ્રતિષ્ઠા છે?'

જવાબમાં ધીમું હસી, આંખ મિચકારતાં તેમણે કહ્યું: 'મારા ઉપરથી જ તમને શું લાગે છે?' અને પછી ઉમેર્યું કે 'બીજા કોઈ પણ ધંધાના મુકાબલામાં આ ધંધો ઊભો રહી શકે છે. પણ હા; તમે જો એમ માનતા હો કે મારાં ચિત્રોમાં જેમની હું ખબર લઉં છું તે બધા જ લોકો મારી આરતી ઉતારતા હશે તો તેમાન્યતા ભૂલભરેલી છે. પરંતુ કેટલાક 'દાના દુશ્મનો' પણ હોય છે. હમણાં જ પાકિસ્તાનની મુલાકાતે આવેલા ફીલ્ડ માર્શલ ઑકિનલેકનું ચિત્ર મેં દોર્યું હતું. તેમાં તેમની ખોરી દાનત મેં સ્પષ્ટ કરી હોવા છતાં તેમણે એ ચિત્રની મૂળ પ્રત મારી પાસેથી માગી લીધી છે.'

'વ્યંગચિત્રકલાના ક્ષેત્રમાં તમે તેની વિવિધ શાખાઓના જે જે વિશિષ્ટ કલાકારો તરફ આકર્ષાયા હો તે કોણ કોણ છે?'

'રાજકીય વ્યંગચિત્રની કલામાં તો, અલબત્ત, ડેવિડ લોનો હું પ્રશંસક છું. વ્યંગચિત્રકલાની હથોટી અને વિચારોના સામર્થ્યમાં હજી સુધી તેનો કોઈએ મુકાબલો કર્યો નથી. ઠઠ્ઠાચિત્ર (ગૅગ કાર્ટૂન)માં હું 'પંચ'ના ચિત્રકાર ડેવિડ લૅંગડનનો પ્રશંસક છું. ચિત્રની નીચે કોઈ પણ જાતના લખાણની લીટી સરખી યે લખ્યા વગર, યા વિષય પરત્વે લેશમાત્ર ડંખ લાવ્યા વિના તે ખડખડાટ હસાવે છે. જ્યારે હાસ્યપટ્ટી–સ્ટ્રિપ કાર્ટૂનના વિભાગમાં લીલ ઍબનરે સર્જેલા પાત્ર 'અલકાપ'નો હું ચાહક છું. એનું સ્થાન અંગ્રેજી સાહિત્યના ડિકન્સના જેવું જ છે.'

હવે તેમની સમક્ષ છેલ્લો સવાલ મેં મૂક્યો કે 'રાજકારણના ક્ષેત્રમાં તમારું સૌથી પ્રિય પાત્ર કયું છે? અને તમે તો બધામાં કંઈ ને કંઈ દોષ કે ઊણપ જુઓ જ છો; એટલે તમને તો જગત પ્રત્યે કંઈ જ રસ નહિ હોય, ખરું ને?'

'તમે જો મારાં ચિત્રો નિયમિત જોતા હો તો મારું પ્રિય પાત્ર ઘણી વાર તેમાં આવે છે: સાદી કાળી ટોપી પહેરેલો, થોડી મૂછોનાં તણખલાંવાળો ને નબળા શરીરમાં છુપાએલો, ગરીબડા દેખાવનો સામાન્ય માણસ—'કૉમન મૅન' એ મારું પ્રિય પાત્ર છે. એ 'સામાન્ય માણસ' કુદરત અને કાયદાની આ બધી હાડમારીઓ સહન કરે છે અને છતાં તમારા દેશનું ગૌરવ ટકાવે છે, જેને હમેશાં આનંદમાં રાખવા અને તેના વિચારોના પ્રવાહને જીવંત રાખવામાં હું મદદ કરું છું. બાકી તમારા પ્રશ્નનો છેવટનો ભાગ (મને જગત પ્રત્યે કોઈ રસ જ નહિ હોય) તો એવો છે કે મને વૈરાગ્ય આવીને હું બાવો કેમ ન થઈ ગયો! ખરું પૂછો તો હું વસ્તુઓની ઊણપો જોઉં છું ખરો, પણ તે પેલા દોષદેખા નિરાશાવાદીની દૃષ્ટિએ નહિ, પરંતુ સર્જનાત્મક વિવેચકની દૃષ્ટિએ. હું જે જે ચીતરું છું તે બધી જ વસ્તુમાં મને રસ હોય છે માટે જ ચીતરું છું. તેવી જ રીતે હું જેનેજેને ચીતરું છું તે વ્યક્તિઓ પ્રત્યે મને રોષ કે તિરસ્કાર છે તે માટે જ નહિ, પરંતુ તેમના વ્યક્તિત્વમાં મને મમત્વ છે તેથી જ. બોલો, હવે તમારી ઈચ્છા હોય તો તમારું પણ કાર્ટૂન કરું!' મેં કહ્યું: 'માફ કરજો; પણ હું પોતે જ કાર્ટૂન છું!' □

કલાવાર્તા

ભારતીય મંદિર-સ્થાપત્યમાં દિક્પાલ

વૈદિક સાહિત્યમાં અનેક સૂક્તો ને ઋચાઓમાં વિવિધ દિશાઓના અધિષ્ઠાતા દેવોનાં સ્તુતિ-વર્ણનો જોવા મળે છે. આપણે ત્યાં દસ દિશાઓની કલ્પના છેક પ્રાચીન કાળથી પ્રચલિત છે. એમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચાર મુખ્ય દિશા; ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય એ ચાર વિદિશા (વિકોણ) તથા આકાશ અને પાતાલ એમ કુલ દસ દિશા ગણાય છે. વેદોમાં મુખ્ય ચાર દિશાના અધિપતિ-દિક્પાલ તરીકે ઈન્દ્ર, યમ, વરુણ અને સોમનાં સ્તુતિ-વર્ણન છે. પછીના કાળમાં વિદિશાના દિક્પાલો ઈશ, અગ્નિ, નૈઋતિ ને વાયુને સ્થાન મળ્યું છે. આગળ જતાં ઊર્ધ્વ આકાશના દિશાપતિ બ્રહ્મા તથા અધોપાતાલના અધિષ્ઠાતા અનંત દેવનો પણ સ્વીકાર થયો છે.

આ સર્વ દિક્પાલોને લોકપાલ પણ કહ્યા છે. મંદિર કે દેવપ્રાસાદના મંડોવરની જંઘામાં વિવિધ દેવદેવીઓ ને દેવાંગનાઓની સાથે જે તે દિશામાં તેના અધિપતિ દેવતાની મૂર્તિઓ પણ કંડારવામાં આવે છે. મંદિરના કક્ષાસનની વેદિકામાં, સ્તંભોની જગતીમાં ને વિતાન (ઘૂમટ)માં પણ ક્યાંક ક્યાંક દિક્પાલની પ્રતિમાઓ જોવા મળે છે.

આઠ દિશા-વિદિશામાં તેના અધિપતિ મૂકવા ઉપરાંત અધોપાતાલના દેવ અનંતને પશ્ચિમ-નૈઋત્યની વચ્ચે તથા ઊર્ધ્વાકાશના દેવ બ્રહ્માને પૂર્વ-ઈશાનની વચ્ચે કંડારવાનું શાસ્ત્રોક્ત વિધાન છે. પણ આ બે દિક્પાલોની પ્રતિમા બહુ ઓછાં મંદિરોમાં જોવા મળે છે.

હિંદુ અને જૈન પૂજાવિધિઓમાં આ દસે દિક્પાલના પૂજનનો પણ સમાવેશ છે. 'વિષ્ણુધર્મોત્તર' અને અન્ય પુરાણાદિ ગ્રંથોમાં દિક્પાલોનાં સપત્નીક સ્વરૂપનાં વર્ણન છે, પરંતુ પ્રતિમાવિધાનમાં સપત્નીક દિક્પાલોની મૂર્તિઓ ઓછી જોવા મળે છે. દેલવાડાના ચૌમુખ મંદિરમાં ને ડીસાના સિદ્ધાંબિકા મંદિરમાં આવાં સપત્નીક સ્વરૂપની પ્રતિમાઓ મળે છે. શિલ્પશાસ્ત્રમાં સપત્નીક દિક્પાલની પ્રતિમાઓમાં સ્ત્રી-પુરુષ બંનેનાં વર્ણ, આયુધ, વાહન અને ભુજા એકસરખાં કરવાનો આદેશ છે. દિક્પાલની પ્રતિમાઓ પણ દેવપ્રતિમાઓની જેમ આભૂષણો વગેરેથી શોભિત કરવાનું કહ્યું છે.

જૈનોના 'નિર્વાણકલિકા' અને 'આચાર દિનકર'માં દિક્પાલનું સ્વરૂપ દ્વિભુજ એટલે કે બે હાથવાળું કહ્યું છે, જ્યારે 'પારસ્પર ગૃહ્યસૂત્ર', 'અગ્નિ, મત્સ્ય ને વિષ્ણુધર્મોત્તર' આદિ પુરાણો, 'બૃહદ સંહિતા', 'શ્રીતત્ત્વનિધિ', 'દેવતામૂર્તિ પ્રકરણ', 'અંશુમદ ભેદાગમ', 'પૂર્વ કારણમ', 'દ્વૈયાશ્રય અપરાજિત સૂત્ર', 'શિલ્પરત્નમ્', 'રૂપમંડન' અને 'અભિલષિતાર્થ ચિંતામણિ' વગેરે ગ્રંથોમાં દિક્પાલનાં સ્વરૂપોમાં બે કે ચાર ભુજા, વાહન, આયુધ, વર્ણ વગેરે સંબંધી ભિન્નભિન્ન મત જોવા મળે છે. આમ, દિક્પાલોનાં જે વર્ણનો જોવા મળે છે તે પ્રમાણે-

ભારતીય શિલ્પસંહિતા *


ભારતીય વિદ્યાઓમાં શિલ્પ-સ્થાપત્યનું વિશિષ્ટ સ્થાન છે. બહુ પ્રાચીન કાળથી ભારતમાં વાસ્તુશાસ્ત્ર (સ્થાપત્યવિદ્યા)નો વિકાસ થએલો છે. અથર્વ વેદનાં સૂક્તોમાં સ્થાપત્ય-કલા વિષે અનેક ઉલ્લેખો હોઈ એક ઉપવેદ તરીકે વાસ્તુશાસ્ત્રની ગણના થાય છે. વેદ-સંહિતા, બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, બૌદ્ધ સાહિત્ય અને જૈન આગમગ્રંથોમાં પણ વાસ્તુવિદ્યા વિષે ઘણું લખાયું છે. પુરાણો અને નીતિશાસ્ત્રોમાં તો એના વિસ્તૃત અધ્યાયો છે. આ ઉપરાંત આ શાસ્ત્ર અંગેના જ સંખ્યાબંધ હસ્તલિખિત ગ્રંથો છે. લગભગ પચાસ જેટલા મુદ્રિત ગ્રંથો પણ ઉપલબ્ધ છે, જેમાં ભિન્ન ભિન્ન મતાનુસાર સ્થાપત્યકલા અને શિલ્પનિર્માણ અંગે સવિસ્તાર વિગતે વર્ણનો લખાએલાં છે. ગૃહનિર્માણ અને મંદિરનિર્માણ એ બે એના મુખ્ય ભાગ કહી શકાય. આમાં ગૃહનિર્માણની કલાએ વિધવિધ અસરો તળે અનેક નવા વળાંકો લીધા છે, પણ મંદિરનિર્માણની કળામાં કાળપ્રભાવની અમુક અસરો ઝીલાયા છતાં પ્રાચીન શાસ્ત્ર અનુસારના નિયમો હજી પણ પળાય છે.

આ શાસ્ત્રોક્ત પદ્ધતિએ મંદિરનું નિર્માણ કરી શકનારા જે કોઈ થોડા નિષ્ણાતો આપણે ત્યાં હજી છે તેમાં પ્રભાશંકર ઓ. સોમપુરાનું નામ ઘણું ખ્યાતિ પામેલું છે. વેરાવળ નજીકના સોમનાથના મંદિરનું નવનિર્માણ એ એમનું જ સર્જન છે. પણ આ ઉપરાંત એમણે કુંભારિયાજી ને શામળાજી જેવાં પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર સહિત સંખ્યાબંધ મંદિરો બાંધ્યા છે. એમની આ સિદ્ધિઓને ભારત સરકારે 'પદ્મશ્રી'ના માનથી નવાજી છે. વ્યવસાય ઉપરાંત, પોતાની પાસેના આ વિષયના સંખ્યાબંધ હસ્તલિખિત ગ્રંથોનું સંશોધન કરી ઉદાહરણરૂપ ચિત્રો-આકૃતિઓ સહિત ગુજરાતી, હિન્દી ને અંગ્રેજીમાં દસેક જેટલા મૂલ્યવાન ગ્રંથો એમણે પ્રકટ કર્યા છે. ભારતીય શિલ્પકળા ને વાસ્તુશાસ્ત્રનો સવિગત પરિચય આપવા ઉપરાંત શિલ્પીઓ અને કલામર્મજ્ઞો માટે વ્યાવહારિક દૃષ્ટિએ પણ આ ગ્રંથોનું ઘણું મૂલ્ય છે. 'ભારતીય શિલ્પસંહિતા' એમાં એક નવું ઉમેરણ છે. એ મૂળ હિંદીમાં લખાયું હોઈ એની ઉપયોગિતા વધુ વ્યાપક બની છે.


'ભારતીય શિલ્પસંહિતા'માં ભારતીય પ્રતિમાવિધાન અંગે વિસ્તૃત સમજણ આપી છે. મુખ્ય બે ભાગમાં વહેંચાએલા આ ગ્રંથના પૂર્વાર્ધમાં મૂર્તિપૂજા, પ્રતિમા-માન-પ્રમાણ, વિધવિધ પ્રતિમાઓનાં તાલમાન, પ્રતિમાના વર્ણ અને વાસ્તુદ્રવ્ય, હસ્તમુદ્રાઓ, પાદમુદ્રાઓ અને આસન, પીઠિકા, દેહમુદ્રા, વાહન, નૃત્યભંગિ, ષોડશાભરણ, આયુધ, પરિકર, વ્યાલસ્વરૂપ, દેવાનુચર, અસુરાદિ એકવીસ સ્વરૂપો અને દેવાંગના-સ્વરૂપની લાક્ષણિકતા વર્ણાવવા સાથે તેમની રચનાના શાસ્ત્રોક્ત નિયમોની સમજ આપી છે. ગ્રંથના ઉત્તરાર્ધમાં મંદિરનાં દેવસ્વરૂપોની મૂર્તિવિધાનની દૃષ્ટિએ લાક્ષણિક ઓળખ અને જૈન પ્રકરણમ્ તથા વિવિધ દેવતાના મંદિરસમૂહ કે દેવકુલિકાઓ (દેરીઓ)ના સમૂહ એટલે કે આયતન વિષે વિગતસભર સઆલેખ વર્ણન અને સમજણ આપ્યાં છે.

'કુમાર'માં પ્રકટ થતી, 'ભારતીય મંદિર સ્થાપત્યનાં વિવિધ અંગો'નો પ્રાથમિક પરિચય આપતી લેખમાળાના અનુસંધાનમાં આ 'ભારતીય શિલ્પસંહિતા'માંથી દિક્પાલોના વર્ણનની કેટલીક વિગત તારવીને આ સાથે આપી છે. ઉપર્યુક્ત લેખમાળાના છેલ્લા 'મંડોવર' વિષયક પ્રકરણમાં એ પૂરક બની રહેશે. વાચકોને ખબર છે કે મંદિરના મંડોવરની જંઘામાં વિવિધ દેવસ્વરૂપોનું કંડારણ એ એનું એક મુખ્ય અંગ છે. મંડોવરનાં એ દેવસ્વરૂપોમાં આ દિક્પાલો એટલે કે વિવિધ દિશાના અધિષ્ઠાતા દેવનું આગવું મહત્ત્વ છે. —સં.

* પ્રકાશક : સોમૈયા પબ્લિકેશન પ્રા. લિમિ., ૧૭૨ મુંબઈ મરાઠી ગ્રંથસંગ્રહાલય માર્ગ, દાદર, મુંબાઈ-૪૦૦ ૦૧૪. પાકું પૂઠું. પૃ. ૨૩૨. કિં. રૂ. ૧૨૫. કદ ૨૨×૨૮.૫ સે. મી.



ઇન્દ્ર (પૂર્વ) વરુણ (પશ્ચિમ) કુબેર (ઉત્તર) યમ (દક્ષિણ) ઇશ (ઈશાન)



અગ્નિ (અગ્નિ) નૈઋતિ (નૈઋત્ય) વાયુ (વાયવ્ય) અનંત (પાતાલ) બ્રહ્મા (આકાશ)

૧. ઇન્દ્ર : પૂર્વ દિશાના અને સ્વર્ગના દેવોના અધિપતિ દેવ મનાય છે. વેદોમાં ઇન્દ્ર, અગ્નિ. અને સૂર્યની સ્તુતિ કરતાં ત્રિમૂર્તિની કલ્પના કરેલી છે. આગળ જતાં આ સ્વરૂપોમાં પરિવર્તન થઈ ઇન્દ્રને બ્રહ્મા, અગ્નિ ને રુદ્ર અને સૂર્યને વિષ્ણુના રૂપમાં ગ્રહણ કરેલા છે, ઇન્દ્રને સ્વર્ગના અને વાયુ, આકાશ, વૃષ્ટિ, વિદ્યુતના અધિપતિ તથા પૂર્વ દિશાના દિક્‌પાલ ગણ્યા છે. એના ત્રણ કે સહસ્ર નેત્રવાળા સ્વરૂપની પણ કલ્પના છે. સમુદ્રમંથનમાંથી નીકળેલો સાત સૂંઢવાળો હાથી ઐરાવત એનું વાહન છે. વજ્ર એ એનું પ્રમુખ આયુધ ને એનો વર્ણ પીત (પીળો) મનાય છે. 'દેવતામૂર્તિ પ્રકરણ' અને 'રૂપમંડન'માં ધનુષબાણ, અંકુશ અને કમંડલને પણ એનાં આયુધ ગણ્યાં છે. એના સપત્નીક સ્વરૂપમાં એની ડાબી બાજુ શચિ (સલોમા)–ઈન્દ્રાણીને દર્શાવાય છે. એની સેવામાં અપ્સરા ને ગંધર્વને પણ નિરૂપે છે. જૈનોમાં ઇન્દ્રનો વર્ણ તપ્ત કંચન સમ માન્યો છે. 'બૃહદ્‌ સંહિતા ને 'વિષ્ણુધર્મોત્તર'માં ઇન્દ્રને ૧૪મી સંખ્યાના પ્રતીક પણ ગણ્યા છે. 'અમરકોષ'માં ઇન્દ્રનાં ૩૫ જેટલાં નામ વર્ણવ્યાં છે.

૨. વરુણ : સમસ્ત વિશ્વને જલયુક્ત કરનાર એટલે વરુણ. જગતનો એ પ્રાણાધાર. વેદોમાં એના સંબંધી અનેક સૂક્તો છે. પશ્ચિમ દિશાના એ અધિપતિ દેવ છે. જલાશયોમાં એની પ્રતિમા મુકાય છે. એના ચતુર્ભુજ સ્વરૂપમાં

વરદ હસ્ત સાથે બીજા ત્રણ હાથમાં પાશ, કમલ અને કમંડલ દર્શાવાય છે. પાશ એ એનું મુખ્ય આયુધ છે. મકર એ એનું વાહન છે, પણ ક્યાંક હંસ, મૃગ કે મીન પણ જોવા મળે છે. એનો વર્ણ શ્વેત યા મેઘ સમાન મનાયો છે. એના સપત્નીક સ્વરૂપમાં એની ડાબી બાજુ વરુણી દર્શાવાય છે. એની જમણી બાજુ મકરવાહિની ગંગા અને ડાબી બાજુ કૂર્મવાહિની યમુનાની પ્રતિમા પણ જોવા મળે છે.

૩. સોમ અથવા કુબેર: ઉત્તર દિશાના દિક્પાલ તરીકે સોમ અથવા કુબેરની ગણના છે. કુબેર એ યક્ષોનો અધિપતિ અને દેવોનો કોષાધ્યક્ષ છે બૌદ્ધ સંપ્રદાયમાં એને 'ધનાધ્યક્ષ' કે 'જંભલ' કહે છે. એની પત્ની હરિતી અને એનું વાહન હાથી છે. નરયુક્ત વિમાન કે બકરાગાડી પણ એનું વાહન ગણાય છે. કુબેરનો વર્ણ શ્વેત છે. કેટલાક મતે એ બહુવર્ણી પણ છે. પ્રતિમામાં એનું પેટ મોટું બતાવાય છે. એના ચતુર્ભુજ સ્વરૂપમાં ક્યાંક એના ઉપરના બે હાથમાં નિધિદ્રવ્યની થેલી બતાવાય છે. ગદા એ એનું પ્રમુખ આયુધ છે. એ ઉપરાંત, અન્ય હાથોમાં ફળ, કુંભ અને કમંડલ દર્શાવાય છે.

સોમની પત્નીને ચતુર્ભુજ ને જમણી બાજુ એના ખોળામાં બેઠેલી બતાવાય છે. શ્રીલંકામાં સોમપત્નીનું પૂજન થાય છે. કેટલીક પ્રતિમામાં સોમના પગની જમણીબાજુ શંખનિધિ અને ડાબીબાજુ પદ્મનિધિ નામક ભૂત સમાન ભયંકર સ્વરૂપનું કંડારણ પણ હોય છે. આ ઉપરાંત, એક હાથમાં રત્નપાત્ર લઈને બીજા હાથે કુબેરને વળગીને ઊભેલી રિદ્ધિ દેવી અને વિભવનું પણ શિલ્પાંકન હોય છે.

૪. યમ: એ દક્ષિણ દિશાનો દિક્પાલ અને મૃતાત્માઓનો અધિપતિ દેવ છે. એને યામ્યા પણ કહે છે. એ વિવસ્વાનનો પુત્ર અને ધૂમોર્ણાનો પતિ છે. એનો વર્ણ શ્યામ અને વાહન પાડો છે. દંડ એ એનું મુખ્ય આયુધ છે. પ્રતિમામાં એના બે હાથમાં મનુષ્યનાં કર્મોની નોંધ રાખવા લેખિની (કલમ) અને પુસ્તક પણ દર્શાવાય છે. વળી, એના એક હાથમાં મનુષ્યને એના મૃત્યુકાળની યાદ આપતો કુકુંટ (કૂકડો) પણ દર્શાવાય છે. દંડ ઉપરાંત પાશ પણ એનું એક આયુધ ગણાય છે. એને ધર્મરાજ કે પિતૃરાજ પણ કહે છે. એના પગ પાસે મૃત્યુ અને વિજયગુપ્તની નાની મૂર્તિઓ પણ કંડારાય છે. શ્રાદ્ધમાં યમનું પૂજન થાય છે.

૫. ઈશ: ઈશાન કોણના અધિપતિ ઈશ એ શિવનું એક સ્વરૂપ છે. એનો વર્ણ શ્વેત અને વાહન નંદી (વૃષભ)નું છે. એ ત્રિનેત્રી છે. એના જટામુકુટમાં અર્ધચંદ્ર ને એની ચાર ભુજામાં એક વરદ મુદ્રા સાથે ત્રિશૂલ, નાગેન્દ્ર અને બિજોરાનું ફળ બતાવાય છે. એ વ્યાઘ્રચર્મધારી છે.

૬. અગ્નિ: અગ્નિ કોણનો દિશાપતિ. વૈદિક દેવોમાં એનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. એને ધૂમકેતુ પણ કહે છે. એનાં વિધવિધ વર્ણનોમાં એને ત્રણ નેત્ર, ચાર હાથ, બે દાઢીવાળું મુખ, ત્રણ પગ અને ચાર શિંગડાંવાળો કહ્યો છે. 'સંસ્કાર ભાસ્કર' અને 'શ્રીતત્ત્વનિધિ'માં એનું સ્વરૂપ સાત હાથ, સાત જીભ, બે ભુજા, ચાર શિંગડાં ને ત્રણ પગવાળું કલ્પ્યું છે. એ યજ્ઞપુરુષ તરીકે પણ ઓળખાય છે. ચિદમ્બરમ્ અને ત્રાવણકોરના કંડીપુરના શિવમંદિરમાં અગ્નિની આવી પ્રતિમા છે. ખજુરાહો અને મોઢેરાનાં મંદિરોમાં એની બે મુખ, ત્રણ પગ અને ચારભુજાવાળી મૂર્તિ છે. પણ આવી વિચિત્રસ્વરૂપ પ્રતિમાઓ બહુ ઓછે સ્થળે છે. એનો વર્ણ રક્ત છે. મેષનું વાહન અને પગ પાસે અગ્નિજ્વાળા યુક્ત કુંડ પણ એની પ્રતિમામાં જોવા મળે છે. એની સપત્નીક પ્રતિમામાં સ્વધા અને સ્વાહા દર્શાવાય છે. એના ચતુર્ભુજ સ્વરૂપમાં વરદ મુદ્રા સહિત આયુધોમાં શક્તિ અથવા સુચિ અને કમલ તથા કમંડલ બતાવાય છે.

૭. નૈઋતિ: નૈઋત્ય કોણના આ દિક્પાલનું સ્વરૂપ રાક્ષસ જેવું ક્રૂર મનાય છે. ભૂત, પિશાચ ને રાક્ષસોનો એ અધિપતિ હોઈ એને રાક્ષસેન્દ્ર પણ કહ્યો છે. ભૈરવ અને ક્ષેત્રપાલના નામે પણ એ ઓળખાય છે. પુરાણોમાં એને એકાદશ (અગિયારમો) રુદ્ર માન્યો છે. એનો વર્ણ લીલો છે. શ્યામ ધૂમ્ર જેવો વર્ણ પણ મનાય છે, એના ચાર હાથમાં કત્રિકા (કાતર), ખડ્ગ, ઢાલ ને શત્રુનું મસ્તક બતાવાય છે. શ્વાન એનું વાહન છે, પણ ક્યાંક સિંહ, શબ, ખર કે નરને પણ વાહન તરીકે દર્શાવાય છે. એને દાઢીવાળો અને એની આસપાસ અપ્સરાઓવાળો પણ દર્શાવાય છે. નૈઋતિને ઊર્ધ્વકેશી મુકુટધારી કરવાનું પણ વિધાન છે.

૮. વાયુ એ વાયવ્ય કોણનો અધિપતિ છે. વેદની ઋચાઓમાં એને દેવોનો વાસ કહ્યો છે. રામાયણમાં એને હનુમંતનો અને મહાભારતમાં ભીમનો પિતા કહ્યો છે. વાયુ પુરાણમાં એનાં અનેક કથાનકો છે. ગુજરાતમાં પાટણ પાસે વાયુદેવનું એક મંદિર છે. વાયડા બ્રાહ્મણ અને વાયડા વૈશ્યોનો એ ઈષ્ટદેવ મનાય છે. શામળાજીમાં એની એક ગુપ્તોત્તર કાલની પ્રતિમા છે. એનું વાહન હરણ છે. એનો વર્ણ શીત, શ્વેત કે ધૂમ્ર. ચતુર્ભુજ સ્વરૂપમાં એના ઊંચકાએલા બે હાથમાં ધ્વજ તથા ડાબા હાથમાં કમંડલ તથા જમણો વરદ મુદ્રામાં દર્શાવાય છે. પાશ, પદ્મ, અંકુશ અને દંડ પણ એનાં આયુધ ગણાય છે.

૯. અનંત: અઘોપ તાલનો એ દિક્પાલ. નાભિની ઉપર મનુષ્યરૂપ અને નાભિ નીચે સર્પરૂપ એવું એનું સ્વરૂપ છે. એનો વર્ણ કૃષ્ણ (કાળો) અને વાહન સર્પ. એના ચાર હાથ પૈકી ઊંચકાએલા બે હાથમાં ત્રિશૂલ અને નીચેના હાથમાં અક્ષસૂત્રમાલા બતાવાય છે. કેટલાક એને વિષ્ણુનું રૂપ માને છે.

૧૦. બ્રહ્મા ઊર્ધ્વ લોકના અધિપતિ દિક્પાલ. ચતુર્મુખ, ચતુર્ભુજ અને સુવર્ણવર્ણ. વાહન હંસ. એના હાથમાં પુસ્તક, માલા, શંખ અને કમંડલ દર્શાવાય છે.

બ્રહ્મા અને વાયુદેવ સિવાય અન્ય કોઈ દિક્પાલનાં સ્વતંત્ર મંદિર જણાયાં નથી. પૂજનવિધિના સમયે દિક્પાલોના નામોચ્ચાર સાથે એમના મુખ્ય આયુધનો ઉચ્ચાર પણ કરવામાં આવે છે. દિક્પાલોનાં મૂર્તિવિધાનમાં પ્રાદેશિક ભેદ પણ જોવા મળે છે. ઉપર દર્શાવી તે એમની લાક્ષણિકતાઓ એમની પ્રતિમાઓમાં એક સરખી જોવા મળતી નથી, પણ પ્રતિમાવિધાન માટે શિલ્પશાસ્ત્રોમાં એની જે વિવિધ કલ્પના છે તે આ છે. આ સાથેની દિક્પાલની આકૃતિઓ 'ભારતીય શિલ્પસંહિતા'માંથી ઉતારેલી છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : બારી · બારું · વિન્ડો

સંસ્કૃત **द्वार**='દરવાજો', બારણું' ઉપરથી આપણા **बार**, **बारणुं** શબ્દ આવ્યા. તેનું નાનું સ્વરૂપ તે **द्वारिका**=**बारी**. દ્વારિકા નગરીનું નામ પણ તે સમુદ્રમાં પ્રવેશવાનું દ્વાર કે **बारूं** હોઇને અનુરૂપ છે. **बारूं**–'બંદરમાં પેસવાનો માર્ગ', 'છટકવાનો રસ્તો'. એના મૂળમાં પણ **द्वारक** છે.

બારીનું પ્રયોજન હવા અને અજવાળું ઘરમાં આવે અને બહારનું જગત જોવાય તે છે. બારી માટેનો સંસ્કૃત શબ્દ **वातायन** એટલે **वात+अयन** 'પવન આવવાનો માર્ગ.'

અંગ્રેજી શબ્દ **विन्डो** (window)ના મૂળમાં પણ આવો જ ભાવ રહેલો છે. 'વિન્ડો' એટલે 'wind's eye'—હવા આવવા માટેની આંખ—નાનું બાકોરું.

બારીને બદલે કે તે ઉપરાંત, બારી બંધ હોય ત્યારે પણ હવા-અજવાસ આવે તે માટેનું નાનું જાળિયું કે બાકોરું **वाबारुं**, **वाबारी** કે **हवाबारुं** તરીકે જાણીતું છે.

આ માટે શહેરી પ્રયોગોમાં અંગ્રેજી શબ્દ 'વેન્ટિલેટર' પણ પ્રચલિત છે. અંગ્રેજીમાં તે શબ્દ લૅટિનમાંથી લીધેલો છે, અને તેનો મૂળ અર્થ પણ **वातायन**ના જેવો જ છે. વળી સંસ્કૃત **वात** અને લૅટિન ventus 'વાયુ' પણ સહજન્ય શબ્દો છે.

ખેતરમાં જવાઆવવા માટે બે પાંખિયાંવાળું લાકડું ઘાલીને વાડમાં કરેલો રસ્તો કે છીંડું **खोडीबारुं** કહેવાય છે. નાનું ખોડસું મૂકીને બનાવેલું બારું તે **खोडीबारुं**.

આ રીતે **द्वार** પરથી આપણને **द्वारका**, **बारी**, **बारुं**, **वाबारुं**, **खोडीबारुं** અને **बारणुं** એ શબ્દો મળ્યા છે.

હરિવલ્લભ ભાયાણી

દ્રવ્યગુણશાસ્ત્ર

વૈદ્ય શોભન

કેવળ ચિકિત્સા જ નહિ. પથ્યપાલન અને આહાર જ્ઞાનના ક્ષેત્રે પણ દ્રવ્યગુણશાસ્ત્ર (Materia Medica)નો વિષય ખૂબ જ મહત્ત્વનો છે. વેદકાલીન સાહિત્યથી આજ સુધી આપણે ત્યાં એનું ઘણું મહત્ત્વ રહ્યું છે અને આ હજારો વર્ષમાં આયુર્વેદના સ્વતંત્ર નિઘંટુઓ અને સંહિતાઓમાં એ દ્રવ્યગુણ વિજ્ઞાન વિષે પર્યાપ્ત માત્રામાં લખવામાં આવ્યું છે, આજે પણ આયુર્વેદ મહાવિદ્યાલયોમાં તેનો વિષયવાર અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે. પ્રત્યેક વૈદ્યને આ દ્રવ્યગુણશાસ્ત્રનું જ્ઞાન હોવું અતિ અનિવાર્ય માનવામાં આવે છે. ઉપરાંત અન્ય ચિકિત્સાપદ્ધતિઓના જ્ઞાતા અને આયુર્વેદપ્રેમી દરદીઓ અને જનતા માટે પણ આ અભ્યસનીય વિષય છે.

આવા ઉપયોગી વિશાળ વિષયને શ્રી બાપાલાલ ગ. વૈદ્ય જેવા આપણા સમર્થ વિદ્વાને 'નિઘંટુ આદર્શ'ના બે ભાગમાં સંપૂર્ણ સંકલિત ને વ્યવસ્થિત કરીને વર્ષો પહેલાં પ્રગટ કરેલો. એમના એ ઐતિહાસિક કાર્ય બદલ ભારતભરમાં તેઓશ્રીની પ્રશંસા થએલી અને ગુજરાત રાજ્યે તો તે માન્ય ગ્રન્થ ઉપર એક હજાર રૂપિયાનું પારિતોષિક આપેલું અને ગુજરાત સાહિત્ય સભાએ રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરેલો. એવા વિદ્વાન અને અધિકારી લેખક શ્રી બાપાલાલભાઈના હાથે તૈયાર થએલું તે જ શ્રેણીનું આ 'દ્રવ્યગુણશાસ્ત્ર' ખૂબ જ આવકાર્ય છે. ભારતભરમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા આયુર્વેદના લેખકોમાં શ્રી બાપાલાલ વૈદ્યનું નામ જેમ મોખરે છે તેમ આંગળીના વેઢે ગણી શકાય તેવા અર્વાચીન ગ્રન્થોમાં આ દ્રવ્યગુણશાસ્ત્ર મોખરે રહેશે.

ચિકિત્સા અને અધ્યયન-અધ્યાપન ક્ષેત્રના ઊંડા અનુભવી શ્રી બાપાલાલભાઇએ આ ગ્રન્થ ખૂબ જહેમત ઉઠાવીને તૈયાર કર્યો છે. તેના પ્રથમ ખંડમાં સૃષ્ટિનાં તમામ દ્રવ્યો શરીર પર શી રીતે અસર કરે છે તેના પાયાના સિદ્ધાંતો સરળ રીતે ચર્ચ્યા છે. પછીના ખંડમાં મુખ્યત્વે કરીને ઔષધ સ્વરૂપે ઉપયોગી ૨૦૦ ઉપરાંત દ્રવ્યોનું શાસ્ત્રીય, સરળ અને યુગાનુરૂપ વર્ણન કર્યું છે. ત્રીજા ખંડમાં દૂધ, ઘી, મધ, મૂત્ર, કસ્તૂરી જેવાં પ્રાણીજ દ્રવ્યોનું વર્ણન છે. અને છેલ્લે આવશ્યક યુનાની દ્રવ્યોનો સમાવેશ કરી તેના ગુણદોષનું પણ વર્ણન કર્યું છે. અંતભાગે આપેલાં ચાર પરિશિષ્ટો તો ઘણાં જ ઉપયોગી છે. તેમાં ચરક-સુશ્રુતાદિ સંહિતાઓમાંથી દ્રવ્ય ગુણ વિષયનું તારણ કાઢી આપ્યું છે, જેમાં સૌથી છેલ્લે તો આલ્કેલૉઈડ્ઝ વગેરેને સમાવી દ્રવ્યગુણશાસ્ત્રનો યુગાનુરૂપ પ્રતિસંસ્કાર કરેલો છે.

ટૂંકમાં કહીએ તો, દ્રવ્યગુણશાસ્ત્રનો સંપૂર્ણ વિષય આ પુસ્તક દ્વારા સુવ્યવસ્થિત થયો છે અને 'આયુર્વેદીય મટીરિયા મેડિકા'નો શૂન્યાવકાશ દૂર થયો છે. આવા સમર્થ ગુજરાતી ગ્રંથનો હિન્દી, મરાઠી, બંગાળી અને અંગ્રેજી વગેરે આવશ્યક ભાષાઓમાં અનુવાદ થશે તો આ ઉપયોગી સુબદ્ધ ગ્રંથનો વધુ ભારતવ્યાપી લાભ લઈ શકાશે. (પ્રકાશક : યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડ; પ્રાપ્તિસ્થાન–મેસર્સ બાલગોવિંદ બુક સેલર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, રૂ. ૩૦.)

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

તમે કેમ રહ્યા અબોલ ? શ્રી મોહમ્મદ માંકડને મલાવી મલાવીને વાર્તા કહેતાં આવડે છે. અને એ જાણે છે કે વાચકોને કૉલેજનું વાતાવરણ, યુવાનયુવતીઓનો પ્રેમ, પર્યટનોની સ્વચ્છંદતા એ બધું ગમશે. એમાં વળી દાણચોરીની વાત આવે તો ઓર મઝા પડે. અજેય કોહારીના સકંજામાં ફસાએલી ઈષા નામની એક રૂપવતીની આ કથામાં લેખકે હિમજા–સિતાંશ, પારૂલ, જપન વગેરે પાત્રો દ્વારા આકર્ષક જમાવટ કરી છે, પરંતુ અહીં કથા જ છે; પાત્રમાનસના ઊંડાણમાં પ્રવેશ કરાવી લેખક જીવનનું કોઈ રહસ્ય ધ્વનિત કરાવી શક્યા નથી. (પૃ. ૪૧૦, પાકું પૂઠું, રૂ. ૧૯–૫૦)

માનવ જાગે છે ત્યારે : ગોદાવરી પરૂળેકરની મરાઠી કૃતિના રણછોડભાઈ પટેલે કરેલા આ અનુવાદમાં થાણા જિલ્લાના તાલુકાઓમાં વસતી આદિવાસી જાતિઓ ઉપર સરકારે અને જમીનદારોએ કરેલા જુલ્મો વર્ણવી લેખિકાએ એમનામાં આવેલી જાગૃતિનું આલેખન કર્યું છે. લેખિકા પોતે આદિવાસી લોકોમાં સેવા કરી ચૂક્યાં હોવાથી આખું વર્ણન વાસ્તવિક ને તાદૃશ બન્યું છે. આ કૃતિનું ઐતિહાસિક ને દસ્તાવેજી મૂલ્ય ઘણું છે. અનુવાદ સરળ અને સુવાચ્ય થયો છે. (પૃ. ૨૪૬, પાકું, રૂ. ૧૭)

ભાગ્યચક્ર : ર. વ. દેસાઈની આ કૃતિમાં 'ભાગ્યચક્ર', 'જીવનનાં ઊંડાણમાં' અને 'સનાતન સંઘર્ષ' એ નામની ત્રણ લાંબી નવલિકાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પહેલીમાં છૂટાછેડા લેવા લડી રહેલાં પતિપત્ની ગૌરવ અને ગૌરી સ્ત્રીની ત્યાગભાવનાથી ફરી ભેગાં થાય છે એનું, તો બીજીમાં સુનંદન–મધુરી નામનાં ગુરુશિષ્યા અને ચંપા–બોરસલી નામનાં વાઘરીવાઘરણની પ્રણયકથાનું લંબાણથી આલેખન થયું છે. ત્રીજી વધુ લાંબી વાર્તા 'સનાતન સંઘર્ષ'માં મુગ્ધા

નામની યુવતી પોતાના હાથના પહેલા ઉમેદવાર પ્રફુલ્લનાં કારસ્તાન પકડી પાડી એને કેવી રીતે ખુલ્લો પાડે છે એ દર્શાવી લેખકે ત્રણે વાતોમાં સ્ત્રીપુરુષના પ્રણયની હેતુલક્ષી ચર્ચા કરી છે. (પૃ. ૩૩૦, પાકું પૂઠું, રૂ. ૧૫-૭૫)

લોકપ્રિય પ્રકાશન

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨

વૈશાખી આભ: ભાગીદારીમાં દગો થયા બાદ અને પુત્રના મૃત્યુ બાદ બીમારીનો ભોગ થઈ પડેલા કપૂરચંદની આભા, કુરંગી અને લતા નામની ત્રણ પુત્રીઓની આ વેદનભરી કથામાં આભા પોતાના પ્રણયીને બહેન કુરંગી સાથે પરણાવી દીધા બાદ આખરે આત્મહત્યાનો આશ્રય લે છે. પોતાના પિતા અને બે બહેનો માટે જીવન સમર્પી દેતી આભાના પાત્રની આસપાસ ગૂંથાયેલી આ કથાનો કરુણ અંત સ્પર્શી જાય એવો છે, કેમ કે આભાએ જેમના માટે ભોગ આપ્યો એ બહેનો એને સાચી રીતે સમજી શકી નથી. લેખક હસમુખ શેઠે આ કથામાં યુવતીઓના હૃદયભાવો આલેખવામાં સારી ફાવટ બતાવી છે. (પૃ. ૩૧૯, પાકું, રૂ. ૧૫)

બત્રીસલક્ષણો: ઈલા આરબ મહેતાની આ હેતુપ્રધાન છતાં રસમય કથામાં તબીબી ક્ષેત્રે પ્રવર્તતાં લાગવગશાહી, ભ્રષ્ટાચાર અને વેપારશાહી સામે જેહાદ પોકારતા ભાવનાશાળી ડૉક્ટર રજતને વેઠવી પડતી મુશ્કેલીઓનું વાસ્તવિક આલેખન થયું છે. એક બાજુ સરકારી તંત્રની જડતા અને બીજી બાજુ ભૂવાને માનતામાં માનતા લોકો વચ્ચે આ બત્રીસ લક્ષણો રજત વિના પ્રયોજને શહીદ બને છે. (પૃ. ૨૯૦, પાકું પૂઠું, રૂ. ૧૨–૫૦)

વેરના વિસામા: સોરઠના શૂરવીર કાઠીઓ પોતાના હક્ક માટે કેવી બહાદુરીથી ધીંગાણાં ખેલતા એ શ્રી મેઘાણીની સોરઠી બહારવટિયાઓની કથાઓ આપણને કહી જાય છે. અહીં ગુણવંત ભટ્ટે પણ એ જ કોમના રાણિંગ વાળા, બાવા વાળા અને માત્રા વાળા એકબીજાના ભાયાત હોવા છતાં એમની વચ્ચે કેવાં વેર હતાં એનું રસમય આલેખન કર્યું છે. સૌરાષ્ટ્રની લોકબોલીનો વાતાવરણની જમાવટ કરવામાં થએલો ઉપયોગ નોંધપાત્ર છે. (પૃ. ૩૮૦, પાકું પૂઠું, રૂ. ૧૮–૨૫.)

તાપ–પરિતાપ: દેશીરજવાડાના દીવાન દેવપ્રસાદના બે પુત્રો તુષાર અને તપન, બે જુદા જુદા માર્ગો ગ્રહણ કરે છે. તુષાર ડૉક્ટર બની ગ્રામસેવા કરે છે, પણ અકસ્માતથી મૃત્યુ પામે છે. તપન લશ્કરમાં જોડાય છે અને એની ભાભી તૃપ્તિ સહિત અનેક સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર કરે છે. આખરે લશ્કરી જવાનની જે પત્ની સાથે તેમને ખરાબ વ્યવહાર કર્યો હતો તે એનું ખૂન કરે છે. હિન્દી ફિલ્મ જેવી ઘટનાઓવાળી આ કથામાં પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ ઉમેશની જેમ વસ્તુસંકલના સાધી શક્યા નથી. (પૃ. ૨૫૮, પાકું પૂઠું, રૂ ૧૫.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી અભય ખટાઉ

મુંબાઈના ગર્ભશ્રીમંત ખટાઉ કુટુંબમાં ઈ. ૧૯૨૭ની ૧૯મી સપ્ટેમ્બરે જન્મ. બચપણથી જ શ્રુતિ અને વાણી કુંઠિત હોવાના કારણે સાત વર્ષની વયે એના ઉપચારાર્થે વીએના મોકલવામાં આવ્યા ત્યારે ત્યાંના સંગીત અને કલાયુક્ત વાતાવરણમાં એક વિલક્ષણ શિક્ષાગુરુએ એમની કલાભિમુખતાને પ્રેરણા આપી. ઘેર પાછા આવ્યા પછી પુલિનબિહારી દત્ત જેવા દક્ષ ચિત્રગુરુએ એમની કલાસાધનાને મૌલિકતા આપી એ પછી એમણે પૂર્વ તેમજ પશ્ચિમની કલાનો ઊંડો અભ્યાસ કરી દેશપરદેશમાં અનેક નિજી કલાપ્રદર્શનો કર્યાં અને આજે કલાક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવ્યું છે.

૧. કળાના કયા સ્વરૂપને આપ આદર્શ ગણો છો?

ઉ. જેમાં સૌંદર્ય, આકાર અને અભિવ્યક્તિનો સુમેળ હોય એવું કલાસ્વરૂપ મારે મન આદર્શ છે.

૨. ભારતીય કલાનું આગવું પ્રદાન શું છે અને વિશ્વમાં કલાક્ષેત્રે ભારતનું સ્થાન ક્યાં છે?

ઉ. ભારતનું શિલ્પ-સ્થાપત્ય, અને એની લઘુચિત્રોની કળા તથા લોકકળા એ એનું આગવું પ્રદાન છે. વિશ્વના કલાક્ષેત્રે ભારતનું સ્થાન ઊંચું તો છે જ, પણ જ્યાં જ્યાં ભારતીય કલાકારો પશ્ચિમના અનુકરણમાં પડયા છે ત્યાં ત્યાં પશ્ચિમના કલામર્મીઓ પર એમનો સવિશેષ પ્રભાવ પડતો નથી.

૩. આપની કલામાં સ્ત્રી પુરુષોમાંથી પણ કંઈ પ્રેરણા ખરી કે?

ઉ. મનુષ્યના દેહઆકારનો કલાસર્જન પર પ્રભાવ પડે જ છે. નિર્દોષ અને સહજ સરળ આદિવાસીઓ, ગ્રામજનો તથા કાર્યરત કે નૃત્યરત પાત્રો ચીતરવાની મને ઈચ્છા થાય જ છે. શ્રીલંકા, બાલી અને આફ્રિકાનાં સ્ત્રી-પુરુષો કે મધ્યપ્રદેશના આદિવાસીઓનું મને આકર્ષણ રહે છે.

૪. ઊગતા ભારતીય કલાકારો માટે આપ કંઈ સૂચનો આપો?

ઉ. મને લાગે છે કે આધુનિક ભારતીય કળાને હજી યોગ્ય દિશા મળી નથી. હિંદી કલાકારો ફરી પાછા ભૂતકાળમાં જઈને અજન્તાનાં ભીંતચિત્રોની નકલ કરી શકે એમ નથી કે પારી-(સ)ની આધુનિક કળાનું આંધળું અનુકરણ પણ કરી શકે તેમ નથી. એમણે પૂર્વ ને પશ્ચિમની કળાઓનો તલસ્પર્શી અભ્યાસ તો કરવો જ રહ્યો. તે પછી એમણે કુદરતનું નિરીક્ષણ કરીને કલાભિવ્યક્તિ માટે એમનો પોતાનો જ એવો નવો માર્ગ ખોળી કાઢવો જોઈએ. ભારતીય કલાકારે પોતાના કલાસર્જનમાં પોતાનું જ વાતાવરણ પ્રતિબિંબિત કરવાનું છે. આધુનિક કલાકારોની સફળ અથવા પ્રખ્યાત કૃતિઓમાંથી પ્રેરણા મેળવવી એ પૂરતું નહિ રહે. ભારતીય કલાકાર પોતાની કૃતિઓમાં નીજી હાર્દ પ્રકટ કરી શકે એ માટે એણે પોતાપણું અને હિંમતભરી પ્રયોગશીલતા કેળવવી જરૂરી છે.

અભય ખટાઉ

અશોક પ્રકાશનની

તૂટતી ક્ષિતિજો: જીવનના નાનાનાના પણ લાગણીસભર પ્રસંગોનું આલેખન કરી માનવસ્વભાવનાં વિવિધ પાસાંઓ રજૂ કરતી પ્રિયકાન્ત પરીખની ટૂંકી વાર્તાઓનો પાંચમો સંગ્રહ (પ્ર. અશોક પ્રકાશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨, પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૮-૫૦)

આકાર વગરનો સંબંધ: જીવનના વિવિધ તબક્કાઓ પર પ્રગટતી માનવ-લાગણીઓને સાકાર કરતી ચંદુલાલ સેલારકાની નવલિકાઓ (પ્ર. ઉપર મુજબ; પૃષ્ઠ ૧૩૬, પાકું પૂઠું, રૂ. ૬-૭૫.)

નગર અને મિત્રા: માનવ હૃદયના વિવિધ ભાવોને વાચા આપવા પ્રયાસ કરતી બંસીકુમાર બારોટની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ (પ્ર. ઉપર મુજબ; પૃ. ૧૪૦, કાચું પૂઠું, રૂ. ૭)

નવાં પ્રકાશનો

ધીરુભાઈ પરીખ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તા, અમદાવાદ-૧

મિત્રો કેમ બનાવાય : પ્રાણીમાત્રને મૈત્રી વગર ચાલતું નથી. મનુષ્યને સવિશેષ આ પુસ્તિકામાં પ્રા. રજનીકાન્ત પટેલે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી મૈત્રી કઈ રીતે બાંધવી, કોને મિત્રો બનાવવા, કટુતા કઈ રીતે નિવારવી, મૈત્રી કેવી રીતે ટકાવી રાખવી, મિત્ર સાથે કેવો વ્યવહાર કરવો આદિ પ્રશ્નોને ખૂબ જ સરળ રીતે ચર્ચ્યા છે, જેથી પ્રત્યેકને જીવનમાં મૈત્રીના ક્ષેત્રમાં યોગ્ય માર્ગદર્શન મળી રહે. આ રીતે આ નાનું પુસ્તક ખૂબ ઉપયોગી બની રહેશે. (કાચું પૂઠું, પૃ. ૧૨૩, રૂ. ૫.)

સમયના સ્ફુલિંગ : કેટલાંક પાત્રો અને કેટલાક પ્રસંગો સમયપટમાં એવાં બનતાં-આવતાં હોય છે કે જે પોતાના સ્ફુલિંગ-તેજથી માર્ગ ચીંધી રહે છે. સામાજિક-રાષ્ટ્રીય બનાવો વ્યક્તિઓનાં આ ટૂંકાં રેખાચિત્રો શ્રી જશવંત ઠાકરની તેજીલી કલમે આલેખાએલાં છે. (પાકું પૂઠું, પૃ. ૨૧૪, રૂા. ૧૦-૫૦.)

નાટકને માંડવે : ત્રણ દશકાથી પણ વધુ સમય જેમને નાટ્યક્ષેત્ર સાથે સક્રિય પનારું પડ્યું છે તે જશવંત ઠાકરના આ લેખસંગ્રહમાં રંગભૂમિ, રંગભૂમિના પ્રશ્નો, રંગભૂમિના નટો-સંગીતકારો વગેરે વિષયક માહિતીપ્રદ, રસપ્રદ ને મનનીય લખાણો સંગ્રહીત કરવામાં આવ્યાં છે. તેમાંથી તેમની નાટ્યપ્રીતિ અને પ્રવૃત્તિનો અચ્છો ખયાલ મળી રહે છે. કોઈ પણ નાટ્યરસિયાને આ લેખસંગ્રહનું વાચન સંતોષપ્રદ સામગ્રી પૂરી પાડશે જ એમાં શંકા નથી. (કાચું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૧૩.)

સરસ્વતીને તીરે તીરે : ડૉ. ઈશ્વરલાલ ર. દવેનો આ બીજો વિવેચન-સંગ્રહ તેમની સાહિત્યપ્રીતિનો દ્યોતક છે. વ્યવસાયે પોતે પ્રાધ્યાપક, એટલે અધ્યયન-અધ્યાપનના અનુભવ-વ્યવહારમાં જે જે આવ્યું હોય તે તે વિષે બે શબ્દ પાડવાનું મન થાય તે સ્વાભાવિક છે. અહીં સંગ્રહીત ૧૯ લેખો પૈકી મોટા ભાગના લેખો આપણા સાહિત્યમાં સમયે સમયે જાગેલા પ્રશ્નોની ચર્ચા કરે છે અને તે રસપ્રદ પણ છે. કેટલાક લેખોમાં સર્જક કે સાહિત્યપ્રકારની પણ ચર્ચા કરવામાં આવી છે. લખાણોની શૈલી પણ ઘડાએલી અને રોચક પણ છે, જેથી સુવાચ્યતા પણ એમાં આવી છે. વળી, વિશ્લેષણો-વિવરણોમાં લેખકની સ્વતંત્ર વિચારસરણી અને સ્પષ્ટ સૂઝનો પણ પરિચય મળી રહે છે. સાહિત્યના અભ્યાસીને આ લેખો વાંચવા ગમશે. (કાચું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૦.)

મોહન ગાંધી મહાકાવ્ય ભાગ ૨જો : છંદોબદ્ધ પદ્યમાં લખાએલા આ સુદીર્ઘ કાવ્યગ્રંથમાં છેક આફ્રિકામાં વસેલા ડાહ્યાભાઈ પટેલની કાવ્યપ્રીતિ પ્રકટ થયા વગર રહેતી નથી. ચાર ખંડના આ કાવ્યગ્રંથમાં પ્રથમ ખંડમાં ગાંધીજીના વિચારો, બીજા ખંડમાં ગાંધીજીની જીવનલીલાના પ્રસંગો, ત્રીજા ખંડનાં સો સૉનેટમાં ગાંધી-પ્રશસ્તિ તથા ચોથા ખંડમાં ગાંધીજીના ઉત્તર જીવનના પ્રસંગો—કાર્યોને ગૂંથી લીધાં છે. ડાહ્યાભાઈનો હાથ પદ્યબંધ પર જામેલો જોઈ શકાય છે, પરન્તુ એમાંથી કાવ્યતત્ત્વ કેટલું સ્ફુટ થઈ રહે છે એ જરા વિચાર માગી લે છે. વળી, માત્ર લંબાણને લઈ એને મહાકાવ્ય કહેવામાં આવ્યું હોય તો તે મહાકાવ્ય નથી. પદ્યબંધનો આશ્રય લઈ ડાહ્યાભાઈએ ગાંધીની અને ગાંધી વિચાર તથા ભાવનાની આમાં સુપેરે વાતો કરી છે. તેમાં તેમની ગાંધીભક્તિ અછતી રહેતી નથી. (પાકું પૂઠું, પૃ. ૫૫૨, રૂ. ૧૫)

અન્ય પ્રકાશકોનાં

પ્રણય-લહરી : પ્રણયની કથામાં વચ્ચે-વચ્ચે કાવ્યો ગૂંથી ગદ્યપદ્યમય બનાવાએલી સામાન્ય કક્ષાની આ કૃતિના સર્જક છે કીર્તિ બી.કક્કડ.(પ્ર. પોતેજ, ૪, લક્ષ્મીવાડી,'અમૃત', રાજકોટ; કાચું પૂઠું; પૃ. ૭૨, રૂ. ૧-૫૦)

વીર જગડુશાહ : મુનિશ્રી જયપદ્મવિજયે રચેલો દાનવીર શેઠ જગડુશાહનો આ સંક્ષિપ્ત જીવનવૃત્તાંત કલાત્મક કરતાં પ્રેરણાદાયી વિશેષ છે. (પોતે જ, ઝેડ. એચ. શાહ, ૨૯, કેશવજી નાયક રોડ, મુંબાઈ-૯, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૪-૯૫.)

રાજ્ય અને કેન્દ્રીય વેચાણવેરાના કાયદાની રૂપરેખા : જિતેન્દ્ર જટાશંકર જોશી અને એન. આર. શુક્લે દ્વિતીય વર્ષ એલએલ બી., ડિપ્લોમા ઈન ટૅક્સેશન આદિ પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલું પાઠ્ય પુસ્તક. (પ્રાપ્તિસ્થાન : 'રાજરત્ન,' પુજારા પ્લૉટ, શેઠ હાઈસ્કૂલ પાછળ, રાજકોટ-૨; કાચું પૂઠું. પૃ. ૨૯૮, રૂ. ૧૫.)

વતનનો વાર્તાલાપ : કચ્છના છેલ્લા રાજવી શ્રી મદનસિંહજીની આ સ્મરણયાત્રા તેમના જીવનનાં ઉમદા, પ્રેરક પાસાંની સાથેસાથે કચ્છની સંસ્કૃતિની પણ ઝાંખી કરાવી જાય છે. તેની રોચક લખાવટ વાચનરસ જાળવી રાખે તેવી છે. (પ્રકા. દુલેરાય કારાણી, ૯, દીનદયાળ સોસાએટી, ઈશ્વરભવન પાસે, અમદાવાદ-૧૪; પાકું પૂઠું, પૃ. ૨૦૪, રૂ. ૧૨.)

પ્રસન્નિકા જ્ઞાનકોશ ખંડ ૧ : બંસીધર શુક્લ લિખિત આ જ્ઞાનકોશમાં 'અ'થી 'અહંકાર' સુધીના ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ધર્મ-તત્ત્વજ્ઞાન વગેરે ક્ષેત્રોના વિવિધ શબ્દોના સંદર્ભમાં ઉપયોગી અને સામાન્ય જ્ઞાનને પોષક સચિત્ર માહિતી આપવામાં આવી છે. (પ્રકા. પોતે જ; ૬, જીવનસૌરભ, પાલડી, અમદાવાદ-૭; પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૨૫.)

રસમાધુરી : સુશીલા સુબોધે તૈયાર કરેલા આ રસોઈ વિષયક પુસ્તકમાં વિવિધ પ્રકારના આઈસ્ક્રીમ, સલાડ, સૂપ, સેન્ડવિચીઝ નાન, પરોઠા તેમજ આંતરરાષ્ટ્રીય વાનગીઓ તૈયાર કરવાની સચિત્ર માહિતી આપવામાં આવી છે. આજની ગૃહિણીને રસોઈઘરમાં ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવું સુંદર પ્રકાશન. (પ્રકા. સ્ટાર ટ્રેડર્સ, સુબોધ મંગળદાસ, શાહીબાગ, અમદાવાદ-૪, પાકું પૂઠું, પૃ. ૫૦૧, રૂ ૪૦.)

ગાંધીજીનો અક્ષરદેહ-૩૯ : ગાંધીજીનાં લખાણોના આ ગ્રંથમાં એમની પ્રસિદ્ધ આત્મકથા ઉપરાંત ૩ ફેબ્રુઆરી, ૧૯૨૯થી ૧૪મી ફેબ્રુઆરી સુધીના ૧૨ દિવસો દરમિયાનનાં એમનાં પત્રો-લખાણોનો પણ સમાવેશ થાય છે. (નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪; પાકું પૂઠું, પૃ. ૪૯૪, રૂ. ૧૯-૫૦.)

ખંભાતનું સાંસ્કૃતિક દર્શન : ગુજરાતની પ્રાચીન અને પૌરાણિક નગરી ખંભાતની ઐતિહાસિક, ભૌગોલિક, સાંસ્કૃતિક સામગ્રી આપતો આ સંદર્ભગ્રંથ તેના વિદ્વાન લેખક નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટનો સન્નિષ્ઠાયુક્ત શ્રમસાધનાનું ખૂબ જ ઉપયોગી પરિણામ છે. ગ્રંથની રચના, આ પ્રકારના ઇતિહાસ ગ્રંથ કેમ લખાવા જોઈએ એ તેનું પણ શાસ્ત્રીય ઉદાહરણ પૂરું પાડે તેવી છે. (પ્રકા. પોતે જ, ઊંચી શેરી, ખંભાત; પાકું પુઠું, પૃ. ૯૦૮, રૂ. ૫૦)

સ્મૃતિગ્રંથ : ખંભાતના નિષ્ઠાવાન સમાજ સેવક ભોગીલાલ કુબેરદાસ પટેલની સેવાઓને બિરદાવતો આ સ્મૃતિગ્રંથ સંપાદિત કર્યો છે નર્મદાશંકર ભટ્ટ, નટવરલાલ શાહ અને કનૈયાલાલ પંડ્યાએ. સ્મૃતિગ્રંથના નાયક વિષેના લેખો વાચકોને પ્રેરણાદાયી બની રહેશે. (પ્ર. ભોગીલાલ કુબેરદાસ પટેલ નાગરિક સત્કાર સમારંભ સમિતિ, ખંભાત; પાકું પૂઠું, પૃ. ૧૮૨, કિંમત જણાવાઈ નથી.)

સરદાર સ્મૃતિગ્રંથ : અધ્યાપક પરિવાર અમરેલી દ્વારા સરદાર શતાબ્દી નિમિત્તે એમની પ્રતિભાને અંજલિ અર્પતા ગુજરાતી-અંગ્રેજી લેખોનો આ સંચય અધ્યાપકો કેવું અનુકરણીય વિદ્યાતપણું કરી શકે છે તેનું દૃષ્ટાંત છે. (પ્રકા. અધ્યાપક પરિવાર, ૧૫, ગુજરાત હાઉસિંગ સોસાએટી, અમરેલી; કાચું પૂઠું, પૃ. ૮૮, કિંમત જણાવાઈ નથી.)

ઋષિમંડળ-૫

વિશ્વામિત્ર

ઋગ્વેદના ગાયત્રી મંત્ર સાથેના ત્રીજા મંડળના સૂક્તોના કર્તા ઋષિ વિશ્વામિત્રની જીવનકથા અનોખી જ છે. વસિષ્ઠ ઋષિ સાથેની એની ચડસાચડસી એ જાણે પ્રાચીન ભારતમાં બ્રાહ્મણ અને ક્ષત્રિય વચ્ચેના ઉચ્ચતાના સંઘર્ષની કથા છે.

કાન્યકુબ્જના પુરુવંશી ગાધિ રાજાના પુત્ર તરીકે તેઓ ગાધિજ કે ગાધિનંદન તરીકે પણ ઓળખાતા. એમનું મૂળ નામ તો હતું વિશ્વરથ પણ પોતાના તપોબળે બ્રહ્મર્ષિ પદ પામ્યાથી તેઓ વિશ્વામિત્ર નામે ઓળખાયા. વસિષ્ઠની નંદિની નામની કામધેનુ ગાય મેળવવા એમણે કરેલા પ્રયત્નો અને એમાં પોતાનું ક્ષાત્રતેજ કામ નહિ લાગતાં વસિષ્ઠ જેવું બ્રાહ્મણત્વ પામવા એણે કરેલી કઠોર તપશ્ચર્યા, હરિશ્ચંદ્ર-તારામતીની એમણે કરેલી સતામણી, પોતાના વરદાન છતાં ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં પ્રવેશ ન મળતાં એણે આરંભેલી પ્રતિસૃષ્ટિની રચના, અપ્સરા મેનકાના મોહમાં લપટાતાં થએલા એમના તપોભંગ અને પોતાને ફરી લપટાવવા આવેલી રંભાને એમણે આપેલો શાપ, બલિ તરીકે યજ્ઞના યૂપ સાથે બંધાએલા શુનઃશેપને પોતાના આશ્રયમાં લેવા એણે દાખવેલી હિંમત ભરી ઉદારતા અને એ અંગે સાથ ન આપતાં પોતાના પચાસ પુત્રોને એમણે આપેલો શાપ વગેરે એમના વિષેના વૈદિક અને પૌરાણિક અનેક પ્રસંગો જાણીતા છે. મહાભારત અને રામાયણમાં એમના અનેક જીવન-પ્રસંગો આલેખાયા છે. ક્ષત્રિયોને ધનુર્વેદનું જ્ઞાન પણ એમણે જ આપેલું.

ક્ષત્રિય હોવા છતાં પોતાના આત્મબળના પરાક્રમથી પોતાના પ્રખર વિરોધી એવા ખુદ વસિષ્ઠ પાસે પોતાના બ્રહ્મર્ષિ પદનો સ્વીકાર કરાવનાર વિશ્વામિત્રની જીવનકથા વારંવાર પોતાના પ્રયત્નોમાં પાછા પડયા છતાં એની સામે કરેલા એ પ્રચંડ પુરુષાર્થની પ્રેરક કથા છે. તાટકા વનમાં, સરસ્વતીના પશ્ચિમકિનારે, વેદગર્ભપુરીમાં ને કૌશિકી નદીના કિનારે એમણે આશ્રમો સ્થાપેલા એમ મનાય છે. શુનઃશેપના પોતે કરેલા સ્વીકાર બદલ પોતાના પુત્રોમાં પડેલા મતભેદના કારણે જે બે ભાગ પડી ગયા તેમાંથી એના કૃપાપાત્ર પુત્રોની વંશ શાખા કુશિક ને શાપિત પુત્રોની વંશ શાખામાં આંધ્ર, શબર, પુલિંદ, મૂસિબ, પુંડ્ર ઈત્યાદિ ૨૯ ગોત્રો રચાયાનું મનાય છે.

વિશ્વામિત્રની પ્રતિસૃષ્ટિ એટલે યજ્ઞયાગથી ઈન્દ્રને ખુશ કરીને સ્વર્ગ પામવાને બદલે એક નવું જ વિચારવિશ્વ નિર્માણ કરવાનો પુરુષાર્થ એવો અર્થ ઘટાવી શકાય. એમાં એમનું ક્રાંતિકારી વિચારવલણ પ્રકટ થાય છે. □



માનવતા ઉર ત્રાસી રહી રણ-આંગણ-શોણિત-ક્ષુબ્ધ,
વીર, ઊઠી આજ લડી લો ત્યારે જુદ્ધની સામે જુદ્ધ,
એ રે! જુદ્ધની સામે જુદ્ધ.
ઘેરઘેરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ!

—ઉમાશંકર જોશી

સ્વ. ઢેબરભાઈ

ગાંધીવાદી રાજકારણના એક ઉમદા દૃષ્ટાંતરૂપ નમ્ર સેવક અને આજના સૌરાષ્ટ્રના ઘડવૈયા ઢેબરભાઈનું ગયા માર્ચની ૧૧મી તારીખે ૭૧ વર્ષની વયે રાજકોટમાં અવસાન થયું. એમના જવાથી ગાંધી વિચારસરણીના એક ચુસ્ત અનુયાયી અને નિષ્ઠાવાન તથા નમ્ર દેશસેવકની જે ખોટ પડી છે એ વર્તમાન ભારતમાં પુરાવી મુશ્કેલ છે.

ઉછરંગરાય નવલશંકર ઢેબર એ એમનું પૂરું નામ. જામનગર નજીકના ગંગાજળા ગામમાં ઈ. ૧૯૦૫ના સપ્ટેમ્બરની ૨૧મી તારીખે એક સાધારણ સ્થિતિના નાગર પરિવારમાં એમનો જન્મ થએલો. 'કાઠિયાવાડ ટાઈમ્સ' નામના રાજકોટના એક સાપ્તાહિકની નોકરીની આછીપાતળી આવકમાં પિતા આઠ સંતાનોવાળા બહોળા કુટુંબનો જે રીતે નિષ્ઠાપૂર્વક નિર્વાહ કરતા એમાંથી ઢેબરભાઈને જીવનની વાસ્તવિકતાની સમજ સાથે સચ્ચાઈ, શ્રદ્ધા, પરિશ્રમ અને પુરુષાર્થના પાઠ મળ્યા. પિતાએ મુંબાઈમાં બાબુ પન્નાલાલ ઝવેરીની પેઢીમાં નોકરી લીધી ત્યારે રાજકોટની તાલુકાશાળા છોડી તેમને મુંબાઈની 'ટયૂટોરિયલ હાઈસ્કૂલ'માં ભણવા બેસવું પડયું. એવામાં માતા ઊજમબાઈનું અવસાન થતાં ફરી રાજકોટ આવવું પડયું ને ત્યાંથી મૅટ્રિક પાસ કરી ફરી મુંબાઈ જઈ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયા. ત્યાં પહેલા જ વર્ષમાં નાપાસ થતાં એમણે કૉલેજ છોડી પિતાના એક મિત્ર 'મેસર્સ હીરાલાલ ઍન્ડ કંપની, સૉલિસિટર્સ'માં કારકુની સ્વીકારી. થોડા જ સમયમાં એમની કામગીરી પરથી એમને બઢતી મળી ને તેઓ મૅનેજરના મંત્રી જેટલું વેતન પામતા થયા. આ નોકરી દરમિયાન એમણે કાયદાનો અભ્યાસ કરીને ૧૯૨૮માં 'બૉમ્બે હાઈકોર્ટ પ્લીડર'ની પરીક્ષા આપી ને હિંદુ કાયદાના વિષયમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત સાથે તે પાસ કરી. પિતા આ સમયે રાજકોટમાં બહુ બીમાર હોઈ તેઓ તુરત સેવા માટે એમની પાસે પહોંચી ગયા. અને પિતાની અનેક સમજાવટ છતાં આગળ અભ્યાસ ન લંબાવતાં છેક સુધી એમની સેવા કરી.



પિતાના અવસાન પછી ૨૪ વર્ષની વયે એમણે રાજકોટમાં વકાલત આરંભી, પણ એમાં કાયદાબાજીના બદલે ન્યાયનો પક્ષ લેવાની અને મોટા ભાગના કેસોની ઘરમેળે પતાવટ કરાવી આપવાની એમની નીતિના કારણે આર્થિક રીતે ઘણીવાર વેઠવું પડતું. જોકે એમની ન્યાયપ્રિયતાને એનો રંજ નહોતો. બીજી બાજુ લોકોની કંગાલિયત અને લાચારી તથા ટૉલ્સ્ટૉય જેવાના લખાણના પ્રભાવથી તેઓ ગરીબ જનસમાજના ઉત્કર્ષ માટે સદા ચિંતા કર્યા કરતા. આ જ અરસામાં સૌરાષ્ટ્રમાં પડેલા દુષ્કાળમાં લોકોની બેહાલી જોવા કૉંગ્રેસની પ્રાંતિક સમિતિ વતી ત્યાં આવેલા મોરારજીભાઈને મળવાનું થયું અને એમાંથી એમને લોકહિત માટે દેશસેવા કરવાનો માર્ગ મળી ગયો. રાજકોટ પાસેના થોરાવા ગામને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી

હરિ: ૐ આશ્રમ તરફનાં

એપ્રિલ અંક માટેનાં રૂ. ૫૦-૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર 'જગજીવનદાસ દયાળજી મોદી' માટે ઇન્દ્રવદન દેસાઇને અને વ્યક્તિચિત્રો 'જૂના જમાનાની મોટપ' માટે મુકુંદરાય વિ. પારાશર્યને મળે છે.

એમણે જનસેવાનો આરંભ કર્યો. આ જ દિવસોમાં રાજકોટમાં ગાંધીજીને મળવાનો પણ યોગ થયો અને પછી તો ધીરેધીરે તેઓ એમના સત્ય અને અહિંસાના સિદ્ધાંતોથી રંગાવા લાગ્યા. અંતે એમણે વકાલત છોડી દઈ ગ્રામોદ્ધારના કાર્યમાં લાગી જવાનો પોતાનો નિર્ધાર જાહેર કરી દીધો.

તેત્રીસ વર્ષની વયે તેઓ રાજકોટ સત્યાગ્રહના નેતા થયા. ૧૯૪૮માં સૌરાષ્ટ્રના મુખ્ય મંત્રી અને ત્યાંથી આઠ વર્ષે કૉંગ્રેસના પ્રમુખપદે પહોંચ્યા! ૧૯૬૩માં તેઓ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ બન્યા અને લગભગ એક દાયકા સુધી તેમણે એ જવાબદારી સંભાળી. આ બધાંમાં એમના સૌરાષ્ટ્રના મુખ્ય મંત્રીપદ સમયનાં વર્ષો એ એમની કારકિર્દીના સુવર્ણકાળ સમાં હતાં. એ વરસોમાં એમણે ૨૦૦ રજવાડાંઓના બનેલા એ સામંતશાહી પ્રદેશને ખંત, ધીરજ ને સમજાવટથી લોકસમાજમાં ફેરવી નાખ્યો. એ સમયે તેઓ એક જ ઓરડામાં રહેતા. સત્તાધારી જનસેવકે કેવી રીતે રહેવું જોઈએ એનું એમણે એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પૂરું પાડયું હતું. (ત્યાં સુધીનો એમનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર' અંક ૩૭૬માં આવી ગયો છે.)

ઈ. ૧૯૩૭માં રાજકોટ સત્યાગ્રહથી શરૂ કરી, ૧૯૭૨માં ખાદી કમિશનના અધ્યક્ષપદેથી નિવૃત્ત થયા ત્યાં સુધી એમનું જીવનકાર્ય સમૃદ્ધ રહ્યું. આઝાદીની લડતમાં, આરઝી હકૂમતમાં, સૌરાષ્ટ્રના ઘડતરમાં, કૉંગ્રેસ પ્રમુખ તરીકે, રચનાત્મક કાર્યક્રમોમાં અને ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના પ્રમુખ તરીકેનો એમનો ફાળો ઘણો મહત્ત્વનો રહ્યો છે.

નાજુક બાંધી દડીનો દેહ, ખાદીનાં ધોતિયું-ઝભ્ભો ને ટોપી, ડોળદમામ રહિત વ્યક્તિત્વ અને 'હિટલર-કટ' મૂછો એ એમનો તદ્દન સાદગીભર્યો લાક્ષણિક દેખાવ. પણ આ સાદગી પાછળ એમની નિષ્ઠાભરી દક્ષતા છુપાએલી હતી.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના શબ્દોમાં: "'એમનું જીવન સમસ્ત સમર્પણની ભાવનાથી ભર્યું હતું. દેશસેવા માટે ભેખ ધર્યા પછી એમણે જાતની કે કુટુંબની યે પરવા કર્યા વિના સ્વેચ્છાએ ગરીબાઈ વહોરી લીધી હતી. આથી એમને સારી પેઠે સહન પણ કરવું પડયું હતું. પણ ધાર્યું કરવા ટેવાએલા તેઓ અંગત બધી જ બાબતોને હૃદયમાં ભંડારી દઇને વિવેક અને કુનેહથી હાથ ધરેલું કાર્ય પાર પાડતા. એમનો સ્વભાવ આગ્રહી, પણ સામાને એનો આઘાત લાગવા ન દે. એમની નમ્રતામાં મક્કમતા હતી. એમની કામ કરવાની રીતથી સાથીઓ ક્યારેક મૂંઝાય ખરા, પણ એમના પ્રત્યેના આદરમાં ઓછપ ન આવે. ગરીબો પ્રત્યે એમને ઊંડી હમદર્દી હતી. એમનો લોકસંપર્ક ગાઢ હતો. સાદાઈ ને સદાચાર એમના જીવનના મૂળમાં હતાં. રચનાત્મક કાર્ય, ખાદી-ગ્રામોદ્યોગ, હરિજન કલ્યાણ ને આદિવાસી જાતિઓના કલ્યાણકાર્યોમાં, ગોસંવર્ધન ગોપાલન વગેરેમાં એમને ઊંડો રસ હતો. છતાં એ રાજકારણના જીવ હતા. ચાર વર્ષ કૉંગ્રેસના પ્રમુખ રહ્યા ત્યારે જવાહરલાલજી જેવા સાથે એમણે કુશળતાથી કામ લીધું હતું. એમનામાં અકળ એવું કંઈક હતું એથી સાથીઓમાં ક્વચિત્ ગેરસમજ પણ થતી, પણ એમની નિષ્ઠામાં કદી કોઈને શંકા પ્રકટે તેમ નહોતું."

સૌરાષ્ટ્રનું ઘડતર એ એમનું સૌથી મહાન અને ચિરંજીવ કાર્ય છે. સૌરાષ્ટ્ર તો એ કદી ભૂલી નહિ શકે. (સંકલિત)

મહાકવિ નાનાલાલનાં ક્રિકેટ-સંસ્મરણો

ગુર્જરગિરાના મહાકવિ નાનાલાલ દલપતરામે પોતાનાં ક્રિકેટ-સંસ્મરણો છેક ૧૯૪૦માં લખ્યાં હતાં. એ લેખ સાથે તે સમયની દક્ષિણી ટીમના કૅપ્ટન સ્વ. શ્રી. મહાદેવરાય વામનરાવ અનગરેના સુપુત્ર શ્રી કેશવરાવ અનગરે, જે ઘરડા થયા છે, તેઓ મળ્યા. તેમણે આજથી સિત્તેર-એંશી વર્ષ પહેલાંનો સુંદર પ્રકાશ પાડયો છે. —ન. ના. કવિ

'બાર વર્ષની કુમળી વયે શ્રી મહાદેવ વામન અનગરેની દક્ષિણી ક્રિકેટ ટીમમાં અમે રમતા. તેઓ કૅપ્ટન હતા. ટીમમાં શ્રી ગજાનન માવળંકર, શ્રી દલસુખ સાહેબા, શ્રી જીવણલાલ દીવાન વગેરે હતા. ચાર-પાંચ માઈલ ચાલીને કૅમ્પમાં રમવા જઈએ. અંગ્રેજ સોલ્જરો સાથે ચોથા ધોરણના વિદ્યાર્થીઓ રમે. સોલ્જરોમાં સ્કૉટ સારો ખેલાડી હતો. શ્રી ગંગાધર 'કાલીમઠ' રાયપુરમાંથી ઘાંચીનું એકલિયું લાવે. તેમાં કિટ હોય. વારાફરતી કોક હાંકે ને કોક એક્કામાં ચડી બેસે. ગાતા, લલકારતા, કૅમ્પની વડમાળા ગજાવતા જાય.

સાબરમતી રમવા જતા. એક ઘોબી અમને પ્રૅક્ટિસ કરાવે. એક વાજાવાળો હતો, એનું નામ જંગલી. ફાસ્ટ, ઑફ બ્રેક, અન્ડરહૅન્ડ નાખતો. કૅપ્ટન અનગરે પણ ફાસ્ટ અંડરહૅન્ડ બોલર. મોટા સોલ્જરો ને અંગ્રેજ ક્રિકેટપટુ સાહેબોને એમની ફાસ્ટ બોલિંગ રમવાની મઝા આવતી.

રામજી અને અમરસિંહ બે ભાઇઓ રાજકોટની મિડલ સ્કૂલમાં ભણતા. સ્વ. લાખાજીરાજ અમારી સાથે એમને રમાડતા. સાદરા શિવાજી સરદારમાં મેં ઇલેવન કીધી હતી. અમદાવાદથી પ્રો. આનંદશંકર ધ્રુવ, શ્રી ભૂલાભાઈ દેસાઈ, ગુજરાત કૉલેજની ટીમ લઈ ત્યાં રમવા આવતા.

૧૯૧૪માં રાજકોટથી ટીમ લઈ વડોદરા રમવા ગયા હતા. હું કૅપ્ટન સ્વ. સયાજીરાવના બે કુંવરો શ્રી શિવાજીરાવ અને શ્રી ધૈર્યસિંહરાવ સામે રમવામાં હતા. બે ત્રણ વિકેટે હાર્યા. ત્યારનું એક સ્મરણ એવું છે કે ૧૯૧૪નું યુદ્ધ ફાટયું. મહારાજા અને મહારાણી યુરોપમાં કોક જલઉદ્યાનમાં હતા. જર્મનીએ બંનેને અટકાયતમાં રાખ્યા હતા. મૅચના બીજે દિવસે જ મધ્યાહ્ને દીવાન તાર લઇને આવ્યા અને શુભ સમાચાર આપ્યા કે એમને મુક્ત કર્યા છે.

રાજકોટમાં થૉમસન કરીને એક લોકો સુપરિન્ટેન્ડેન્ટ હતા. ક્રિકેટના બડા રસિયા. છ ફૂટ ઊંચા અને પહેલવાન. બોલીંગ કરતાં તેમનું હૃદય બંધ પડી ગયું, ને ક્રિકેટની સાદડી પર છેલ્લી શય્યા લીધી.

સાણંદ ઠાકોર સાહેબ સાંભરે છે. જૂનાગઢમાં હારેલી મૅચ તેઓ જીત્યા હતા. પહેલા દાવમાં અમારા ફક્ત ૩૨ રન, બીજો દાવ શરૂ થતાં સ્થિતિ એવી કે ૧૮૬ રન કરીએ તો જ જીતાય. નિરાશામાં દાવ માંડયો ને આશામાં દાવ પૂરો કર્યો. ટર્નરે સો ઉપર રન કીધા. શ્રી જસવંતસિંહે છપ્પનેક કીધા. હું ૨૫ રન કરી નૉટઆઉટ રહ્યો. એમ હારી બાજી જીત્યા.

જામસાહેબ શ્રી રણજિતસિંહજીની મહેમાની તો હદ બેહદની. સલૂનો રાજકોટ તેડવા આવે ને મૂકવા આવે. આરસના મહેલમાં ઉતારો. વા'ણું વાય ને છ-સાત મોટરો લઈ જાય. એમની રમત જોવાં ખુલ્લા દિલનાં સ્વાગત હતાં.'

ઉનાળાનું અમૃતફળ

ઉનાળામાં ધોમ ધખતા તાપ અને બળબળતી લૂમાં શરીરની રુક્ષતા વધી જાય છે એ જ સમયમાં એના ઉપાય માટે કુદરતે કેરી જેવું ફળ પેદા કરીને માણસજાત પર એક આશીર્વાદ જ વરસાવ્યો છે.

ભારતમાં આ કેરી છેક પ્રાચીન કાળથી પરિચિત છે. સ્વાદ, રંગ, કદ, આકાર ને ગુણની વિવિધતાવાળી એની સંખ્યાબંધ જાત થાય છે અને એના વિષે પુષ્કળ લખાયું છે. કેરી અને એના વૃક્ષ આંબાના અનેક ગુણ છે. થોડા અહીં જોઈએ.

આંબાનાં પાન રુચિદાયક છે અને પિત્ત તથા કફનું શમન કરે છે.

આંબાનાં દસ પંદર પાન લસોટીને પાણી સાથે એનો રસ પીવાથી ઝાડા મટે છે. આંબાનાં સૂકાં પાનના ધૂમ્રપાનથી હેડકી શમે છે અને ગળાના કેટલાક રોગોમાં ફાયદો કરે છે. 'મટીરિયા મેડિકા'માં નાડકર્ણીએ જણાવ્યા પ્રમાણે આંબાની કૂંપળો સૂકવીને એનું ચૂર્ણ આપવાથી ડાયાબીટિસમાં ફાયદો થાય છે.

આંબાનો મોર પણ ડાયાબીટિસમાં ગુણકારી ગણાય છે. નવટાંક જેટલા ઊના પાણીમાં આંબાનો મોર ઉકાળીને લીંબુના શરબત સાથે મેળવીને પીવાથી ખાધેલું બરાબર પચે છે. આંબાના મોરનાં બબ્બે ટીપાં નાકમાં પાડવાથી નસકોરી ફૂટવાથી નીકળતું લોહી બંધ થાય છે.

આંબાની છાલ કફ અને પિત્તનું શમન કરનારી છે. ડાયાબીટિસમાં અને યોનિની શુદ્ધિ કરવા માટે પણ એ અપાય છે. આંબાની છાલ વાટીને બકરીના દૂધ સાથે પીવાથી ઝાડા મટે છે.

કાચી કેરીની ખટાશ લલચાવનારી છે, પણ એનો વધુ પડતો ઉપયોગ સારો નથી. કાચી કેરીનું પનુ તૃપ્તિકર હોઈ લૂ સામે રક્ષણ આપે છે.

પાકી કેરી, હૃદય વર્ણ સુધારનાર, એમાં રહેલા વિટામિન 'એ'ના કારણે આંખને માટે ગુણકારી, કફવર્ધક, શુક્રવર્ધક અને જઠરાગ્નિ વધારનાર છે. આંતરડાંની રુક્ષતાને કારણે મળવિસર્જનમાં પડતી તકલીફને પાકી કેરી દૂર કરે છે. ચરકે પાકી કેરીને માંસ, શુક્ર તથા મળને વધારનારી કહી છે. મોંમાં વારંવાર ચાંદાં પડી જતાં હોય, શરીર નબળું હોય કે આંખની ઝાંખપ, પ્રદર, કબજિયાત, ભૂખનાશ વગેરેમાં પાકી કેરીનું સેવન બહુ ગુણકારી ગણાય છે.

મોં આવી ગયું હોય તો કેરીની ગોટલી લસોટી પાણીમાં ભેળવી તેનાથી કોગળા કરવાથી ફાયદો થાય છે. કેરીની ગોટલીના રસનાં ટીપાં પણ નાકમાંથી પડતા લોહીને બંધ કરે છે. ઝાડામાં પણ એનું ચૂર્ણ મધ સાથે અપાય છે.

કેરીનો રસ કાઢીને પછી વાપરવાથી ઘણાંને એ વાયડો પડે છે, એટલે એમાં સૂંઠ ભેળવીને લેવો હિતકર છે. કેરી વાપરતાં પહેલાં એને ઠંડા પાણીમાં પલાળી રાખવાથી એમાં ઠંડક આવે છે. કેરી ખાધા પછી તુરત પાણી પીવું ન જોઈએ. —અશોકકુમાર આર. સોની




સંગરૂર

પંજાબમાં પતિયાળાથી લગભગ પંચાવન કિલોમીટર દૂર લુધિયાણા–હિસ્સારના રેલમાર્ગ પર સંગરૂર નામે એક સુંદર નાનું શહેર છે. ડામર માર્ગે એ લુધિયાણા, પતિયાળા, બારનેલ ને ભટિંડા વગેરેથી જોડાએલું છે. જૂની જિન્દ નિઝામતમાં પહેલાં તો એ નાનું ગામડું જ હતું, પણ ઈ. ૧૮૨૭માં રાજા સંગતસિંહે પોતાની રાજધાની જિન્દથી ફેરવીને અહીં આણ્યા પછી અને આગળ જતાં રાજા રઘુબીરસિંહે એને જયપુરની ઢબે સુવ્યવસ્થિત રીતે નવેસરથી બંધાવ્યા પછી એની રોનક ફરી ગઈ.



બનસર બાગ અને એની મધ્યમાં બનાવેલી સંગેમરમરની બારહદરી (ચારે બાજુથી ખુલ્લી એવી છત્રીવાળી બેઠક) એ સંગરૂરનું એક સુંદર આકર્ષણ છે. અસલ તો આ બનસર તળાવ હતું, પણ આજે એમાં ગુલાબ વાડી સોહે છે. આ ઉપરાંત, સુંદર સોનેરી શોભનોથી શણગારેલી છતવાળો જૂનો દરબાર હૉલ કે 'દીવાનખાના' પણ જોવા જેવો છે. આજે ત્યાં જિંદ દરબારની જૂની સ્મૃતિઓ અને ઐતિહાસિક મહત્ત્વની ચીજોનો સંગ્રહ ગોઠવેલો છે. સંગરૂરથી બારનેલ જવાના માર્ગ પર થોડે દૂર બદરૂખાન નામે એક ગામડું છે. આ ગામના ગઢમાં મહારાજા રણજિતસિંહનો જન્મ થએલો એમ અહીંના લોકો કહે છે. જો કે ઇતિહાસે તો મહારાજાનો જન્મ ગુજરાનવાલામાં થયાનું નોંધ્યું છે.

નાનકપંથીઓ ને શીખ લોકો માટે અહીં નજીકમાં જ નાનકીઆના સાહેબ ગુરુદ્વારાનું પણ આકર્ષણ રહે છે. કહે છે કે પોતાના યાત્રાટન દરમિયાન ગુરુ નાનક ત્યાં પંદરેક દિવસ રોકાએલા અને ત્યાં જ પોતાની પ્રાતઃપ્રાર્થના 'જપજી'ના કેટલાક ભાગની રચના કરેલી. શીખોના છઠ્ઠા ગુરુ હરગોવિંદ પણ ત્યાં રહી ગએલા. અહીંથી થોડે દૂર 'કરીર સાહેબ' નામે એક બીજું ગુરુદ્વાર પણ છે. ત્યાં ગુરુ હરગોવિંદે જે વૃક્ષ સાથે પોતાનો ઘોડો બાંધેલો એ વૃક્ષ આજે પણ હયાત હોઈ આ સ્થળ પણ પવિત્ર ગણાય છે. આ બંને સ્થળે દર વર્ષે વૈશાખીના રોજ મોટો મેળો ભરાય છે.

ભારતની નવી ખાસ ટપાલ-ટિકિટો

ગયા માસ એપ્રિલમાં બહાર પાડેલી આ ખાસ ટિકિટોમાં (ઉપરથી અનુક્રમે) પહેલી ટિકિટ 'એશિયાઈ મહાસાગરીય દ્વીપ સમૂહ ડાક સંઘ' ને પહેલી એપ્રિલે પંદર વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે બહાર પડી. એના પર આ સંઘના પ્રતીક પર આધારિત ડિઝાઈન છે. બીજી ટિકિટ ભારતીય વહાણવટાના ક્ષેત્રમાં અગ્રગણ્ય સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિમિ.ના સ્થાપક શેઠ નરોત્તમ મોરારજીની ગઈ બીજી એપ્રિલે જન્મશતાબ્દી હતી એ અંગે બહાર પડી, જેના પર એમની છબિ સાથે એક વ્યાપારી જહાજનું પણ ચિત્ર છે. ત્રીજી ટિકિટ 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ'ની ૫૦મી વાર્ષિક સામાન્ય સભા (એપ્રિલ ૨૩) મળી તે નિમિત્તની છે. અર્ધ શતાબ્દી સૂચક ૫૦ના આંકડા સાથે એમાં એ સંઘની સંજ્ઞાને સાંકળીને કરેલું સૂચક ડિઝાઈન એના પર આપ્યું છે. જમણી બાજુ નીચેની પહેલી ટિકિટ હિંદી ભાષાના એક ઉચ્ચ કોટિના સાહિત્યકાર, સહૃદય કવિ, લેખક, વાર્તાકાર ને નાટ્યકાર તથા દેશભક્ત પત્રકાર માખનલાલ ચતુર્વેદીની યાદમાં ગઈ ૪થી એપ્રિલે ને બીજી ટિકિટ મહાપ્રભુ વલ્લભાચાર્યના માનમાં ગઈ ૧૪મી એપ્રિલે બહાર પડી છે. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર–અમદાવાદ)

માસમાસના આકાશમાં: મે–જૂન



ઉત્તર આકાશમાં કાલિય (નાગ) અને એને નાથનાર શૌરિ (કૃષ્ણ) નામધારી તારામંડળોનું દર્શન હવે સ્પષ્ટ બન્યું છે. વિશાળ પટમાં પથરાઇને પડેલા કાલિયનો 'ક' તારો ઇજિપ્તમાં જ્યારે પીરામિડો રચાયા એ કાળે—ઈ. સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાં ધ્રુવતારક હતો. શૌરિ તારામંડળમાં 'મે-૧૩'ની સંજ્ઞાવાળું એક ગોળ તારાગુચ્છ છે. આપણાથી ૩૬૦૦૦ પ્રકાશવર્ષ દૂર હોઈ નરી આંખે તો એ એક ઝાંખા તારા જેવું લાગે છે પણ ૧૦૦ પ્ર. વ. જેટલા પહોળા પટમાં ફેલાએલા એ ગુચ્છમાં એકાદ લાખ જેટલા તારાઓ છે, જેમાંના અર્ધા તો આપણા સૂર્ય કરતાં યે વધુ તેજસ્વી વિરાટ તારા છે. આવું જ એક વિશાળ તારકગુચ્છ 'વ' દક્ષિણમાં 'નરાશ્વ' તારામંડળમાં છે. અહીંથી ૨૦,૦૦૦ પ્ર. વ. દૂરના એ ગુચ્છમાં યે લાખેક તારાઓ છે. આ નરાશ્વ મંડળમાં 'જય' અને 'વિજય', 'મિથુન' મંડળના 'પુરુષ' અને 'પ્રકૃતિ'ની જોડ જેવા દેખાય છે. પણ જય આપણાથી માત્ર ૪·૩ પ્ર. વ. દૂર છે—એટલે કે બધા તારાઓમાં એ આપણી સૌથી વધુ નજીક છે, જ્યારે વિજય ૪૯૦ પ્ર. વ. દૂર છે. જય કરતાં વિજય ૮૦૦૦ ગણો તેજસ્વી છે. ¶ 'સ્વાતિ' અને 'ચિત્રા' તો આપણા જાણીતા તારા છે. સ્વાતિ તો બાઈબલમાં પણ ઉલ્લેખ પામેલો છે. સૂર્ય કરતાં એ ૨૪ ગણો લાંબો-પહોળો છે અને આપણાથી ૩૬ પ્રકાશવર્ષ દૂર છે. સ્વાતિ દેખાય છે 'ભૂતેશ' તારામંડળમાં, પણ એ આ મંડળનો તારો નથી. એક કલાકે ૪,૩૨,૦૦૦ કિ. મી.ની ઝડપે એ ચિત્રા ભણી ધસી રહ્યો છે, અને છતાં ચિત્રા પાસે પહોંચતાં એને હજી ૫૦,૦૦૦ વર્ષ લાગશે એટલું એ બંને તારા વચ્ચે અંતર છે. વળી, ત્યાં સુધીમાં તો ચિત્રા પોતે પણ થોડો ખસી ગયો હશે. આ ચિત્રા યુગ્મ તારો છે. એના બંને તારા એકબીજાની આસપાસ ચાર દિવસમાં એક પરિક્રમા પૂરી કરે છે. ચિત્રા સૂર્ય કરતાં ૧,૪૦૦ ગણો તેજસ્વી છે.

આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૨/૧૫૧૯ જગતની એક અનોખી બહુમુખી પ્રતિભા લીઓનાર્ડો દ વિંસીનું અવસાન. ઈ. ૧૪૫૨ની ૧૫મી એપ્રિલે એનો જન્મ થએલો એટલે આ વર્ષે એના જન્મનું ૫૨૫મું વરસ છે. આજે પણ જેનો ભેદ પામી શકાયો નથી એવા રહસ્યમય સ્મિતવાળી 'મોનાલિસા' જેવા જગતખ્યાત ચિત્રનો એ સર્જક કલાકાર તો હતો જ, એ ઉપરાંત પણ એ ઘણુંઘણું હતો અથવા



કહો કે એ શું નહોતો? સંખ્યાબંધ ચિત્રનોંધો સાથે જમણી બાજુથી ડાબી તરફ જતા અવળા અક્ષરે લખાએલી એની અજબ લાક્ષણિક નોંધોનાં જે દસેક હજાર જેટલાં પાનાંઓ મળ્યાં છે તે જોતાં જ જણાઈ આવે છે કે જ્ઞાનવિજ્ઞાનની કોઈ શાખા એણે પોતાના અભ્યાસમાં છોડી નહોતી. આજના હેલિકૉપ્ટર જેવાં હવામાં ઊડતાં વાહનની અને આજની ટેન્કો જેવી બખ્તરિયા રણગાડીની કલ્પના સૌ પ્રથમ એણે જ કરેલી. યુદ્ધમાં ઉપયોગી એવી બીજી પણ અનેક અવનવી કરામતોમાં એણે બુદ્ધિ લડાવેલી. વહેતા પાણીની લાક્ષણિકતાઓ કે માનવશરીરની આંતરિક રચનાનો એણે ઊંડો અભ્યાસ કરેલો. સુયોજિત નગરરચના કે ચાતુરીયુક્ત સ્થાપત્યરચનાઓમાં પણ એણે આગવાં સર્જનો કરી બતાવેલાં. પૌરાણિક લોકકથાઓ ને મધ્યકાલીન તત્ત્વજ્ઞાન, દરિયાની ભરતીનાં કારણો ને ફેફસાંમાંની હવાની હલચલ, પૃથ્વીના કદનું માપ ને સૂર્યથી તેનું અંતર, ઘુવડની રાતની ટેવો તથા માણસની દૃષ્ટિના નિયમો, જ્યોતની રચના ને વર્તુળને સમચોરસ બનાવવાનું સમીકરણ, ગુરુત્વાકર્ષણનો નિયમ ને હવામાં ડોલતાં વૃક્ષોની તાલમય ગતિ, ઊડતાં યંત્રોનો નકશો ને મૂત્રાશયમાં થએલી પથરીનો ઉપચાર, તરવામાં રક્ષણ આપતો અદ્ભુત પોષાક ને છાયા-પ્રકાશ પર નિબંધ, અત્તરો બનાવવાના કીમિયા ને ભૌમિતિક પ્રમેયો તથા સિદ્ધાંતો, ફુવારામાં પડતા પાણીના દબાણનો અભ્યાસ ને પશુપંખીનાં પ્રજનનનાં અવલોકનો, શૂન્યાવકાશ પર નિબંધ ને વરાળની ચાલકશક્તિનો ઉપયોગ કરવાની રીતો... એમ પ્રત્યેક ક્ષેત્રમાં એણે કંઈ ને કંઈ ઉપયોગી મૌલિક દેણગી કરી છે. જીવમાત્રને એ સમાનતાથી નિહાળતો. માંસાહાર ન કરતો. માનવજીવનમાં સૌંદર્ય આણવાની ઇચ્છાએ એને કલાકાર બનાવ્યો અને માણસની જંગાલિયતે એને ફિલસૂફ.

પણ એના અમૂલ્ય અદ્વિતીય ભેજાનો લાભ લેવાને બદલે દુનિયાએ એની પાસે લડાઇઓ લડાવી, તબેલા બંધાવ્યા, અરીસાના તક્તા બનાવરાવ્યા ને એમ એની પ્રતિભાને વેડફી નાખી. એણે કરેલી નોંધો-યોજનાઓમાંથી ગણીગાંઠી જ એ પાર પાડી શક્યો હતો. અને એમ જ એ આશ્રયદાતાઓએ ચીંધેલાં કામોમાં ફ્લોરેન્સ, રોમ, વેનિસ ને ફ્રાંસ વચ્ચે આથડતો છેવટે ફ્રાંસના એક અજાણ્યા ગામમાં બંધાતી નહેરના કામ પર દેખરેખ રાખતો મરણ પામ્યો. 'મોનાલિસા', 'લાસ્ટ સપર', 'ઍનન્સીએશન', 'ઍડોરેશન ઑવ ધ મૅગી', 'વર્જિન ઑવ ધ રૉક્સ' ને 'મૅડોના ઍન્ડ ચાઈલ્ડ વિથ સેન્ટ ઍન' જેવાં જગનામી ચિત્રો અને એની બહુમુખી પ્રતિભાના સાક્ષીરૂપ એની નોંધપોથીનાં પાનાંઓ સિવાય આપણી પાસે એની કોઈ યાદ નથી. પાંચસો ને પચ્ચીસ વર્ષ થયાં એના જન્મને. હજી બીજો લીઓનાર્ડો પેદા થઈ શક્યો નથી.

તા. ૮/૧૭૯૪ રસાયણશાસ્ત્રના પિતા ગણાતા લવાઝીએનો ફ્રાંસના ક્રાંતિમંચ ઉપર ગિલોટિનમાં શિરચ્છેદ થયો. આ ગિલોટિનનો શોધક ડૉ. જોસેફ ગિલોટિન મોતની સજાઓ માટેનો એક સલાહકાર હતો. એનું પોતાનું મોત પણ પોતે જ શોધેલા ગિલોટિન પર થએલું.

તા. ૯/૧૯૨૬ રિચાર્ડ ઈ. બાયર્ડે ઉત્તર ધ્રુવ પરથી સૌ પ્રથમ ઉડ્ડયન કર્યું. વિમાનની શોધ થયા પછી કર્નલ લિન્ડબર્ગે સૌ પ્રથમ આટલાંટિક પાર અવિરત ઉડ્ડયન પણ આ જ માસમાં ઈ. ૧૯૨૭માં કરેલું. અમેરિકાથી ૨૦મી મેએ ઉપડીને ૨૧મીએ એ પારી(સ) પહોંચેલો.

તા. ૨૩/૧૮૧૮ ભારતનું સૌ પહેલું વર્તમાનપત્ર 'સમાચાર દર્પણ' બંગાળમાંથી પ્રસિદ્ધ થયું.

તા. ૨૭/૧૭૦૩ રશિયામાં યુરોપીય સભ્યતા દાખલ કરનાર પીટરે પીટર્સબર્ગ શહેર વસાવ્યું.

તા. ૩૦/૧૮૯૧ સંસારસુધાર અને કેળવણીકાર મહીપતરામ રૂપરામ નીલકંઠનું અવસાન.



હજામની દુકાને એક જણે એક નાના છોકરા સાથે દાખલ થઈને કહ્યું: 'હું થોડું કામ પતાવીને આવું ત્યાં સુધી આના વાળ કાપતા થાઓ. પછી આવીને હું મારા વાળ કપાવીશ.' છોકરાના વાળ કપાઈ રહ્યા પછી ઘણી વાર થયા છતાં પેલો માણસ આવ્યો નહિ, એટલે હજામે તેને પરપત આપતાં કહ્યું: 'તું મુંઝાતો નહિ. હમણાં તારા બાપુ આવી જશે.' એ સાંભળી છોકરો જરા ચમક્યો: 'બાપુ? કોના બાપુ? એ મારા બાપુ નહોતા. હું રસ્તાને નાકે ઊભો હતો ત્યાં એ આવ્યા અને મારું બાવડું પકડી કહ્યું: 'ચાલ મારી સાથે. આપણે બંને વાળ કપાવી આવીએ!'

∽

લશ્કરમાં ભરતી ન થવું પડે માટે દાનસિંગે પોતાની આંખ નબળી છે એવો ઢોંગ કર્યો. આંખની પરીક્ષામાં લખાણના પાટિયા પર તે વાંચી શક્યો નહિ. ડૉક્ટરે એને પાટિયાની નજીક એક એક ફૂટ મોકલવા માંડ્યો. દરેક વખતે વાંચવાની મુશ્કેલી પડતી. અંતે તે જ્યારે પાટિયાની નજીક પહોંચ્યો ત્યારે શબ્દો વાંચી શક્યો. ડૉક્ટરે સર્ટિફિકેટ આપ્યું: 'હાથોહાથની લડાઈ માટે લાયક.'

∽

એક મંડળના સભ્યની માંદગી વખતે તેના મંત્રી તરફથી તેમને પત્ર મળ્યો: 'પ્રભુ આપને જલદી સાજા કરે એવો ઠરાવ આજની સભામાં ૩ વિરુદ્ધ ૬ મતે પસાર થયો છે. ૮ સભ્યો તટસ્થ રહ્યા હતા.'



('જનસત્તા'માં 'શિવ')

રહિમન વો નર મર ચૂકે, જો કહુ માંગત જાહિ,
ઉનકે પહલે વો મૂએ, જિનમુખ નિકસત 'નાહિ'.

— રહીમ —

અમેરિકાના ડંકર્ક ગામનો નગરન્યાયાધીશ રેમંડ વાઇક એક વાર ઉતાવળમાં એક મોટર-બસને આંતરીને પોતાની ગાડી આગળ ચલાવી ગયો. પણ પછી તેને તરત જ પોતાની ભૂલ સમજાઈ કે જે કાનૂનભંગ માટે પોતે રોજ પાંચ ડૉલરનો દંડ કરે છે તે એ જાતે જ કરી બેઠા છે. લાગલા જ પોલીસ થાણે જઈને તેણે અફસરના હાથમાં પાંચ ડૉલરની નોટ મૂકીને કહ્યું: 'કોઈ પોલીસે એ ગુનો જોયો તો ન હતો, પણ ન્યાયાધીશ તરીકે મારે એ કાયદો પહેલો પાળવો જોઈએ.'

કહેવતો: 'ઊલમાંથી નીકળ્યા ને ચૂલમાં પડ્યા'–એક દુઃખમાંથી નીકળવા જતાં બીજા દુઃખમાં આવી પડવા વિષે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'ઘરનાં ઊઠ્યાં (દાઝ્યાં) વનમાં ગયાં, તો વનમાં લાગી લાહ્ય'; 'અલા ગઈ ને બલા આવી'; 'ભૂત મરે ત્યાં પલીત જાગે', 'અવાડામાંથી નીકળીને કૂવામાં.'

અનેકાર્થી શબ્દ: હરિ = વિષ્ણુ, કૃષ્ણ; સિંહ; ઘોડો; વાંદરો; ચંદ્ર; સૂર્ય; હંસ; ભમરો; દેડકો; કોયલ; પોપટ; બપૈયો; મોર; સર્પ; અગ્નિ; બ્રહ્મા; આકડાનો છોડ; કપૂર; કિરણ; પિંગળમાં એ નામના જુદાજુદા માપના છ છંદ; ધણી કે પતિ; પંડિત; વરુણ; વાદળું; સોનું; ગુસ્સે થએલું; તેજસ્વી; પીળું, માંજરું; લીલું; સુવર્ણરંગી.

ગણિતગમ્મત: ગમે તે બે અંકવાળી સંખ્યા લખો. તેને પડખે તેના બમણા લખો. અને તેને પડખે એ બમણી સંખ્યાના ત્રણ ગણા કરીને લખો. એમ કરતાં જે આવે એ રકમને ૭ વડે નિઃશેષ ભાગી શકશો. દા. ત. ૧૬,૩૨, ૯૬. તેને ૭ વડે ભાગતાં શેષ નહિ વધે. પણ એમાં જો છેલ્લી રકમ બે ને બદલે ત્રણ આંકડાની થાય તો તેને આ રીતે ગોઠવવી. દા. ત. ૧૮,૩૬ અને ૧૦૮. તેને આમ ગોઠવવી:

૧૮,૩૬
  ૧૦૮
―――――
૧૮૩૭૦૮ આ સંખ્યાને ૭ વડે નિઃશેષ ભાગી શકાશે. (મૂ. જે. જોષી)

'વડોદરા સ્ટેશન આવે એટલે મને જરા કહેશો? મારે ત્યાં ઊતરવાનું છે.'

'હું જે સ્ટેશને ઊતરું તેની પહેલાંનું જ સ્ટેશન વડોદરા. ત્યાં ઊતરજો!'


૧૭૪ ('કુમાર' અંક ૬૪૧)

નવી વ્યાખ્યા: પ્રેમ સ્વપ્નભરી મીઠી નિદ્રા છે; લગ્ન એ ઍલાર્મ ઘડિયાળ છે.

वित्ते त्यागः क्षमा शक्तौ
दुःखे दैन्य–विहीनता ।
निर्दम्भता सदाचारे
स्वभावोऽयं महात्मनाम् ॥

ધન આવતાં દાનની વૃત્તિ, શક્તિમાન થતાં ક્ષમાનો ભાવ, દુઃખમાં પણ દીનતાનો અભાવ અને સદ્વર્તનમાં આડંબરનો અભાવ—આ વસ્તુઓ મહાપુરુષોમાં સહજ હોય છે.

અંકસંદર્ભે: પાંચ—પંચારતી: દીપ, કમળ, વસ્ત્ર, સોપારી, કેરી; પંચવટી: અશ્વત્થ (પીપળો) બિલ્વ, (બિલી), વટ (વડ), ધાત્રી (આમળાં), અશોક; પંચશીલ: સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, મદ્યવર્જ્ય; પંચ સ્વર્ગીય વૃક્ષ: મંદાર, પારિજાતક, સંતાન, હરિચંદન, કલ્પવૃક્ષ; પંચસુગંધ: કપુર, કંકોલ, લવિંગ, સોપારી, જાયફળ.




કોઇને ઘુવડ જેવા ડાહ્યા, મધમાખી જેવાં ઉદ્યમી, ઊંદર જેવા શાંત કે કીડી જેવા કરકસરિયા બનવાની સલાહ કે આશીર્વાદ આપવા જેવું નથી; કારણ, ઘુવડ ડાહ્યું નહિ મંદ બુદ્ધિનું હોય છે, માખીઓ ખરેખર તો થોડો સમય જ કામ કરતી હોય છે, ઊંદર નામચીન ચોર છે અને કીડીઓ આફતમાં એકાદ દિવસ ચાલે એથી વધુ ખોરાક સંઘરતી નથી.

વાળ ખરતા હોય, અથવા અકાળે સફેદ થતા હોય તો તલના તેલની સાથે કપૂરકાચલીનું ચૂર્ણ નાખી, સહેજ ગરમ કરી,—ઠંડુ પડે એટલે તે તેલ માથામાં નાખવાથી વાળ ઊતરતા અટકે છે.



ભારતના આરોગ્યપ્રચારની નૂની ટિકિટો પૈકીની એક, જે મૂળ ટિકિટ કરતાં પોણા બે ગણી મોટી કરીને બતાવી છે.

બાળકોને દાંત આવતી વખતે તાવ-નબળાઈ આવી જાય છે ત્યારે વજનું ચૂર્ણ મધ સાથે ચટાડવાથી તુરત જ લાભ થાય છે. આ અવસ્થામાં ઝાડા-ઊલટી થાય તો બાલચાતુર્ભદ્ર ચૂર્ણ તથા મધ મેળવી ચટાડવામાં આવે તો દાંત સહેલાઈથી નીકળી આવે છે.



પંખીઓનું અવનવું: તેતર સૌથી વધુ ઇંડાં મૂકે છે: કોઈકોઈ વાર તો પંદર! કોયલ કદિ પોતાનો માળો બાંધતી નથી! પૅંગ્વિન ઊભાંઊભાં જ ઇંડાં સેવે છે! સૌથી નાનાં ઇંડાં Golden Crested Wren મૂકે છે.

કલાકણિકા: શુમારે સાતસો વર્ષ પર હંગેરીના કારીગરે બનાવેલું મીણબત્તી ભેરવવાનું સાધન –શમાદાન (કૅન્ડલ-સ્ટિક). વીસેક સેન્ટીમીટર ઊંચા આ શમાદાનમાં એણે અર્ધનારી અર્ધખગની પ્રાચીન કલ્પના સાકાર કરી છે.